પાનાં : ૧૨ કિંમત રૂા.૬ તા.૩ ડિસેમ્બર ૨૦૨૪ મંગળવાર

૩૦ જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૬ ● માગશર સુદ બીજ સંવત ૨૦૮૧

અશ્લીલતાથી દૂર રહી,
સ્વચ્છતા અને સંસ્કારિતાને
અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને
વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૪.૭૧ |
| પાઉન્ડ | ૧૦૭.૪૯ |
| યુરો | ૮૯.૦૪ |
| સઉદી રિયાલ | ૨૨.૫૪ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૮,૫૩૦ |
| ચાંદી (૧ કિલો) | ૧,૦૦,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૨૪ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

### કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિમંડળને પોલીસ દ્વારા હિંસાગ્રસ્ત સંભલ જતા અટકાવવામાં આવ્યા

# કોંગ્રેસના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ : કોંગ્રેસે તેને 'લોકશાહી વિરોધી કૃત્ય' ગણાવતા નિંદા કરી

## ઉત્તરપ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અને એકમના વડા અજય રાયની આગેવાની હેઠળ કોંગ્રેસના કાર્યકરોએ સોમવારે સંભલ જવાનો પ્રયાસ કર્યો હતો, પોલીસે બેરિકેડ્સ મૂકીને તેઓને જતા રોક્યા હતા, પરિણામે અરાજકતા સર્જાઈ હતી

(એજન્સી) લખનૌ, તા.૨

કોંગ્રેસ કાર્યકર્તાઓને હિંસાગ્રસ્ત સંભલ તરફ જતા અટકાવવામાં આવ્યા હતા તે પછી તેઓએ સોમવારે લખનૌમાં પાર્ટીના કાર્યાલયની બહાર સૂત્રોચ્ચાર કર્યા હતા. પોલીસે રવિવારે રાત્રે રાજ્યની રાજધાનીમાં પાર્ટીના કાર્યાલયની બહાર અને તેના ઘણા નેતાઓના નિવાસસ્થાનોની બહાર બેરીકેડ ઊભા કર્યા હતા. કોંગ્રેસ દ્વારા સંભલની આયોજિત તથ્ય-શોધ મુલાકાત યુનિટના વડા અજય રાયની આગેવાની હઠળ હતી. ઉત્તરપ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અને એકમના વડા અજય રાયની આગેવાની હેઠળ કોંગ્રેસના કાર્યકરોએ સોમવારે સંભલ જવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે બેરિકેડ્સ મૂકીને તેઓને પર રોક્યા હતા, પરિણામે અરાજકતા સર્જાઈ હતી.

કોંગ્રેસે તેના નેતાઓને હિંસાગ્રસ્ત જિલ્લા તરફ જવાથી રોકવા માટે પોલીસના આ પગલાને 'લોકશાહી વિરોધી' કૃત્ય ગણાવ્યું છે. સંભાલમાં ૧૯ નવેમ્બરથી તણાવ વધી રહ્યો છે. ૨૪ નવેમ્બરના રોજ બીજા સર્વેક્ષણ દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. વિરોધીઓ શાહી જામા મસ્જિદ પાસે એકઠા થયા હતા અને સુરક્ષા કર્મચારીઓ સાથે અથડામણ થઈ હતી. આ હિંસામાં પાંચ લોકોનાં મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. પત્રકારો સાથે વાત કરતા કોંગ્રેસના સંભલ શહેર પ્રમુખ તૌકીર અહેમદે જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશ કોંગ્રેસનું એક પ્રતિનિધિમંડળ રાયના નેતૃત્વમાં સંભલ



પહોંચવાનું હતું અને તેઓ શોકગ્રસ્ત પરિવારોને સંવેદના પાઠવવા અને પરિસ્થિતિની સમીક્ષા કરવા અને શાંતિ માટે અપીલ કરવા જઈ રહ્યા હતા. અગાઉ જિલ્લા અધિકારીએ ૩૦ નવેમ્બર સુધી સંભલમાં પ્રવેશવા પર પ્રતિબંધ લાદ્યો હતો, તે પહેલાં અમે ૨ ડિસેમ્બરે પ્રતિનિધિમંડળની મુલાકાતની જાહેરાત કરી હતી. પરંતુ હવે પોલીસ અને વહીવટીતંત્ર દરેકને સંભલ આવતા અટકાવી રહ્યું છે. આ લોકશાહીની વિરુદ્ધનું કૃત્ય છે. તેમણે દાવો કર્યો હતો કે, ઉત્તરપ્રદેશ સરકાર અને સંભલ જિલ્લા વહીવટીતંત્ર સંભલમાં હિંસા રોકવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે. લખનૌમાં મોલ એવન્યુ વિસ્તારમાં કોંગ્રેસના કાર્યાલયની બહાર ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું હતું. રાય અને અન્ય પક્ષના નેતાઓ અને કાર્યકરો પોલીસ બેરિકેડ્સમાંથી પસાર થવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા. ઉત્તરપ્રદેશ વિધાનસભામાં કોંગ્રેસ વિધાયક દળના નેતા આરાધના મિશ્રાએ કહ્યું કે, સંભલમાં બનેલી ઘટના માત્ર સામાન્ય ઘટના નથી, તે એક મોટી ઘટના છે. અજય રાયના નેતૃત્વમાં કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ ત્યાં ફેક્ટ-ફાઈન્ડિંગ મિશન પર જવા માંગતું હતું. રવિવાર રાતથી અમારા પક્ષના નેતાઓને નજરકેદ કરવામાં આવ્યા છે. સરકાર તરફથી આ સંપૂર્ણ અરાજકતા છે. સરકાર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૧૬૩ લાદીને તેની નિષ્ફળતા છૂપાવવાનો પ્રયાસ કરી રહી છે અને અમને લખનૌથી સંભલ જવાની મંજૂરી આપવામાં આવી રહી નથી. BNSSની કલમ ૧૬૩ લખનૌમાં નહીં પણ સંભલમાં લાગુ કરવામાં આવી છે. પીટીઆઈ સાથે વાત કરતા રાયે જણાવ્યું હતું કે, અમે ૨ ડિસેમ્બરે સંભલની મુલાકાત લેવાનું નક્કી કર્યું હતું કારણ કે, ૩૦ નવેમ્બર સુધીમાં જનપ્રતિનિધિઓના પ્રવેશ પરનો સરકારી પ્રતિબંધ હટાવવાનો હતો. હવે તેઓએ અચાનક આ પ્રતિબંધ ૧૦ ડિસેમ્બર સુધી લંબાવ્યો છે. સરકાર સ્પષ્ટપણે તેની ખામીઓ છૂપાવવા માંગે છે. ઉત્તરપ્રદેશ કોંગ્રેસના પ્રમુખે અનેક પાર્ટી કાર્યકર્તાઓ સાથે કોંગ્રેસ સમિતિના કાર્યાલયમાં રાત વિતાવી હતી. રાયે કહ્યું હતું કે, જો અમને અટકાવવામાં આવશે તો અમે ગાંધીવાદી રીતે શાંતિપૂર્ણ રીતે આંદોલન કરીશું કારણ કે, અમે મહાત્મા ગાંધીના અનુયાયીઓ છીએ. સાંસદ સહિત સમાજવાદી પાર્ટી (એસપી)ના કેટલાક ધારાસભ્યોને શનિવારે હિંસાગ્રસ્ત જિલ્લામાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા કારણ કે, વહીવટીતંત્રે શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે આ વિસ્તારમાં બહારના લોકો અને જનપ્રતિનિધિઓના પ્રવેશ પરનો પ્રતિબંધ ૧૦ ડિસેમ્બર સુધી લંબાવ્યો હતો. બહારના લોકોના પ્રવેશ પરનો પ્રતિબંધ શનિવારે સમાપ્ત થવાનો હતો. કડક સુરક્ષા વચ્ચે ન્યાયિક કમિશનના સભ્યોએ રવિવારે શાહી જામા મસ્જિદ અને ૨૪ નવેમ્બરે હિંસાગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી.

CELEBRATING EXCELLENCE 34 years GT

# TMC બંગાળ વિધાનસભામાં વકફ (સુધારા) બિલ વિરુદ્ધ પ્રસ્તાવ રજૂ કરશે

(એજન્સી) તા.૨

તૃણમૂલ કોંગ્રેસે સોમવારે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વકફ (સુધારા) બિલનો વિરોધ કરતો એક પ્રસ્તાવ રજૂ કરશે. આ બિલ હાલમાં સંયુક્ત સંસદીય સમિતિ (JPC) દ્વારા વિચારણા હેઠળ છે. મુખ્યમંત્રી મમતા બેનરજીએ ચાલુ શિયાળુ સત્રના છઠ્ઠા દિવસે લાવવામાં આવનાર પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લે તેવી અપેક્ષા છે. આ સત્ર ૧૦ ડિસેમ્બર સુધી ચાલવાનું છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ પહેલેથી જ બીજેપીની વિધાનસભ્ય ટીમના સભ્યોને દરખાસ્ત વખતે ગૃહમાં હાજર રહેવા અને બિલ પરની ચર્ચામાં ભાગ લેવાની સલાહ આપી છે. તૃણમૂલ કોંગ્રેસે આ બિલના વિરોધના બે મુદ્દાની રૂપરેખા આપી દીધી



છે. પ્રથમ વાંધો સંબંધિત જિલ્લાઓમાં હાલની વકફ મિલકતોના સર્વેની કામગીરી જિલ્લા મેજિસ્ટ્રેટને સોંપવાની દરખાસ્ત સામે છે. તૃણમૂલ કોંગ્રેસને લાગે છે કે, વકફ પ્રોપર્ટીની સમીક્ષા માટે આ પ્રકારની નોકરશાહી અસ્વીકાર્ય છે. બીજો વાંધો એ સંપત્તિઓને ટેકઓવર કરવાની દરખાસ્ત છે જે મૌખિક રીતે વકફ મિલકતો તરીકે જાહેર કરવામાં આવી છે. પાર્ટીએ દાવો કર્યો હતો કે, આ કેન્દ્રમાં શાસક પક્ષની વિભાજનકારી રાજનીતિનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ છે. ગયા અઠવાડિયે ગૃહમાં મુખ્યપ્રધાને કહ્યું હતું કે, નવું બિલ દેશમાં વકફ સિસ્ટમને સંપૂર્ણપણે અસ્થિર કરવાનો ઈરાદો ધરાવે છે. આ બિલ એક ચોક્કસ ધર્મ વિરુદ્ધ છે. આ બિલ સમાનતાની મૂળ ભાવના અને કોઈપણ ધર્મ પાળવાના અધિકારની વિરુદ્ધ છે. તેથી જ અમે આ બિલનો વિરોધ કરી રહ્યા છીએ. સોમવારે તૃણમૂલ કોંગ્રેસના છ ધારાસભ્યોનો શપથ સમારોહ પણ આયજિત હશે, જેઓ ગયા મહિને પેટાચૂંટણીમાં ચૂંટાયા હતા. રાજ્યપાલ સી.વી. આનંદ બોઝ શપથ લેવડાવવા માટે પોતે વિધાનસભામાં હાજર રહેશે. વિધાનસભા પરિસરમાં આ પ્રસંગે રાજ્યપાલ અને મુખ્યમંત્રી વચ્ચે કોઈ વાતચીત થશે કે કેમ તેના પર સૌની નજર છે.

# સંસદમાં MSP પર ચર્ચાની માગણી કરતાં ખેડૂતોએ પોલીસ બેરિકેડ તોડીને દિલ્હી તરફ કૂચ કરી

## તેમની માગણીઓમાં જમીન સંપાદનથી વિસ્થાપિત થયેલા ખેડૂતોને ૧૦ ટકા વિકસિત પ્લોટની ફાળવણીનો પણ સમાવેશ થાય છે

(એજન્સી) તા.૨

સંસદના ચાલુ શિયાળુ સત્ર દરમિયાન લઘુત્તમ ટેકાના ભાવ (MSP) પર ચર્ચાની તેમની માગણી માટે નોઈડાના દલિત પ્રેરણા સ્થળ નજીક ખેડૂતોએ પોલીસ બેરિકેડ તોડીને સોમવારે રાષ્ટ્રીય રાજધાની તરફ કૂચ કરીને નિશ્ચયનું પ્રદર્શન કર્યું હતું. આ ખેડૂતો જમીન સંપાદન અને રાજ્ય સમિતિ દ્વારા સૂચિત કલ્યાણકારી પગલાના અમલીકરણથી પ્રભાવિત લોકો માટે વળતર અને કાયદાકીય સુરક્ષાની પણ માંગ કરી રહ્યા છે. ભારતીય કિસાન પરિષદ (BKP), સંયુક્ત કિસાન મોરચા (SKM) અને અન્ય ખેડૂતોના જૂથોની આગેવાની હેઠળના આ વિરોધ પ્રદર્શને ફરી એકવાર ગ્રામીણ અસંતોષને દર્શાવે છે. દિલ્હી તરફ કૂચ કરતા પહેલા ખેડૂતો આ વિરોધ સાથે ગ્રેટર નોઈડા ઓથોરિટી ઓફિસથી ઓમેગામાં યમુના એક્સપ્રેસવે ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઓથોરિટી (YEIDA) તરફ ગયા હતા. તેમની માગણીઓમાં જમીન સંપાદન દ્વારા વિસ્થાપિત થયેલા ખેડૂતોને ૧૦ ટકા વિકસિત પ્લોટની ફાળવણીની સાથે રાજ્ય દ્વારા ભલામણ કરાયેલ લાભોના સમયસર અમલીકરણનો સમાવેશ થાય છે. પોલીસે દિલ્હીની સરહદોને બેરિકેડ, એન્ટી રાઈટ સ્ક્વોડ અને ડ્રોન સર્વેલન્સ સાથે બ્લોક કરી હતી. અધિક પોલીસ કમિશનર (પૂર્વીય શ્રેણી) સાગર સિંહ કલસીએ જણાવ્યું હતું કે, લોકોને ઓછામાં ઓછી અસુવિધા થાય તે રીતે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે મજબૂત વ્યવસ્થા કરવામાં આવી છે. તેમ છતાં નોઈડાથી દિલ્હીને જોડતા મુખ્ય માર્ગો પર ટ્રાફિક વિક્ષેપ થયો હતો અને મુસાફરો માટે પોલીસ એડવાઈઝરી જારી કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે સોમવારે ખેડૂતોના વિરોધ અને તણાવ અંગે વિરોધીઓને હાઈવે બ્લોક કરવાનું ટાળવા વિનંતી કરી અને કહ્યું કે, શાંતિપૂર્ણ પ્રદર્શનો એ લોકશાહીનું અભિન્ન અંગ છે પરંતુ જનતાને અસુવિધા ન થવી જોઈએ. અદાલત પંજાબના ખેડૂત નેતા જગજીતસિંહ દલ્લેવાલ સંબંધિત અરજીની સુનાવણી કરી રહી હતી, જેઓ



પંજાબ-હરિયાણા સરહદ પર ખનૌરી ખાતે આમરણાંત ઉપવાસ પર છે અને ખેડૂતોના મુદ્દાઓ પર પગલાં લેવાની માંગ કરી રહ્યા છે. ૨૬ નવેમ્બરના રોજ પંજાબ પોલીસ દ્વારા સ્થળ પરથી હટાવવામાં આવેલા દલ્લેવાલે લુધિયાણાની હોસ્પિટલમાંથી મુક્ત થયા બાદ ફરી ભૂખ હડતાળ શરૂ કરી હતી. કોર્ટે ટિપ્પણી કરી કે ખનૌરી સરહદ પંજાબ માટે જીવનરેખા છે. અમે ખેડૂતોના વિરોધ કરવાના અધિકારનો આદર કરીએ છીએ પણ તેમણે ખાતરી કરવી જોઈએ કે જનતાને અયોગ્ય રીતે અસર ન થાય. ખેડૂતોની ચળવળને લીધે સરકારને ૨૦૨૧માં ત્રણ વિવાદાસ્પદ કૃષિ કાયદાઓ રદ કરવાની ફરજ પાડી હતી. હવે MSP, જમીન અધિકારો અને કલ્યાણને લઈને વિરોધનો આ નવો રાઉન્ડ ગ્રામીણ સમુદાયો અને મોદી સરકાર વચ્ચેના વણઉકેલાયેલા તણાવને દર્શાવે છે. સંસદનું શિયાળુ સત્ર ચાલુ હોવાથી ખેડૂતો તેમના લાંબા સમયથી પડતર પ્રશ્નોને ગંભીરતાથી લેવાની માંગની રણનીતિ તરીકે દિલ્હી કૂચ કરી રહ્યા છે. તેમની કૂચ માત્ર વિરોધ જ નથી પરંતુ તે કૃષિ સંકટની યાદ અપાવે છે.

# વિપક્ષના વિરોધ વચ્ચે સંસદના બંને ગૃહો મંગળવાર સુધી સ્થગિત કરવામાં આવ્યા

**વિપક્ષ ગૃહમાં ચર્ચા કરવા ઈચ્છે છે પણ સરકાર ચર્ચાથી દૂર ભાગી રહી છે : સંસદમાં મડાગાંઠ અંગે કોંગ્રેસનો આરોપ, વિપક્ષના સતત વિરોધ વચ્ચે સોમવારે સંસદના બંને ગૃહોને સ્થગિત કરવામાં આવ્યા હતા ● વિપક્ષના સભ્યો સંસદમાં સૂત્રોચ્ચાર કરીને અદાણી વિવાદ, સંભલ હિંસા અને મણિપુરની સ્થિતિ પર ચર્ચા કરવા દબાણ કરી રહ્યા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

સંસદના શિયાળુ સત્ર ૨૦૨૪ના પાંચમા કાર્યકારી દિવસે અદાણી મુદ્દા, મણિપુર અને સંભલમાં હિંસા પર ચર્ચા કરવા માટે વિરોધ પક્ષો દ્વારા બંને ગૃહોમાં વિરોધ અને સૂત્રોચ્ચાર વચ્ચે લોકસભા અને રાજયસભા સોમવારે સ્થગિત કરવામાં આવી હતી. સવારે ૧૧ વાગ્યે સત્ર શરૂ થયા બાદ અને એકવાર સ્થગિત કર્યા બાદ બપોરે ૧૨ વાગ્યે પુનઃશરૂ થયા બાદ બંને ગૃહો સમગ્ર દિવસ માટે સ્થગિત કરવામાં આવ્યા હતા. રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે નિયમ ૨૬૭ હેઠળ મળેલી ૨૦ નોટિસોને નકારી કાઢી હતી. અધ્યક્ષે મર્ફીના કાયદાનો ઉલ્લેખ કર્યો હતો, જે જણાવે છે કે, જે કંઈપણ ખોટું થઈ શકે છે તે ખોટું થશે. એવું લાગે છે કે આ ગૃહની યોગ્ય કામગીરીને અવરોધવા માટે કાયદાને વાસ્તવિક બનાવવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ છે. અદાણી મુદ્દે વિરોધ પક્ષોના વિરોધ અને મણિપુર અને સંભલમાં હિંસા વચ્ચે શિયાળુ સત્રની શરૂઆતથી જ સંસદની કાર્યવાહી અટકી રહી છે. છેલ્લા કેટલાક દિવસોમાં સંસદની વહેલી સ્થગિત થવા પર, કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ કહ્યું કે તેઓ સ્પીકરને મળ્યા છે અને તેમની એક જ માંગ છે કે તેઓ ગૃહને સરળતાથી ચલાવવા માટે પગલાં લે. અમે ઈચ્છીએ છીએ કે સ્પીકર ગૃહની કામગીરી ચલાવે.


ગૃહની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં ઈન્ડિયા જોડાણના ફ્લોર લીડર્સની બેઠકમાં જેએમએમના નેતા મહુઆમાજીએ જણાવ્યું હતું કે મણિપુર મુદ્દો અને અદાણી જેવા ઘણા મુદ્દાઓ છે, જે ખૂબ જ મહત્વપૂર્ણ છે. મણીપુરના મુદ્દા જેવા અનેક મુદ્દા છે, અદાણીનો મુદ્દો ખૂબ જ મહત્વપૂર્ણ છે, તેના પર ચર્ચા થવી જોઈએ, એવું લાગે છે કે સત્તામાં રહેલી પાર્ટી ઈચ્છે છે કે ગૃહો સ્થગિત કરવામાં આવે.

વિપક્ષી સભ્યો સંસદમાં સૂત્રોચ્ચાર કરીને અદાણી મુદ્દા, સંભલ હિંસા અને મણિપુરની સ્થિતિ પર ફ્લોર પર ચર્ચા કરવા સતત દબાણ કરી રહ્યા છે.

કોંગ્રેસે સોમવારે ટ્રેઝરી બેન્ચો પર અદાણી આરોપ અને સંભલ હિંસા જેવા મુદ્દાઓ પર સંસદમાં ચર્ચામાંથી છટકી જવાનો આરોપ મૂક્યો અને કહ્યું કે સરકાર સંસદનું કામકાજ કરવા માંગતી નથી.

યુએસ કોર્ટમાં ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પર લાંચના આરોપો અને સંભલ હિંસા પર ચર્ચાની માગણી કરવામાં આવી હતી. કોંગ્રેસના મહાસચિવ પ્રભારી, સંચાર, જયરામ રમેશે કહ્યું કે, આજે પણ બંને ગૃહો સ્થગિત કરવામાં આવ્યા હતા. ઈન્ડિયા પક્ષોએ અદાણી, મણિપુર, સંભલ અને અજમેર પર તાત્કાલિક ચર્ચા માટે નોટિસ આપી હતી. આ પક્ષોએ ક્યારેય આંદોલન કર્યું નથી. ભાગ્યે જ કોઈ સૂત્રોચ્ચાર થયા હતા. પરંતુ મોદી સરકાર સંસદ ચાલે એવું ઈચ્છતી નથી. આ સ્થિતિ ખરેખર અસાધારણ છે. વિપક્ષ ચર્ચા કરવા માંગે છે પરંતુ સરકાર તેનાથી ભાગી રહી છે," રમેશે કહ્યું. વિરોધ પક્ષો ભારતના બંધારણની ૭૫મી વર્ષગાંઠના અવસરે બંધારણ પર બે દિવસીય ચર્ચા ઈચ્છે છે. રમેશે કહ્યું કે મોદી સરકારે હજુ સુધી આ ચર્ચાની તારીખો જાહેર કરવાની બાકી છે.

શિયાળુ સંસદનું પ્રથમ સત્ર ૨૫ નવેમ્બરના રોજ શરૂ થયું હતું, જેમાં વિક્ષેપને કારણે બંને ગૃહો વહેલા સ્થગિત થઈ ગયા હતા. શિયાળુ સત્ર ૨૦ ડિસેમ્બર સુધી ચાલશે.




# આપણે ક્યાં સુધી દરેક મસ્જિદની નીચે મંદિરો શોધતા રહીશું ? : પ્રિયંકા ચતુર્વેદી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

શિવસેના (યુબીટી)ના નેતા અને રાજ્યસભાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ સોમવારે મંદિર-મસ્જિદના મુદ્દાઓનું રાજકારણ કરીને દેશભરમાં સાંપ્રદાયિક ધ્રુવીકરણના વધતા જતા વલણની સખત નિંદા કરી અને પૂછ્યું કે શું લોકો દરેક મસ્જિદની નીચે મંદિરો શોધતા રહેશે.

પૂજા સ્થાનો સાથે સંકળાયેલા તાજેતરના વિવાદોનો ઉલ્લેખ કરતા શિવસેના (UBT) નેતાએ તેના જોખમો દર્શાવ્યા અને વધુ અશાંતિને રોકવા માટે તાત્કાલિક હસ્તક્ષેપની હાકલ કરી હતી. તેણીએ ટિપ્પણી કરી કે શું આપણે દરેક મસ્જિદની નીચે મંદિરો શોધતા રહીશું અને આ દેશમાં અરાજકતા સર્જીશું ? આ રાષ્ટ્રને વધુ ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ છે. આવી ક્રિયાઓનો તાત્કાલિક અંત લાવવો મહત્ત્વપૂર્ણ છે. તેણીએ આરએસએસના વડા મોહન ભાગવતના અગાઉના નિવેદનનો સંદર્ભ આપ્યો અને લોકોને મસ્જિદોની નીચે મંદિરો શોધવાનું બંધ કરવા વિનંતી કરી અને રામ મંદિરના ચુકાદા પછી સર્વોચ્ચ અદાલતના નિર્દેશની યાદ અપાવી હતી. ચતુર્વેદીએ વિવિધ જિલ્લા અદાલતોમાં પૂજા સ્થળના કાયદાના વધી રહેલા દુરૂપયોગ અંગે ચિંતા




વ્યક્ત કરી હતી, જેના કારણે હિંસા અને જાનહાનિ થાય છે. સંભલમાં તાજેતરની હિંસાનું ઉદાહરણ આપતા તેણે ચેતવણી આપી હતી કે, આવા વિવાદો અજમેર, નિઝામુદ્દીન અને હાજી અલી જેવા સ્થળોએ ફેલાઈ શકે છે. રાજસ્થાનમાં અજમેર શરીફ દરગાહને લગતા સમાન મુદ્દાઓ ઊભા થતાં કોમી તણાવને વધારી શકે છે. તેણીએ તાજેતરની અશાંતિ દરમિયાન સંભલમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહેવા બદલ ઉત્તરપ્રદેશ સરકારની પણ ટીકા કરી હતી. હિંસા અટકાવવા અને શાંતિ માટે શાસક પક્ષની જવાબદારી પર ભાર મૂકતા તેણીએ ટિપ્પણી કરી કે સંભલમાં જાન અને સંપત્તિનું નુકસાન સ્પષ્ટપણે યુપી સરકારની નિષ્ફળતા દર્શાવે છે. કાં તો તેઓ પરિસ્થિતિને નિયંત્રિત કરવામાં અસમર્થ હતા અથવા તેઓએ રાજકીય લાભ માટે તેને મંજૂરી આપી હતી. તેણીએ સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ અને કોંગ્રેસના સભ્યો જેવા વિપક્ષી નેતાઓને અસરગ્રસ્ત સમુદાયો સાથે વાતચીત કરવા અને શાંતિને પ્રોત્સાહન આપવા માટે સંભલની મુલાકાત લેવાથી અટકાવવામાં આવ્યા તેને 'દુર્ભાગ્યપૂર્ણ' ગણાવ્યું હતું. મહારાષ્ટ્રના રાજકારણ પર, તેણીએ ભાજપ-શિવસેના ગઠબંધનની ટીકા કરી, તેને અસ્થિર ગણાવી હતી. તેણીએ કાર્યકારી મુખ્યમંત્રી એકનાથ શિંદેની તાજેતરની મુખ્ય બેઠકોમાં ગેરહાજરી અને નવી સરકારની જાહેરાત કરવામાં ચાલી રહેલા વિલંબ તરફ ધ્યાન દોરતા કહ્યું કે, જો બધુ બરાબર છે તો દિલ્હીમાં બીજેપી નેતાઓને મળ્યા બાદ શિંદે પોતાના ગામ કેમ પાછા ફર્યા ? આ અનિશ્ચિતતા મહારાષ્ટ્રના હિતોની વિરુદ્ધ છે. તેણીએ ઝડપી નિરાકરણ માટે વિનંતી કરતા કહ્યું કે, પાંચ ડિસેમ્બરે શપથ ગ્રહણની અફવાઓ હોવા છતાં રાજ્યપાલના કાર્યાલય અથવા કોઈપણ ગઠબંધન પક્ષો દ્વારા કોઈ ઔપચારિક સૂચના જારી કરવામાં આવી નથી.

## મહારાષ્ટ્ર સીએમ પસંદગી પ્રક્રિયા : કેન્દ્રીય નિરીક્ષકો તરીકે નિર્મલા સીતારમણ અને રૂપાણી

મુંબઈ : તા.૪થી ડિસેમ્બરે મહારાષ્ટ્ર ભાજપ વિધાનસભા પક્ષની બેઠકમાં થનારી નેતા અને સીએમની પસંદગીની પ્રક્રિયામાં કેન્દ્રના નિરીક્ષકો તરીકે નાણામંત્રી નિર્મલા સીતારમણ અને પંજાબના ઈન્ચાર્જ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની નિમણૂક કરવામાં આવી છે. નિરીક્ષકો નક્કી થતાં જ હવે સીએમ પસંદગી પ્રક્રિયા ગતિશીલ બની છે.

## ભાજપ અને કોંગ્રેસે લોકસભા ચૂંટણીની ટિકિટ ન આપતાં UPSCના કોચ અને શિક્ષણશાસ્ત્રી અવધ ઓઝા જેમણે યોગી અને રાહુલની પ્રશંસા કરી હતી, તેઓ હવે આમ આદમી પાર્ટીમાં જોડાયા

નવી દિલ્હી : જાણીતા શિક્ષણવિદ તેમજ મોટીવેશન સ્પીકર અવધ ઓઝા આજે આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ અને મનિષ સિસોદિયાની હાજરીમાં 'આપ'માં જોડાઈ ગયા હતા. રાજનીતિમાં જોડાઈને શિક્ષણના વિકાસનું કામ કરવાની તક આપવા બદલ તેમણે કેજરીવાલનો આભાર માન્યો હતો.

## થાઈલેન્ડના ટાપુ પર રાક્ષસી દરિયાઈ મોજામાં તણાઈ ગઈ ૨૪ વર્ષીય રશિયન અભિનેત્રી, મૃત્યુની આખરે ડૂબતાં પહેલાનો તેનો વીડિયો વાયરલ

થાઈલેન્ડના કોહ સામુઈ ટાપુ ફરવા આવેલી ૨૪ વર્ષની રશિયન અભિનેત્રી કેમિલા બેલ્યાત્સ્કાયા દરિયાના રાક્ષસી મોજાની થપાટથી તણાઈ ગઈ હતી. કેમિલા ટાપુ પર કાંઠે બેસી યોગા કરી રહી હતી. તેનો મૃત્યુના છેલ્લી ક્ષણોનો વીડિયો વાયરલ થયો હતો.

## અમે જામીન આપીશું અને તમે આગામી દિવસે મંત્રી બની જશો : સેન્થિલ બાલાજી કેસમાં સુપ્રીમ કોર્ટ

કેશ ફોર જોબ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં જામીનનો આદેશ પાછો ખેંચવાની સેંથિલ બાલાજીની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે સેંથિલ બાલાજીને જામીન મળ્યા પછી તરત જ તમિલનાડુમાં મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, જોકે સુપ્રીમ કોર્ટે જામીનનો આદેશ પાછો ખેંચવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ બાલાજી મંત્રી બનવાથી સાક્ષીઓ સાથે સમાધાન થશે કે કેમ તે મુદ્દે કોર્ટ સુનાવણી કરશે ? સુપ્રીમ કોર્ટ આ કેસની સુનાવણી ૧૩ ડિસેમ્બરે કરશે. જસ્ટિસ અભય એસ ઓક અને જસ્ટિસ ઑગસ્ટિન જ્યોર્જ મસિહની બેંચ બાલાજીને જામીન આપવાના નિર્ણયને પાછો ખેંચવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરી રહી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે બાલાજીને મુક્ત કર્યા બાદ મંત્રી બનાવવામાં આવ્યા હોવાથી સાક્ષીઓ પર દબાણ હશે.

## ભારતે સબમરીન INS અરિઘાટથી ૩,૫૦૦ કિ.મી. રેન્જની પરમાણુ સક્ષમ બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું

ભારતીય નૌકાદળે બુધવારના રોજ નવી સામેલ કરાયેલી પરમાણુ સબમરીન INS અરિઘાટમાંથી ૩,૫૦૦ કિમીની K-૪ બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, પરીક્ષણ પરિણામોનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે, ત્યારબાદ સંબંધિત અધિકારીઓ ટોચના સૈન્ય અને રાજકીય નેતૃત્વને માહિતી આપશે. દેશની સેકન્ડ-સ્ટ્રાઈક ક્ષમતાને માન્ય કરવા માટે આ પરીક્ષણ મહત્ત્વપૂર્ણ છે. ભારતીય નૌસેનાએ ઓગસ્ટમાં વિશાખાપટ્ટનમ સ્થિત શિપ બિલ્ડીંગ સેન્ટરમાં સબમરીનને સામેલ કરી હતી. સૂત્રોએ જણાવ્યું કે, મિસાઈલના સંપૂર્ણ રેન્જના પરીક્ષણ પહેલા, ડીઆરડીઓએ પાણીની અંદરના પ્લેટફોર્મ પરથી છોડવા માટે મિસાઈલના પ્રક્ષેપણના વ્યાપક ટ્રાયલ હાથ ધર્યા હતા. ભારતીય નૌકાદળ હવે મિસાઈલ સિસ્ટમના વધુ પરીક્ષણો કરવાની યોજના બનાવી રહી છે. નૌકાદળ પાસે બે પરમાણુ સબમરીન છે જેમાં બેલેસ્ટિક મિસાઈલ ફાયર કરવાની ક્ષમતા છે, જેમાં INS અરિહંત અને અરિઘાટનો સમાવેશ થાય છે. ત્રીજી બોટ પણ લોન્ચ કરવામાં આવી છે અને તે આવતા વર્ષે સામેલ થવાની ધારણા છે.

## કાશ્મીરમાં તાપમાન શૂન્યથી નીચે; શોપિયાંમાં ૫.૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું

જેમ જેમ પાનખર શિયાળામાં ફેરવાઈ રહ્યું છે તેમ, કાશ્મીર ઠંડું અનુભવી રહ્યું છે, તાપમાન શૂન્યથી નીચે જઈ રહ્યું છે. ગઈકાલે રાત્રે, શોપિયાંના દક્ષિણ જિલ્લામાં -૫.૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જે તેને ખીણમાં સૌથી ઠંડું સ્થાન બનાવે છે. ઉનાળાની રાજધાની શ્રીનગરમાં પણ સીઝનની સૌથી ઠંડી રાત -૨.૧C હતી. લોકપ્રિય પર્યટન સ્થળો પણ ઠંડીની લપેટમાં છે. મનોહર પહેલગામમાં -૫.૦ C નોંધાયું હતું, અને ગુલમર્ગ, જે સ્કીઈંગ માટે જાણીતું હતું, તાપમાન -૨.૫ C સુધી ઘટ્યું હતું. ૨૧ ડિસેમ્બરથી શરૂ થતું ૪૦ દિવસનો કઠોર શિયાળો ચિલ્લાઈ કલાન પહેલા આ ઠંડું હવામાન આવી ગયું છે, જે ખૂબ જ ઠંડા તાપમાન, ભારે હિમવર્ષા અને દાલ સરોવરના ભાગો સહિત સ્થિર જળાશયો દ્વારા ચિહ્નિત થયેલ છે. હવામાન વિભાગ આગાહી કરે છે કે પશ્ચિમી વિક્ષેપ શુક્રવાર સાંજથી શરૂ થશે, સંભવિતપણે આગામી દિવસોમાં હળવો વરસાદ અને હિમવર્ષા લાવશે. જ્યારે આ તેને ઠંડું બનાવી શકે છે, તે પાણીના પુરવઠાને રિફિલિંગ કરવા માટે મહત્વપૂર્ણ છે, ખાસ કરીને કારણ કે આ સિઝનમાં હજુ સુધી વધુ હિમવર્ષા થઈ નથી. સ્થાનિક લોકો ગરમ રહેવા માટે પરંપરાગત ગરમી પદ્ધતિઓનો ઉપયોગ કરી રહ્યા છે જેમ કે કાંગરી (નાના પોર્ટેબલ ફાયર પોટ્સ) અને ફેરાન્સ (ઊની કપડાં) વગેરે. ઠંડી હોવા છતાં, શિયાળાની મોસમ કાશ્મીરના લોકોની શક્તિ અને અનુકૂલન ક્ષમતા દર્શાવે છે. પ્રવાસીઓ ખીણની મુલાકાત લેવાનું શરૂ કરી રહ્યા છે, તેની બરફથી ઢંકાયેલી સુંદરતા અને ગુલમર્ગ અને સોનમર્ગ જેવા સ્થળોએ શિયાળાની રમતોનો આનંદ માણવાની તકથી આકર્ષાય છે.

## યુપીમાં પાન થૂંકવા માટે ચાલતી બસનો દરવાજો ખોલતાં એક વ્યક્તિનું મોત

પૂર્વાંચલ એક્સપ્રેસવે પર પાન થૂંકવા માટે કથિત રીતે ઉત્તર પ્રદેશ રોડવેઝની બસનો દરવાજો ખોલતા શનિવારે એક ૪૫ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું હતું. સમાચાર એજન્સી પીટીઆઈએ અહેવાલ આપ્યો છે કે,આ ઘટના સવારે ૧૦:૩૦ વાગ્યે એક્સપ્રેસ વેના ૯૩ કિલોમીટરના માઈલસ્ટોન નજીક બની હતી, જ્યારે બસ આઝમગઢથી લખનૌ જઈ રહી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, લખનૌના ચિનહાટના રામ જિયાવાન તરીકે ઓળખાતા પીડિત વ્યક્તિએ બલદીરાઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બિહી ગામ પાસે બસનો દરવાજો ખોલ્યા બાદ પોતાનું સંતુલન ગુમાવ્યું હતું. બસ ગતિમાં હતી ત્યારે જિયાવાન રોડ પર પડી ગયો હતો, જેના કારણે તેને જીવલેણ ઈજાઓ થઈ હતી. એક પોલીસ અધિકારીએ પુષ્ટિ કરી કે, મુસાફરે પાન થૂંકવા માટે દરવાજો ખોલ્યો અને તેનું સંતુલન ગુમાવ્યું. બસ ડ્રાઈવરે તરત જ વાહનને રોકી દીધું અને ઉત્તર પ્રદેશ એક્સપ્રેસવેઝ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઓથોરિટી (UPEIDA)ના અધિકારીઓને પોલીસની સાથે જાણ કરવામાં આવી. બાલદીરાઈ સ્ટેશન હાઉસ ઓફિસર (એસએચઓ) ધીરજ કુમારે જણાવ્યું હતું કે, યુપીઈઆઈડીએના કર્મચારીઓએ જિયાવાનને નજીકના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં લઈ ગયા હતા, પરંતુ પહોંચતા જ ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. અકસ્માત સમયે જિયાવાનની પત્ની સાવિત્રી પણ બસમાં સવાર હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે અને વધુ તપાસ માટે બસને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી છે.

## લાઓસના હાથીઓને બચાવવા વિજ્ઞાનીઓ હાથીના ગોબર પરથી ડીએનએ ટેસ્ટ કરશે

ઉત્તરીય લાઓસના એક જંગલમાં એશિયન હાથીઓની વસ્તીમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે, જેના કારણે વિજ્ઞાનીઓ ચિંતિત દેખાઈ રહ્યા છે અને તેમને બચાવવા માટે વિવિધ પદ્ધતિઓ અજમાવી રહ્યા છે. લાઓસમાં એશિયન હાથીની વસ્તીમાં વસવાટની ખોટ, લોગિંગ, શિકાર અને સંવર્ધનની મર્યાદિત તકોને કારણે મોટો ઘટાડો થયો છે. એટલા માટે જ હવે આનુવંશિક વિવિધતા જાળવવા અને પ્રજાતિઓના સંરક્ષણ માટે અસરકારક સંવર્ધન વ્યૂહરચના વિકસાવવાના ઉદ્દેશ્ય સાથે વૈજ્ઞાનિકો હાથીના ગોબરના DNA ટેસ્ટ કરી રહ્યા છે. જેથી પાલતુ અને જંગલી બંને વસ્તીને ટ્રેક કરવામાં આવી શકે. WWF-લાઓસ અનુસાર, લાઓસ, જેને ઐતિહાસિક રીતે 'લેન ઝેંગ' અથવા 'લૅન્ડ ઑફ અ મિલિયન એલિફન્ટ્સ' તરીકે ઓળખવામાં આવે છે, ત્યાં હવે માત્ર ૫૦૦થી ૧,૦૦૦ હાથી છે, જે ૨૦ વર્ષ પહેલાંની વસ્તીનો માત્ર એક તૃતીયાંશ રહી ગયા છે.

## જો અજિત પવાર સાથી ન હોત તો ૯૦થી ૧૦૦ બેઠકો જીતી શક્યા હોત : એકનાથ શિંદે જૂથના ધારાસભ્ય

શિવસેનાના ધારાસભ્ય ગુલાબરાવ પાટીલે રવિવારના રોજ કહ્યું હતું કે, જો અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી મહાયુતિનો ભાગ ન હોત તો એકનાથ શિંદેની આગેવાની હેઠળની પાર્ટીએ ૨૦ નવેમ્બરની વિધાનસભા ચૂંટણીમાં ૯૦થી ૧૦૦ બેઠકો જીતી હોત. મહાયુતિમાં ભાજપ, શિવસેના અને એનસીપીનો સમાવેશ થાય છે. પવાર ગયા વર્ષે જુલાઈમાં શિંદે સરકારમાં જોડાયા હતા અને તેમને ડેપ્યુટી સીએમ બનાવવામાં આવ્યા હતા. પાટિલે એક પ્રાદેશિક ન્યૂઝ ચેનલને જણાવ્યું હતું,અમે માત્ર ૮૫ બેઠકો પર ચૂંટણી લડી હતી. અજીત પવાર વિના, અમે ૯૦-૧૦૦ બેઠકો જીતી શક્યા હોત. શિંદેએ ક્યારેય પૂછ્યું ન હતું કે, અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીને તેમની સરકારમાં શા માટે સામેલ કરવામાં આવી હતી. વિધાનસભા ચૂંટણીમાં, જેના પરિણામો ૨૩ નવેમ્બરના રોજ જાહેર કરવામાં આવ્યા હતા, મહાયુતિએ રાજ્યની ૨૮૮ બેઠકોમાંથી ૨૩૦ બેઠકો મેળવીને વિજય મેળવ્યો હતો. ભાજપ ૧૩૨ સીટો સાથે આગળ છે, ત્યારબાદ શિંદેની સેનાને ૫૭ અને એનસીપીને ૪૧ સીટો મળી છે. સરકારની રચના અંગે બોલતા પાટીલે કહ્યું કે,જેમણે જલગાંવ ગ્રામીણમાંથી તાજેતરની ચૂંટણીમાં ૫૯,૦૦૦ થી વધુ મતોના માર્જિનથી જીત મેળવી હતી, રખેવાળ મુખ્યમંત્રી શિંદે નારાજ નથી.અમારા નેતા મોટા દિલના છે. તેમણે અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી છે. તેઓ એક લડવૈયા છે જે નિરાશ થઈ શકતા નથી. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીના નામ પર ભાજપ નિર્ણય લેશે અને સહયોગી પક્ષોના નિર્ણયને શિંદેનું સમર્થન હશે.

## પૂજાના સ્થળોનો કાયદો અક્ષરશઃ અને તેની ભાવના સાથે લાગુ થવો જોઈએ : કોંગ્રેસ

### જયરામ રમેશે કહ્યું કે, પૂર્વ CJI દ્વારા કરવામાં આવેલા મૌખિક અવલોકનો પછી આવા કિસ્સાઓ વધી રહ્યા હોય તેવું લાગે છે

(એજન્સી) તા.૨

કોંગ્રેસે જણાવ્યું હતું કે, પૂજાના સ્થળો અધિનિયમ ૧૯૯૧ અક્ષરશ અને ભાવના સાથે લાગુ થવો જોઈએ અને તેમણે કહ્યું કે, પૂર્વ CJI દ્વારા કરવામાં આવેલા મૌખિક અવલોકનો પછી આવા કિસ્સાઓ વધી રહ્યા હોય તેવું લાગે છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે, સંભલની એક મસ્જિદ અને અજમેરમાં સૂફી સંત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ પરના દાવા જેવા વિવિધ વિવાદ તાજેતરમાં સામે આવ્યા છે તે દુર્ભાગ્યપૂર્ણ છે. કોંગ્રેસ પક્ષે શુક્રવારે તેની CWCની બેઠકમાં પૂજા સ્થળ અધિનિયમ ૧૯૯૧ પ્રત્યેની તેની મજબૂત પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે, પરંતુ તેના માટે સંસદે પણ કામ કરવાનું છે અને સૌથી અગત્યનું, સંસદે તે જ કરવું જોઈએ. રમેશે પીટીઆઈ વીડિયોને કહ્યું કે, સરકારની જવાબદારી સંસદનું કામકાજ કરાવવાની છે. તે સરકારની પ્રાથમિક જવાબદારી છે. વિપક્ષની પોતાની વાત હોવી જોઈએ પણ સરકાર પાસે તેનો રસ્તો હોવો જોઈએ. પરંતુ અહીં સરકાર પોતાનો રસ્તો ભટકી ગઈ છે અને સંસદ ચાલે તેવું ઈચ્છતી નથી. સંભલની એક મસ્જિદ અને અજમેરમાં સૂફી સંત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ પરના દાવા અંગેના વિવાદ વિશે પૂછવામાં આવતા રમેશે કહ્યું કે, આ દુર્ભાગ્યપૂર્ણ છે. પૂર્વ CJI (ડી.વાય. ચંદ્રચૂડ) દ્વારા ૨૦ મે, ૨૦૨૨ના રોજ કરવામાં આવેલા મૌખિક અવલોકનો પછી આવા કિસ્સાઓ વધી ગયા હોય તેવું લાગે છે. પૂજાના સ્થળો અધિનિયમ ૧૯૯૧ સંસદના બંને ગૃહો દ્વારા પસાર થયો અને તે અમલમાં મૂકવો જોઈએ. જેનું બીજેપી દ્વારા ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. ઉત્તરપ્રદેશના સંભલમાં મુઘલ-યુગની શાહી જામા મસ્જિદના કોર્ટ દ્વારા આદેશિત સર્વેક્ષણ સામે હિંસક વિરોધના દિવસો બાદ આ ઠરાવ કરવામાં આવ્યો હતો. અજમેરમાં સૂફી સંત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહની દરરોજ હજારો લોકો મુલાકાત લેતા હોય છે, એક સ્થાનિક અદાલતે દરગાહ સમિતિ, લઘુમતી બાબતોના મંત્રાલય અને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણને એક અરજી પર નોટિસ પાઠવી છે. પૂજાના સ્થળ (વિશેષ જોગવાઈઓ) અધિનિયમ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ અસ્તિત્વમાં હોય તેવા ધાર્મિક સ્થળોના પાત્રમાં ફેરફારને પ્રતિબંધિત કરે છે. ૨૦ મે, ૨૦૨૨ના રોજ સર્વોચ્ચ અદાલતે વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ સાથે સંકળાયેલા વિવાદની સુનાવણી કરતી વખતે મૌખિક અવલોકનો કર્યા હતા અને કહ્યું કે, પૂજા સ્થળના ધાર્મિક પાત્રની ખાતરી કરવા પર પૂજાના સ્થળો (વિશેષ જોગવાઈઓ) કાયદા હેઠળ પ્રતિબંધિત નથી.

## ન્યુયોર્કમાં ગેરેજ સળગાવી નાંખી પૂર્વ બોયફ્રેન્ડની હત્યા બદલ અભિનેત્રી નરગિસ ફખરીની બહેન આલિયાની ધરપકડ

ન્યુયોર્કના પરા વિસ્તારમાં એક ગેરેજ સળગાવી નાખી પોતાના પૂર્વ બોયફ્રેન્ડ એડવર્ડ જેકબ અને તેની નવી સ્ત્રી મિત્ર એનાસ્તાસિયા સ્ટાર ઈટીએનની હત્યા કરી નાખવાના આરોપસર અભિનેત્રી નરગિસ ફખરીની બહેન આલિયા ફખરીની ન્યુયોર્ક પોલીસે ધરપકડ કરી હતી. ઈર્ષ્યાની આગમાં સળગતી આલિયાએ આ ડબલ મર્ડર કરી નાખ્યું હતું. જો કે તેની માતાએ બચાવ કરી કહ્યું કે મારી દીકરી અફિણની બંધાણી છે એટલે તેનાથી આ કૃત્ય થઈ ગયું.

## નશામાં ધૂત નાઈજીરિયાના શખ્સે ઢોરમાર મારીને પત્નીની હત્યા કરી, દિલ્હીની ઘટના : રોષે ભરાયેલા ટોળાએ સખ્ત મારમારીને પોલીસને સોંપી દીધો

નવી દિલ્હીના ચંદ્રવિહાર વિસ્તારમાં નાઈજીરિયાના એક શખ્સે પોતાના ઘરમાં ઢોરમાર મારીને પત્નીની હત્યા કરી નાખી હતી. ઘટના બાદ તેના ઘર પાસે મોટું ટોળું એકઠું થયું હતું અને લોકોએ તેને બેફામ માર માર્યો હતો. એ પછી આરોપીનો કબજો પોલીસને સોંપી દીધો હતો. પોલીસમાં ખુલ્યું કે આ મહિલા ડ્રગ્સના ધંધામાં હતી.

## તામિલનાડુમાં જે સ્થળે એક પરિવારના ૭ લોકો ફસાયા છે ત્યાં મંદિર પાસે ફરીવાર ભૂસ્ખલન થયું

તામિલનાડુ છેલ્લા કેટલાક દિવસોથી અતિભારે વરસાદને કારણે જળબંબાકાર થઈ ગયું છે. ભારે વરસાદથી મંદિરના શહેર તિરૂવાન્નામલાઈમાં ભારે શિલાઓ ગબળીને એક મકાન પર પડતાં એક વ્યકિતનું મોત થયું હતું અને સાત લોકો હજુ ફસાયેલા છે એમનું રેસ્કયુ ચાલી રહ્યું હતું ત્યાં મંદિર પાસે ફરી વખત ભૂસ્ખલન થતા પરિસ્થિતિ ગંભીર બની છે.

## પ્રથમ પોસ્ટિંગ પર જઈ રહેલા કર્ણાટકના ૨૬ વર્ષીય આઈપીએસ અધિકારીનું અકસ્માતમાં મૃત્યુ

કર્ણાટકમાં તાલીમ પૂરી કર્યા બાદ તેમનું પહેલું જ પોસ્ટિંગ સંભાળવા જઈ રહેલા ૨૬ વર્ષીય આઈપીએસ અધિકારી હર્ષવર્ધનનું કાર અકસ્માતમાં કરૂણ મૃત્યુ થયું હતું. હસન તાલુકામાં એમની પોલીસ કારનું ટાયર ફાટતાં ડ્રાઈવરે કાબૂ ગુમાવી દીધો અને કાર વૃક્ષ સાથે અથડાઈ પડી હતી. ડ્રાઈવર બચી ગયો પણ અધિકારીને માથામાં ગંભીર ઈજાથી સારવાર દરમ્યાન મોત થયું હતું.

## મધ્યપ્રદેશમાં પ્રસૂતિ સમયે જમીન પર પટકાઈ પડતાં નવજાત શિશુનું મોત, હોસ્પિટલને દોષિત ગણાવતો પરિવાર

મધ્યપ્રદેશમાં સિધી જિલ્લામાં સિધી શહેરની સરકારી હોસ્પિટલમાં મહિલાની પ્રસૂતિ સમયે જ જમીન પર પટકાઈ પડતા નવજાત શિશુનું મૃત્યુ થયું હતું. પરિવારજનો ત્યારે રોષે ભરાયા હતા. તેમણે હોસ્પિટલ તંત્રને દોષિત ઠરાવ્યું હતું. બનાવની તપાસ ચાલી રહી છે.

## આ વર્ષે હોલી-ડે સિઝનમાં વિમાન ભાડા અને ફૂડ ડિલિવરી વધુ મોંઘા થવાનો ડર

વિમાનના બળતણ અને રાંધણ ગેસના ભાવ વધારાને લીધે આ વખતે હોલી-ડે સીઝનમાં વિમાનના ભાડા અને ફુડ ડિલિવરી વધુ મોંઘા થવાની શકયતા છે. ફરવા નીકળતા પ્રવાસીઓ અને રેસ્ટોરામાં જનારાને ખિસ્સા વધુ ખાલી કરવા પડશે.

## વારાણસી રેલવે સ્ટેશન પર ભીષણ આગ ફાટી નીકળતા ૨૦૦ વાહનોને નુકસાન

શનિવારના દિવસે વહેલી સવારે ઉત્તરપ્રદેશના વારાણસીના કેન્ટ રેલવે સ્ટેશનના વાહન પાર્કિંગ વિસ્તારમાં ભીષણ આગ ફાટી નીકળતા ઓછામાં ઓછા ૨૦૦ ટુ-વ્હીલર બળી ગયા હતા. ફાયર બ્રિગેડ અને પોલીસ વિભાગના અધિકારીઓ આગ ઓલવવામાં રોકાયેલા હોવાથી પાર્કિંગ એરિયામાં વિઝ્યુઅલમાં એક વિશાળ આગ દેખાય છે. એક વીડિયોમાં પોલીસ અધિકારીઓની એક ટીમ ઘટનાસ્થળે પાણીની નળી લાવીને આગ પર પાણીનો છંટકાવ કરતી જોઈ શકાય છે. આગને કારણે પ્રચંડ ધુમાડો અને ધુમ્મસ પણ જોઈ શકાય છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સરકારી રેલવે પોલીસ (GRP), રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) અને સ્થાનિક પોલીસની ટીમો સાથે આગ ઓલવવા માટે લગભગ ૧૨ ફાયર બ્રિગેડના વાહનો સ્થળ પર પહોંચ્યા હતા. સીઓ જીઆરપી કુંવર બહાદુર સિંહે જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસ મુજબ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હતી. અમે વધુ તપાસ કરી રહ્યા છીએ. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઘટનામાં બળી ગયેલા મોટાભાગના ટુ-વ્હીલર રેલવે કર્મચારીઓના છે. રેલવે કર્મચારીએ કહ્યું, મેં લગભગ ૧૨ વાગ્યાની આસપાસ મારી બાઈક પાર્ક કરી હતી. વાહન પાર્કિંગની નજીકના એક વ્યક્તિએ મને કહ્યું હતું કે, રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ એક શોર્ટ સર્કિટ થઈ ગઈ હતી અને તેને ઠીક કરવામાં આવ્યું હતું. થોડા કલાકો પછી એક મુસાફરે મને કહ્યું કે, ત્યાં બહાર મોટી આગ ફાટી નીકળી છે. મેં મારી બાઈક બહાર કાઢી અને બીજી બાજુ પાર્ક કરી. થોડી જ વારમાં આગ આખા પાર્કિંગમાં ફેલાઈ ગઈ. બે કલાક પછી આગ કાબૂમાં આવી હતી.

## શિવસેના (UBT) નેતા આદિત્ય ઠાકરેએ સરકારની રચનામાં વિલંબ પર કહ્યું : 'મહારાષ્ટ્રનું અપમાન'

શિવસેના (UBT)ના નેતા આદિત્ય ઠાકરેએ રવિવારના રોજ ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએની નિંદા કરતા કહ્યું કે, તે મહારાષ્ટ્ર અને ચૂંટણી પંચ બંને માટે અનાદરજનક છે કે, તેઓએ ચૂંટણી પરિણામો પછી સરકાર બનાવવામાં વિલંબ કર્યો છે. આદિત્ય ઠાકરેએ ટ્વિટર પર લખ્યું, પરિણામના દિવસ પછી એક અઠવાડિયાથી વધુ સમય સુધી મુખ્યમંત્રી પર અને સરકાર બનાવવા માટે નિર્ણય લેવામાં સક્ષમ ન થવું એ માત્ર મહારાષ્ટ્રનું અપમાન નથી (આપણા રાજ્યને આટલું હળવાશથી લેવા માટે) પણ તેમની પ્રિય ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી સહાયનું પણ અપમાન છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, નિયમો ફક્ત વિરોધ પક્ષોને જ લાગુ પડે છે અને શપથ ગ્રહણની તારીખની એકપક્ષીય જાહેરાતને અરાજકતા તરીકે ટીકા કરી હતી. ઠાકરેએ એમ પણ ઉમેર્યું હતું કે, રખેવાળ મુખ્યમંત્રી મિની વેકેશન પર છે. આદિત્ય ઠાકરેએ કહ્યું કે, જેઓ મહારાષ્ટ્રમાં સરકાર રચવામાં સક્ષમ છે તેઓ દિલ્હીની યાત્રાઓને પ્રાથમિકતા આપી રહ્યા છે. તેમણે એ પણ પ્રશ્ન કર્યો કે, શા માટે હજુ સુધી રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું નથી અને ECI આદેશને સ્વીકારીને અંતિમ જે સરકાર રચાશે તેને અભિનંદન આપ્યા. તે દરમિયાન મહારાષ્ટ્ર સરકાર રચી શકે તેવા લોકો મહારાષ્ટ્રના રખેવાળ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ રવિવારે સ્પષ્ટતા કરી કે તેઓ ભારે ચૂંટણીના કાર્યક્રમ પછી આરામ કરવા તેમના વતન સતારામાં ગયા હતા અને કહ્યું હતું કે, તેઓ હવે સરસ છે.

## 'શું અમે સસલા જેવા છીએ?' : કોંગ્રેસ સાંસદ રેણુકા ચૌધરીએ મોહન ભાગવતની ત્રણ બાળકો પેદા કરવાની સલાહ પર કટાક્ષ કર્યો

### કોંગ્રેસ સાંસદ રેણુકા ચૌધરીએ મોહન ભાગવતના સૂચનની ટીકા કરી અને બેરોજગારી અને નાણાકીય અસ્થિરતા વચ્ચે વધુ બાળકો ઉછેરવાની વ્યવહારિકતા પર સવાલ ઊઠાવ્યા છે, ભાગવતે યુગલોને ત્રણ બાળકો હોવા જોઈએ તેવી સલાહ આપ્યા બાદ તેણીએ આ પ્રતિક્રિયા આપી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

આરએસએસના વડા મોહન ભાગવતે ભારતની ઘટતી જતી વસ્તી વૃદ્ધિ અને દરેક દંપતીને ઓછામાં ઓછા ત્રણ બાળકો પેદા કરવાની તેમની સલાહ પર તેમની તાજેતરની ટિપ્પણીથી વિવાદ ઊભો કર્યો છે. તેના પર પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના સાંસદ રેણુકા ચૌધરીએ દેશમાં બેરોજગારી તરફ ધ્યાન દોર્યું અને કહ્યું કે, કોઈપણ તેમની પુત્રીઓના લગ્ન બેરોજગાર પુરૂષો સાથે કરવા તૈયાર નથી. તેણીએ પૂછ્યું કે, શું આપણે સસલા છીએ કે આપણે પ્રજનન ચાલુ રાખીશું ? દેશમાં બેરોજગાર પુરૂષો લગ્ન કરી શકતા નથી કારણ કે, કોઈ તેમની પુત્રીના લગ્ન બેરોજગાર માણસ સાથે કરવા તૈયાર નથી. તેમની પાસે નોકરી નથી. તેઓ તેમના ભાગીદારોની કેવી રીતે કાળજી લેશે ? તેમની પાસે પૈસા નથી. વૃદ્ધ માતા-પિતા કામ કરે છે અને તેમના બાળકોની સંભાળ રાખે છે.

**મોહન ભાગવતે શું કહ્યું હતું ? :** આરએસએસના વડાએ કહ્યું હતું કે, દેશની ઘટતી વસ્તી ગંભીર ચિંતાનો વિષય છે. વસ્તી વિષયક અભ્યાસ સૂચવે છે કે, જ્યારે સમાજનો કુલ પ્રજનન દર ૨.૧થી નીચે આવે છે, ત્યારે તે લુપ્ત થવાનું જોખમ ધરાવે છે. આ ઘટાડા માટે બાહ્ય જોખમોની આવશ્યકતા નથી; સમાજ ધીમે-ધીમે પોતાની મેળે અદૃશ્ય થઈ શકે છે. આ સમસ્યાને કારણે ઘણી ભાષાઓ અને સંસ્કૃતિઓ પહેલેથી જ અદૃશ્ય થઈ ગઈ છે. આમ પ્રજનન દર ૨.૧થી ઉપર જાળવવો જરૂરી છે. કુટુંબ એ સમાજનો અભિન્ન અંગ છે અને દરેક કુટુંબ દેશના એક મહત્ત્વપૂર્ણ નિર્માણ જૂથ તરીકે સેવા આપે છે. આપણા દેશની વસ્તી નીતિ ૧૯૯૮ અથવા ૨૦૦૨માં ઘડવામાં આવી હતી, તે સ્પષ્ટપણે કહે છે કે, કુલ પ્રજનન દર ૨.૧થી નીચે ન હોવો જોઈએ. તેનો અર્થ એ થાય છે કે, તે વધુ હોવું જોઈએ, તે ઓછામાં ઓછું ત્રણ હોવું જોઈએ એવું વસ્તી વિજ્ઞાન કહે છે.

## દરેક દંપતીએ ઓછામાં ઓછા ત્રણ બાળકો પેદા કરવા જોઈએ : RSSના વડા મોહન ભાગવત

### ભાગવતની આ ટિપ્પણી પર કટાક્ષ કરતા AIMIMના વડા અને હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે, ભાગવત કહે છે કે, વધુ બાળકો પેદા કરવા જોઈએ, માટે હવે જે લોકો RSSમાં છે તેઓએ લગ્ન કરવાનું શરૂ કરવું જોઈએ

(એજન્સી) તા.૨

RSSના વડા મોહન ભાગવતે ઘટતી જતી વસ્તી વૃદ્ધિ અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, ભારતનો કુલ પ્રજનન દર (TFR), એક મહિલા તેના જીવનકાળમાં જેટલા બાળકોને જન્મ આપે છે તેની સરેરાશ સંખ્યા ઓછામાં ઓછી ૩ હોવી જોઈએ, જે વર્તમાન ૨.૧ છે. નાગપુરમાં 'કુળ સંમેલન'માં ભાગવતે પરિવારોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો હતો અને ચેતવણી આપી હતી કે, વસ્તી વિજ્ઞાન અનુસાર જો સમાજનો કુલ પ્રજનન દર ૨.૧થી નીચે આવે છે, તો તે લુપ્ત થઈ શકે છે.

તેમણે કહ્યું કે, ઘટતી વસ્તી એ ગંભીર ચિંતાનો વિષય છે. વસ્તી વિષયક અભ્યાસ સૂચવે છે કે, જ્યારે સમાજનો કુલ પ્રજનન દર ૨.૧થી નીચે આવે છે ત્યારે તે લુપ્ત થવાનું જોખમ ધરાવે છે. આ ઘટાડા માટે બાહ્ય જોખમોની આવશ્યકતા નથી; સમાજ ધીમે-ધીમે પોતાની મેળે લુપ્ત થઈ શકે છે. આ સમસ્યાને કારણે ઘણી ભાષાઓ અને સંસ્કૃતિઓ પહેલેથી જ અદૃશ્ય થઈ ગઈ છે. પ્રજનન દર ૨.૧થી ઉપર જાળવવો આવશ્યક છે. કુટુંબ એ સમાજનો અભિન્ન ભાગ છે.


આપણા દેશની વસ્તી નીતિ ૧૯૯૮ અથવા ૨૦૦૨માં ઘડવામાં આવી હતી, તે કહે છે કે, કુલ પ્રજનન દર ૨.૧થી નીચે ન હોવો જોઈએ. તેનો અર્થ એ કે ઓછામાં ઓછા ત્રણ બાળકો હોવા જોઈએ. વસ્તી વિજ્ઞાન આ કહે છે. ૨૦૨૧માં જાહેર કરાયેલા નેશનલ ફેમિલી હેલ્થ સર્વેના ડેટા અનુસાર ભારતનો TFR ૨.૨થી ઘટીને બે થયો છે જ્યારે ગર્ભનિરોધકનો ઉપયોગ ૫૪ ટકાથી વધીને ૬૭ ટકા થયો છે.

૨.૧ના કુલ પ્રજનન દરને રિપ્લેસમેન્ટ રેટ તરીકે ગણવામાં આવે છે, જે વસ્તી વૃદ્ધિમાં નિર્ણાયક પરિબળ છે. ભાગવતની ટિપ્પણી પર કટાક્ષ કરતાં AIMIMના વડા અને હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું હતું કે, PM મોદીએ પહેલા કહ્યું હતું કે, મુસ્લિમ મહિલાઓ વધુ બાળકો પેદા કરે છે. હવે ભાગવત કહે છે કે, વધુ બાળકો પેદા કરો. હવે RSSના લોકોએ લગ્ન કરવાનું શરૂ કરી દેવું જોઈએ.

## મુંબઈમાં બાંગ્લાદેશ કોન્સ્યુલેટની બહાર વિહિપના દેખાવો, કહ્યું : જો હિન્દુ પૂજારી ચિન્મય દાસને એક અઠવાડિયાની અંદર મુક્ત કરવામાં નહીં આવે તો આર્થિક બહિષ્કાર કરીશું

(એજન્સી) તા.૨

વિશ્વ હિંદુ પરિષદે હિંદુઓ વિરુદ્ધ સતત હિંસાની ઘટનાઓના વિરોધમાં બાંગ્લાદેશ સામે આર્થિક બહિષ્કારની ધમકી આપી છે. VHPના સભ્યો મુંબઈમાં બાંગ્લાદેશના કોન્સુલ જનરલને પણ મળ્યા હતા અને તેમને હિંદુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને ઈસ્કોનના સાધુ ચિન્મય દાસને મુક્ત કરવા વિનંતી કરી હતી. બાંગ્લાદેશમાં રહેતા હિન્દુઓ વિરુદ્ધ હિંસાની ઘટનાઓ સતત વધી રહી છે અને તે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મોટો મુદ્દો બની ગયો છે. ઈસ્કોન સાથે સંકળાયેલા ચિન્મય દાસની પણ ઢાકા મેટ્રોપોલિટન પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને બાંગ્લાદેશ અને વિશ્વભરના હિન્દુઓ દ્વારા આ કાર્યવાહીની ટીકા કરવામાં આવી હતી, ભારતના વિદેશ મંત્રાલયે પણ ધરપકડને 'દુર્ભાગ્યપૂર્ણ' ગણાવી હતી અને કહ્યું હતું કે, શાંતિપૂર્ણ ધાર્મિક નેતાની અટકાયત કરવામાં આવી છે. જ્યારે લઘુમતીઓ પર હુમલા કરનારાઓ હજુ પણ મુક્તપણે ફરતા હોય છે. જ્યારે ઘણા લોકો સોશિયલ મીડિયા પર તેની સુરક્ષાની માંગ કરી રહ્યા છે, ત્યારે વિશ્વ



હિન્દુ પરિષદ અને બજરંગ દળ સોમવારે બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય માટે ન્યાય અને ઈસ્કોન સાધુની મુક્તિની માંગ સાથે શેરીઓમાં ઉતર્યા હતા. ઈસ્કોનના પ્રતિનિધિઓ સાથે વીએચપીના સભ્યો મુંબઈમાં ભારતના બાંગ્લાદેશના કોન્સ્યુલ જનરલને મળ્યા હતા અને તેમને દેશમાં શાંતિ સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોએ કફ પરેડ ખાતે બાંગ્લાદેશ દૂતાવાસની બહાર 'હિન્દુ નરસંહાર બંધ કરો', 'બધી નજર બાંગ્લાદેશી હિંદુઓ પર' અને 'હિન્દુઓને પણ માનવ અધિકાર છે' જેવા સૂત્રો લખેલા બેનર સાથે મોટા વિરોધમાં ભાગ લીધો હતો.

## હસીના પર હુમલાનો કેસ : ઢાકા હાઈકોર્ટે ખાલિદા જિયા સહિત તમામ આરોપીઓને દોષમુક્ત કર્યા

(એજન્સી) તા.૨

ઢાકા હાઈકોર્ટે બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાના પુત્ર તારિક રહેમાન અને પૂર્વ રાજ્યમંત્રી લુત્ફોઝમાન બાબરને ૨૦૦૪માં પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીનાની રેલીમાં બોમ્બ હુમલાના કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. એટર્ની જનરલની ઓફિસે જણાવ્યું હતું કે હાઈકોર્ટે આ મામલામાં નીચલી કોર્ટના નિર્ણયને રદ કર્યો હતો. તારિક રહેમાન, ૫૭, બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ના કાર્યવાહક અધ્યક્ષ છે, 'હાઈકોર્ટે નીચલી અદાલતના નિર્ણયને રદ કર્યો અને તારિક રહેમાન સહિત તમામ દોષિતોને મુક્ત કર્યા. ૨૧ નવેમ્બર, ૨૦૨૧ના રોજ ઢાકામાં બંગબંધુ એવન્યુ પર એક રેલીમાં બોમ્બ વિસ્ફોટ, ૨૪ લોકો માર્યા ગયા અને લગભગ ૩૦૦ ઘાયલ થયા. આ ઘટના બાદ એક હત્યાનો અને બીજો એક્સપ્લોઝિવ એક્ટ હેઠળ નોંધવામાં આવ્યો હતો. ન્યાયમૂર્તિ એકેએમ અસદુઝમાન અને સૈયદ ઈનાયત હુસૈનની બેન્ચે તમામ ૪૯ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા અને કહ્યું કે ટ્રાયલ કોર્ટનો નિર્ણય ગેરકાયદેસર છે. હાઈકોર્ટે હુમલા અંગેની અપીલની સુનાવણી બાદ પોતાનો ચુકાદો આપ્યો છે. ટ્રાયલ કોર્ટનો ચુકાદો આરોપી પ્રતિબંધિત આતંકવાદી સંગઠન હરકત-ઉલ-જેહાદના ટોચના નેતા અબ્દુલ હન્નાનના કબૂલાતના નિવેદન પર આધારિત હતો.

## ત્રિપુરાએ બાંગ્લાદેશને વધી રહેલી ભારત વિરોધી ઘટનાઓ વચ્ચે રૂા.૧૩૫ કરોડની વીજળીની બાકી રકમની ચૂકવણી કરવા કહ્યું

(એજન્સી) તા.૨

ત્રિપુરાએ બાંગ્લાદેશ પાસેથી ૧૩૫ કરોડ રૂપિયાના વીજળીના લેણાંની તાત્કાલિક વસૂલાતની માંગ કરી છે. આ લેણાં એનટીપીસી વિદ્યુત વેપાર નિગમ લિમિટેડ દ્વારા કરવામાં આવેલા પાવર ટ્રેડિંગ એગ્રીમેન્ટ હેઠળ છે. ત્રિપુરા સરકારે લેણાંની તાત્કાલિક ચુકવણી પર ભાર મૂક્યો છે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે બાંગ્લાદેશમાં 'ભારત વિરોધી પ્રવૃત્તિઓ'ની ઘટનાઓ વધી રહી છે. શનિવારે, બ્રાહ્મણબારિયા જિલ્લામાં ઢાકા થઈને કોલકાતા જતી અગરતલા-કોલકાતા બસ પર કથિત હુમલાના સમાચાર હતા. ટ્રક અને ઓટો રિક્ષા વચ્ચે અથડામણ થતાં આ ઘટના બની હતી. જો કે કોઈ જાનહાનિ થઈ ન હતી, એવો આક્ષેપ છે કે એક જૂથે મુસાફરોને ધમકાવ્યો હતો અને ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અનુસાર, મે ૨૦૨૪માં પણ ત્રિપુરા સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ (TSECL)એ સમયસર ચુકવણી ન કરવાને કારણે બાંગ્લાદેશ પાવર ડેવલપમેન્ટ બોર્ડ (BPDB)ને મર્યાદિત વીજ પુરવઠો આપ્યો હતો. છેલ્લા એક વર્ષથી બાંગ્લાદેશ દ્વારા સમયસર ચુકવણી કરવામાં આવી નથી, જેના કારણે બાકી રકમ વધી છે. TSECLના મેનેજિંગ ડિરેક્ટર દેબાશિષ સરકારે જણાવ્યું હતું કે, 'BPDB પર ત્રિપુરા સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશનને રૂા.૧ કરોડથી વધુનું દેવું છે. અમે ચુકવણી પ્રક્રિયાને સરળ બનાવવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ, પરંતુ નાણાકીય સમસ્યાઓ ઊભી થઈ રહી છે બાંગ્લાદેશના પાવર ડેવલપમેન્ટ મિનિસ્ટ્રીના અધ્યક્ષ કે જેથી આ મુદ્દાને વહેલી તકે ઉકેલી શકાય. TSECL પણ નાણાકીય મુશ્કેલીઓનો સામનો કરી રહી છે.

# દિલ્હીમાં દલિત, ઓબીસી, લઘુમતી અને આદિવાસીઓની પ્રચંડ રેલી

## જાતિ અને ધર્મને દૂષિત કરીને બીજાના ઘર તોડવામાં આવે છે, આજે સંવિધાન ખતરામાં છે તે બચાવવાના અમે સોગંધ ખાધા છે : ડોમા પરિસંઘના અધ્યક્ષ ડો. ઉદિત રાજ

## રાહુલ, પ્રિયંકા અને ખડગેનું અનુકરણ કરીને ઈન્ડિયા બ્લોકના સાથી પક્ષો મુસ્લિમ સમાજને કટ્ટરવાદી જૂથોથી બચાવવા સંસદથી સડક સુધી અવાજ ઉઠાવે : પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ

નવી દિલ્હી, તા.૨

દલિત, ઓબીસી, માઈનોરીટી અને આદિવાસી, (ડોમા પરિસંઘ)ના અધ્યક્ષ ડો. ઉદિત રાજના નેજા હેઠળ ગત તા. ૧લી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ નવી દિલ્હી - રામલીલા મેદાન ખાતે મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં એક લાખ કરતાં વધુની સંખ્યામાં લોકો જોડાયા હતા. સંમેલનને મુખ્યરૂપે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગે જીએ સંબોધિત કર્યું હતું.

**શ્રી ખડગેજીનું વક્તવ્ય :-** આજે ભારતમાં તમામ જગ્યાઓ ઉપર પુરાતત્વ વિભાગ - એએસઆઈના લોકો દરેક મસ્જિદો અને દરગાહો ઉપર જઈને અહીંયા પહેલા મંદિર હતું હવે મસ્જિદ કેમ થઈ ગઈ એવું કહી રહ્યા છે. એક બે નહીં પરંતુ સેંકડો જગ્યાએ અવાજ ઉઠયો છે કે આ જે મસ્જિદની નીચે મંદિરના અવશેષો છે. પરંતુ ૨૦૨૩માં આરએસએસના નેતા મોહન ભાગવતે કહ્યું કે, અમારૂં લક્ષ્ય રામ મંદિર બનાવવાનું હતું તે પૂર્ણ થયું છે. દરેક મસ્જિદ નીચે શિવાલય શોધવું એ તદ્દન ખોટું છે. હવે ભાજપ અને આરએસએસ સહિત કટ્ટરવાદી સંસ્થાઓના લોકો જ આવું કહી રહ્યા છે કે આ મંદિર તોડીને મસ્જિદ બનાવવામાં આવી છે. શોધો... કેટલું શોધશો. ભારતની સંસદે ૧૯૯૧માં વર્શીપ એક્ટનો કાયદો બનાવ્યો કે જે ૧૯૪૭માં ધર્મસ્થાનોની યથાસ્થિતિ હતી તે પ્રમાણે જ સ્ટેટસને મેઈન્ટેન રાખવા માટે કાનૂન બનાવવામાં આવ્યું તો પછી આજે તમે કેમ ખોદકામ કરીને અશાંતિ ઊભી કરી રહ્યા છો. આપણે સહુ ભારતીયો તો એક જ છીએ. પ્રધાનમંત્રી કહે છે કે એક રહો - સેફ રહો. તો પછી નાગરિકોને કેમ સેફ રહેવા નથી દેતા. બટેંગે તો કટેંગેની વાત કરવાવાળા જ આજે સમાજને વહેંચી રહ્યા છે અને વહેંચવાવાળા પણ તમે છો અને કાપવાવાળા પણ તમે જ છો.

તમારા નેતા મોહન ભાગવત પોતે જ કહે છે કે હવે બસ - રામ મંદિર બની ગયું હવે મસ્જિદે મસ્જિદે કોઈ શિવાલય શોધવાની જરૂર નથી. જો બીજેપીના લોકો મોહન ભાગવતની વાતને માને છે, સ્વયં પ્રધાનમંત્રી મોદી સાહેબ માને છે, સ્વયં ગૃહમંત્રી અમિત શાહ માને છે. આરએસએસ અને મોહન ભાગવતના જોરે સત્તામાં આવો છો. બીજી તરફ તમે એમનું કહ્યું માનતા નથી. હું કહીશ કે મુખમાં રામ અને બગલમાં છરી. એક બાજુ તમે એક રહેવાની વાત કરો છો અને બીજી તરફ તમો લોકોને વહેંચો છો. માટે અમો જે લોકો દેશને નુકસાન પહોંચાડી દેશના સંવિધાનને તોડવાની વાત કરે છે. દેશમાં કાયદાનું રાજ પુનઃ સ્થાપિત કરવા કોંગ્રેસ તો હંમેશા લડતો જ રહેશે.

**ડો. ઉદિતરાજનું વક્તવ્ય :-** જેવી રીતે હિન્દુ એન્ડુરમેન્ટ ટ્રસ્ટ હોય છે તેમ કાશી વિશ્વનાથ મંદિર ટ્રસ્ટ છે, જે સરકાર દ્વારા બનાવવામાં આવેલ છે તેવી જ રીતે વકફનું પણ અસ્તિત્વ છે, વકફ કોઈ કોંગ્રેસના સમયથી નથી. સને ૧૯૨૧માં અંગ્રેજ સરકારે પ્રથમ વખત સર્વે કરાવ્યું હતું કે દેશમાં વકફની કેટલી મિલકત છે. મેં વકફનો મુદ્દો ઉપાડયો ત્યારે મારા કેટલાક સાથી અસહજ થઈ ગયા. આરએસએસ અને બીજેપીના કેટલાક લોકો અમારી વચ્ચે છે. તેમણે કહ્યું કે જો તમો વકફના મુદ્દા વિશે વાત કરશો તો અમો સંમેલનમાં નહીં આવીએ. તો મેં કહ્યું કે તમારી મરજી તમે ના આવો પરંતુ વકફનો મુદ્દો જોડવામાં આવશે જ અને દલિત, માઈનોરીટી, આદિવાસી અને ઓબીસી એકજુટ થશે અને ૮૫ ટકાને એક કરીને જ જંપીશું.

૨૦૨૦-૨૧માં વકફ પ્રોપર્ટીનો સર્વે થાય છે ત્યારે શું કોંગ્રેસની સરકાર હતી. કાશી વિશ્વનાથ મંદિર હિન્દુ ટ્રસ્ટ બની શકે છે, તો વકફ બોર્ડ કેમ નહીં. કોણ ખતરામાં છે. સંવિધાન કહે છે કે મને બચાવો અને ઈવીએમ કહે છે કે મને હટાવો.

અમોએ સંવિધાન બચાવવાની કસમ ખાધી છે. સંવિધાન ખતરામાં છે. જ્યારે જાતિ ધર્મને દૂષિત કરીને બીજાનું ઘર તોડવામાં આવે છે અને ન્યાય પાલિકાની પ્રક્રિયાને બાયપાસ કરવામાં આવે છે ત્યારે સંવિધાન ખતરામાં તો અહીંયા જ છે કે ન્યાયપાલિકાનો કોઈ મતલબ જ નથી જ્યારે સરકારના ત્રણ અંગ છે. ન્યાયપાલિકા, કાર્ય પાલિકા અને ધર્મનિરપેક્ષતા.

ડોમા પરિસંઘના રાષ્ટ્રીય ચેરમેન શ્રી ઉદિત રાજે રેલીને સંબોધિત કરતા કહ્યુ હતું કે, સંવિધાન ખતરામાં છે કે આજે બોલવાની આઝાદી નથી. ચૂંટણી પંચ પોતાની ભૂમિકા અદા નથી કરી શકતું. આજે પત્રકારો પાસેથી બોલવાની આઝાદી છીનવી લેવામાં આવી છે. જાતિ જનગણના માટે હું કહીશ કે મેં ઓબીસી અને એસસી, એસટીને સંદેશ આપવાનો પ્રયત્ન કર્યો કે ૮૦:૨૦ કરનારાઓને ૮૫:૧૫ દ્વારા જવાબ આપવામાં આવશે. દલિત, ઓબીસી, લેટરલ એન્ટ્રીના માધ્યમથી આઈએએસની ભરતી થઈ રહી છે, પરંતુ તેમાં દલિત અને ઓબીસીની અનામત નહોતી. શું આ અધિકાર પર મુસલમાનોએ કાપ મૂક્યો ? નિષ્કર્ષ એ નીકળે છે કે દલિત, આદિવાસી, ઓબીસી અને માઈનોરીટી એક થાય અને સંવિધાન તેમજ આરક્ષણની રક્ષા કરે. જાતિ જનગણના માટે સંઘર્ષ કરે, ઈવીએમ ના સ્થાને બેલેટ પેપર દ્વારા ચૂંટણીઓ યોજાય. આરક્ષણની મર્યાદા ૫૦ ટકાથી વધુ કરવામાં આવે.

ડો. ઉદિત રાજ જીનું ડોમાનું મહાસંમેલન અંધકારમાં એક આશાનું કિરણ લઈને આવ્યું છે. આવનારા દિવસોમાં ગુજરાતમાં દલિત,



### ૧૯૯૧માં સંસદમાં ઘડાયેલા વર્શીપ એક્ટ મુજબ તમામ ધાર્મિક સ્થાનોની ૧૯૪૭ પહેલાની સ્થિતિ જાળવી રાખો : ખડગે

આદિવાસીઓની સંખ્યા દેશમાં ૮૫ ટકા છે અને તેઓ અંદરો અંદર એકબીજાના અધિકારોને છીનવી નથી લેતા. જાતિવાદી તેમજ મનુવાદી તાકતો આમને અંદરો અંદર ઝઘડાવતા રહે છે. ડો. ઉદિત રાજે કહ્યું કે, શું મંડલનો વિરોધ મુસલમાનોએ કર્યો ? શું મુસ્લિમોએ મંડળના વિરોધમાં કોઈ રથયાત્રા નીકાળી ? શું મુસલમાનો જાતિ જનગણનાનો વિરોધ કરી રહ્યા છે ? પ્રતિદિન ૬ દલિત મહિલા ઉપર બળાત્કાર થાય છે, શું મુસલમાનો દ્વારા બળાત્કાર કરવામાં આવે છે ? ૨૦૧૮ની મુસ્લિમ, આદિવાસી, ઓબીસી સાથે મળીને કામ કરીશું.

**ગ્યાસુદ્દીન શેખનું વક્તવ્ય :-** ડો. ઉદિત રાજજીએ કોંગ્રેસ અધ્યક્ષ શ્રી ખડગેજીના અંતિમ પ્રવચન પહેલા શ્રી ગ્યાસુદ્દીન શેખ પાસે પ્રવચન કરાવીને તેમને અભૂતપૂર્વ સન્માન આપવામાં આવ્યું. ડોમાના અધ્યક્ષ ડો. ઉદિત રાજે મંચ પરથી ગ્યાસુદ્દીન શેખને આવકારતાં કહ્યું હતું કે, જે લોકો અહીં દિલ્હીમાં ન કરી શક્યા તે કામ ગ્યાસુદ્દીન શેખે ગુજરાતમાં બેસીને કરી બતાવ્યું છે.

ગુજરાતના પૂર્વ ધારાસભ્ય શ્રી ગ્યાસુદ્દીન શેખને ખાસ અતિથિ વિશેષ તરીકે બોલાવવામાં આવ્યા હતા. તેમણે સંબોધનમાં કહ્યું કે, દલિત, ઓબીસી, માઈનોરીટી અને આદિવાસી સંગઠનોનો ફેડરેશન ડોમાની રેલી યુનિટી ઈન ડાયવરસિટીનું પ્રતિક બની છે અને સમગ્ર ભારત દેશમાંથી લોકો સામેલ થયા છે. રેલીમાં શ્રી ગ્યાસુદ્દીન શેખે પ્રવચન કરતાં કહ્યું કે, આજના ડોમા પરિસંઘમાં ઉપસ્થિત ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગેજી, ડોમાના અધ્યક્ષ શ્રી ઉદિત રાજ અને અહીં ઉપસ્થિત અમદાવાદ તેમજ ગુજરાતમાંથી આવેલા મારા સાથી લોકોનું હું અભિવાદન કરૂં છું.

આજે દેશમાં સંવિધાનની ધજ્જીયા ઉડાડવામાં આવી રહી છે અને ષડયંત્રના ભાગરૂપે લઘુમતી મુસ્લિમ સમાજને પ્રતાડિત કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. સંઘ અને ભાજપના લોકો દ્વારા મુસ્લિમ સમાજને અછૂત બનાવવાનું કામ થઈ રહ્યું છે. આજે આપણે જોઈએ છીએ કે જેવી રીતે લોકસભાના પરિણામો આવ્યા અને ૪૦૦ ઉપરની વાતો કરનારા આજે ૨૪૦ સીટ ઉપર સીમિત થઈ ગયા એનું કારણ એ છે કે દેશના બહુજન સમાજ અને મુસ્લિમ સમાજે એક થઈને મતદાન કર્યું અને ભાજપને ૨૪૦ સીટ સુધી સિમીત કરી દીધા. લોકસભાના પરિણામોથી ભયભીત થઈને ભાજપ દ્વારા મહારાષ્ટ્ર, હરિયાણા, જમ્મુ કાશ્મીર અને ઝારખંડની ચૂંટણીઓ જીતવા માટે વકફનો મુદ્દો લાવીને સમગ્ર દેશમાં ધ્રુવીકરણની રાજનીતિ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સ્વયં પ્રધાનમંત્રી, ગૃહમંત્રી અને તેમના મુખ્યમંત્રીઓ દ્વારા દેશમાં ભડકાઉ ભાષણો આપી ધ્રુવીકરણની રાજનિતી કરી ચૂંટણીઓ જીતવાની મેલી મુરાદ રાખવામાં આવે છે.

જ્યારે જ્યારે સંવિધાનની રક્ષા, રૂલ ઓફ લો અને સામાજિક ન્યાયની વાત કરવામાં આવે છે ત્યારે ત્યારે ભાજપ દ્વારા ધાર્મિક ધ્રુવીકરણની રાજનિતી શરૂ કરવામાં આવે છે. મંડલ કમિશન લાગુ થયું તે વખતે પણ અડવાણીજીએ સોમનાથથી અયોધ્યા સુધીની રથયાત્રા કાઢી દેશને આગમાં ધકેલવાનું કામ કરવામાં આવ્યું. ખડગેજી અને રાહલજીએ જાતિ જનગણનાની વાત કરી, ૫૦ ટકા અનામત વધારવાની વાત કરી, સામાજિક ન્યાયની વાત કરી તેવા સમયે ભાજપે સમગ્ર દેશમાં ધ્રુવીકરણની રાજનિતીને વધુ વેગ આપવા વકફનો મુદ્દો ઉછાળી સાથોસાથ બેફામ ભડકાઉ ભાષણો આપવામાં આવી રહ્યા છે.

હું કહીશ કે જ્યારે મુસ્લિમ સમાજને ચારે બાજુથી ઘેરીને પ્રતાડિત કરવામાં આવી રહ્યો છે, મુસ્લિમ સમાજની વાત સાંભળવા કોઈ તૈયાર નથી, ત્યાં સુધી કે સેક્યુલર પાર્ટીઓ પણ મુસ્લિમ સમાજના મત લઈને પણ મુસ્લિમ સમાજ વિશે વાત કરવાથી અંતર રાખે છે.

શ્રી ગ્યાસુદ્દીન શેખે સંમેલનમાં સંબોધન કરતાં કહ્યું કે, રાહુલજીએ ભારત જોડો યાત્રા કાઢી હતી તે સંવિધાન બચાવવાની હતી, આરએસએસ અને ભાજપ ની નિતીઓ વિરુદ્ધ હતી. મુસ્લિમ સમાજ સાથે અન્યાય થઈ રહ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ ખડગેજી, શ્રી રાહુલ ગાંધીજી, સુશ્રી પ્રિયંકા ગાંધીજી, જેવી રીતે મુસ્લિમ સમાજના ઈસ્યુ ઉપર ખૂલીને બોલે છે પરંતુ ઈન્ડિયા ગઠબંધન અને અન્ય પાર્ટીના નેતાઓ કે જેમણે મુસ્લિમોના મત લીધા છે (૧) અખિલેશ યાદવ (૨) મમતા બેનરજી (૩) અરવિંદ કેજરીવાલ (૪) શરદ પવાર (૫) ઉદ્ધવ ઠાકરે (૬) એમ.કે. સ્ટાલિન (૭) હેમંત સોરેન (૮) લેફ્ટ પાર્ટી હાલમાં લોકસભાનું સત્ર ચાલુ છે ત્યારે હું વિનંતી કરૂં છું કે રાહુલ ગાંધીજીની આગેવાનીમાં ઈન્ડિયા ગઠબંધનના નેતાઓને કે આજે દેશમાં મુસ્લિમો અને લઘુમતીઓને પ્રતાડિત કરવામાં આવી રહ્યા છે તે બાબતે લોકસભા અને રાજ્યસભામાં તેઓના પ્રશ્નોને વાચા આપે.

રેલીમાં કોંગ્રેસ અધ્યક્ષ શ્રી ખડગેજીની ઉપસ્થિતિમાં શ્રી ગ્યાસુદ્દીન શેખે બેબાક પ્રવચન કરતાં કહ્યું કે, મુસ્લિમ સમાજ સાથે અન્યાય થઈ રહ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ ખડગેજી, શ્રી રાહુલ ગાંધીજી, સુશ્રી પ્રિયંકા ગાંધીજી જેવી રીતે મુસ્લિમ સમાજના ઈસ્યુ ઉપર ખૂલીને બોલ્યા છે તે બાબતે આભાર વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસ પક્ષની ઢબે ઈન્ડિયા ગઠબંધન અને પાર્ટીના અન્ય નેતાઓ પણ મુસ્લિમો વિશે ખુલીને બોલે એવી અપીલ કરી હતી.

મંચ સંચાલન શ્રી સતિષ કુમાર સાંસી, રાષ્ટ્રીય કોઓર્ડીનેટર પ્રો. રવિ મહિન્દ્રા, રાષ્ટ્રીય મહાસચિવે કર્યુ હતું. રેલીના વિશિષ્ટ અતિથિ નેપાળના પૂર્વ ઉપપ્રધાનમંત્રી શ્રી ઉપેન્દ્ર યાદવ, સાંસદ શ્રી તારિક અનવર, ગુરદીપ સપ્પલ, સાંસદ શ્રી મનોજ કુમાર, દિલ્હી કોંગ્રેસના પ્રભારી કાઝી નિઝામુદ્દીન, ડોમા પરિસંઘના દિલ્હી કોઓર્ડીનેટર એડવોકેટ શ્રી શાહીદજી, ગુજરાતના પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, હરિયાણાના ધારાસભ્ય શ્રી મામન ખાન, હરિયાણાના ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી અને વર્તમાન ધારાસભ્ય આફતાબ આલમ, દિલ્હી હજ કમિટીના પૂર્વ ચેરમેન પરવેઝ મિયાંએ સંબોધન કર્યું હતું.


મંચ ઉપર ગુજરાતના મુસ્લિમ અગ્રણી શ્રી હાજી જુમ્મા રાયમા, અનસ સંધી, સાજીદ વલી સહિત અન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા. રેલીમાં ડોમા પરિસંઘના સમગ્ર દેશમાંથી અલગ અલગ રાજ્યોમાંથી પદાધિકારીઓ સહિત હજારોની સંખ્યામાં કાર્યકરો અને લોકોએ ભાગ લીધો.

### લઘુમતીઓ અને કચડાયેલા પછાત વર્ગો તથા દલિતોના બંધારણીય અધિકારોના રક્ષણ માટે તથા જાતિ આધારિત વસ્તી ગણતરી તેમજ અનામતની ૫૦ ટકાની મર્યાદા વધારવાની માગણી સાથે દલિત, ઓબીસી, લઘુમતી અને આદિવાસી પરિસંઘના નેજા હેઠળ રામલીલા મેદાનમાં ઘૂઘવાયો માનવ મહાસાગર

# પશ્ચિમ લંડનના ભારતીય મૂળના છોકરાએ ૧૦ વર્ષની ઉંમરે આઈન્સ્ટાઈન અને હોકિંગને પાછળ છોડી દીધા

(એજન્સી) તા.૨

લંડનનાં હાઉન્સલોમાં રહેતાં ભારતીય-બ્રિટિશ ક્રિશ અરોરાએ દુનિયાને ચોંકાવી દીધી છે. તે માત્ર ૧૦ વર્ષનો છે, પરંતુ તેનું મગજ આઈન્સ્ટાઈન અને હોકિંગ કરતાં વધુ ઝડપથી કામ કરે છે. ભારતીય મૂળનાં ક્રિશ અરોરાને ૧૬૨ના આઈક્યુ સ્કોર માટે ઓળખવામાં આવે છે. આ આઈક્યુ સ્કોર આઈન્સ્ટાઈન અને સ્ટીફન હોકિંગના આઈક્યુ કરતાં વધારે છે. ગ્રેડ ૮ પ્રમાણપત્ર સાથે તે પિયાનોવાદક છે અને કુશળ ચેસ ખેલાડી પણ છે. યુકે ન્યૂઝ આઉટલેટ મેટ્રોના રિપોર્ટ અનુસાર, આ સ્કોર ક્રિસને વિશ્વનાં સૌથી બુદ્ધિશાળી લોકોમાં ટોચનાં ૧ ટકામાં સ્થાન અપાવે છે. ભારતીય ક્રિશ અરોરા મેન્સામાં અભ્યાસ કરે છે. આ એક એવી સંસ્થા છે જ્યાં ખૂબ જ હોશિયાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ઈન્ડિયા ટુડેના અહેવાલ અનુસાર, ક્રિશ કહે છે કે ૧૧-પ્લસની પરીક્ષા ખૂબ જ સરળ હતી. તેને આશા છે કે તેને તેની ક્ષમતા અનુસાર અહીં પડકારો મળશે. આ સિવાય તેનાં માતા-પિતા મૌલી અને નિશ્ચલ બંને એન્જિનિયર છે.



તેઓ કહે છે કે જ્યારે ક્રિશ ૪ વર્ષનો હતો ત્યારે તેણે તેની ક્ષમતાઓ જોઈ હતી.

એક આઈટી ફર્મમાં કામ કરતી ક્રિશની માતા કહે છે કે, તે ૪ વર્ષની ઉંમરથી જે રીતે કામ કરતો હતો તે આ ઉંમરનાં બાળક માટે ખૂબ જ વધારે હતું. તે ખૂબ સારી રીતે અભ્યાસ કરતો હતો અને તેને જોડણીમાં પણ કોઈ સમસ્યા નહોતી. ક્રિશ હંમેશાં ગણિતને પસંદ કરતો હતો અને તેમાં સારો હતો. ક્રિશની માતાએ કહ્યું કે મને યાદ છે કે તે ચાર વર્ષનો થયો તે પહેલાં તે મારી સાથે ત્રણ કલાક બેઠો હતો અને ગણિતનું આખું પુસ્તક પૂરૂં કર્યું હતું.

આઠ વર્ષની ઉંમરે ક્રિશે એક જ દિવસમાં આખા વર્ષનો અભ્યાસક્રમ પૂરો કર્યો હતો. તેની માતાએ ઉમેર્યું, "તે જે પણ કરે છે, તેમાં શ્રેષ્ઠ બનવા માંગે છે." તેમની શૈક્ષણિક સિદ્ધિઓ ઉપરાંત, ક્રિશ એક કુશળ સંગીતકાર પણ છે. તેણે પિયાનોવાદક તરીકે પુરસ્કારો જીત્યાં છે અને માત્ર છ મહિનામાં ચાર ગ્રેડ પૂરા કર્યા પછી ટ્રિનિટી કોલેજ ઑફ મ્યુઝિક દ્વારા હોલ ઑફ ફેમમાં સામેલ કરવામાં આવ્યો છે. તેની પાસે હાલમાં ગ્રેડ ૮ પિયાનો પ્રમાણપત્ર છે. ક્રિશે વેસ્ટ લંડનમાં ઘણી સંગીત સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. સંગીત વિશે ક્રિશ કહે છે કે "હું સ્પર્ધાઓમાં મારૂં સંગીત રજૂ કરવા વિશે નર્વસ થતો નથી કારણ કે હું જાણું છું કે હું ગડબડ કરવાનો નથી." તેનાં ફ્રી સમયમાં, ક્રિશને કોયડાઓ અને ક્રોસવર્ડ્સ ઉકેલવામાં મજા આવે છે અને તે ટીવી શો યંગ શેલ્ડનનો ચાહક છે. તેનાં માતા-પિતાએ તેની પ્રતિભાને ઓળખીને તેને ચેસ શિખવવા માટે એક શિક્ષક રાખ્યો છે. ક્રિશ હવે નિયમિતપણે ચેસમાં તેનાં પ્રશિક્ષકને હરાવે છે.

# ગિનીમાં ફૂટબોલ મેચ દરમિયાન અથડામણ બાદ નાસભાગમાં ૫૬ લોકોનાં મોત, અધિકારીઓનો દાવો

(એજન્સી) તા.૨

પશ્ચિમી આફ્રિકાના ગિનીમાં એક ફૂટબોલ મેચ દરમિયાન હિંસા ભડકી. ત્યાં ચાહકોની અંદરો-અંદર અથડામણ થઈ ગઈ. જેમાં ૫૬થી વધુ લોકોના મોત નીપજ્યા છે. સ્થાનિક હોસ્પિટલના સૂત્રોએ આ ઘટનાને લઈને જણાવ્યું કે 'રવિવારે ગિનીના બીજા સૌથી મોટા શહેર એનજેરેકોરમાં એક ફૂટબોલ મેચ દરમિયાન ચાહકોની વચ્ચે અથડામણમાં ડઝન લોકો માર્યા ગયા છે.' એક ડોક્ટરે નામ ન છાપવાની શરત પર જણાવ્યું, 'હોસ્પિટલમાં જ્યાં સુધી એક નજર જઈ રહી છે ત્યાં સુધી મૃતદેહોની લાઈન લાગેલી છે. ઘણા મૃતદેહ જમીન પર પડેલા છે, શબઘર ભરેલા છે.' સોશિયલ મીડિયા પર આ હિંસાના ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યાં છે. સોશિયલ મીડિયામાં વાયરલ આ વીડિયોની પુષ્ટિ થઈ શકી નથી. વીડિયોમાં મેચની બહાર રસ્તા પર અફરા-તફરીનો માહોલ નજર આવી રહ્યો છે. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર રોષે ભરાયેલા પ્રદર્શનકારીઓએ એનજેરેકોર પોલીસ સ્ટેશનમાં પણ તોડફોડ કરી અને આગ લગાડી દીધી. એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યુ, 'હિંસા મેચ રેફરીની તરફથી એક વિવાદિત નિર્ણય આપ્યા બાદ શરૂ થઈ. તે બાદ ચાહકો




ભડકી ગયા અને પછી ખૂબ હિંસા ભડકી.' સ્થાનિક મીડિયાના જણાવ્યાં અનુસાર આ મેચ ગિનીના જુંટા નેતા મમાદી ડૌંબૌયાના સન્માનમાં આયોજિત એક ટુર્નામિન્ટનો ભાગ હતો.

# અબજોપતિના પુત્ર જેની કુલ સંપત્તિ ૪૫,૩૩૯ કરોડ રૂપિયા છે તેણે ૧૮ વર્ષની ઉંમરે સાધુ બનવા માટે વૈભવી જીવન છોડી દીધું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

મલેશિયાના ઉદ્યોગપતિ આનંદ કૃષ્ણનના પુત્ર વેન અજાન સિરીપાન્યોએ તેમની પાસેથી જે અપેક્ષા રાખવામાં આવી હતી તેના કરતાં તદ્દન અલગ જીવન પસંદ કર્યું છે. આનંદ કૃષ્ણન, આશરે ૪૫,૩૩૯ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે, ટેલિકોમ, મીડિયા, તેલ, ગેસ, રિયલ એસ્ટેટ અને સેટેલાઇટ્સમાં ફેલાયેલા બિઝનેસ સામ્રાજ્ય સાથે, મલેશિયાના સૌથી ધનિક વ્યક્તિઓમાં સામેલ છે. તેમની જંગી સંપત્તિ હોવા છતાં કૃષ્ણન તેમના પરોપકારી પ્રયત્નો માટે સમાન રીતે જાણીતા છે, જે ઘણી વખત તેમના બૌદ્ધ ધર્મ દ્વારા ચલાવવામાં આવતા શિક્ષણ અને માનવતાવાદી કાર્ય જેવા કારણોને સમર્થન આપે છે. આવા વિશેષાધિકારમાં જન્મેલા, સિરીપાન્યોને એક સમયે તેના પિતાના બહુ-અબજો-ડોલર સામ્રાજ્યના સંભવિત અનુગામી તરીકે જોવામાં આવતા હતા. જો કે, ૧૮ વર્ષની ઉંમરે, તેમણે એક અણધાર્યો નિર્ણય લીધો જે તેનું જીવન બદલી નાખશે. જિજ્ઞાસાથી સાધુ જીવનની શોધખોળ



કરવા માટે અસ્થાયી એકાંત તરીકે જે શરૂ થયું તે ટૂંક સમયમાં આધ્યાત્મિક અભ્યાસ અને ત્યાગની આજીવન યાત્રામાં ફેરવાઈ ગયું. હવે, ૨૦થી વધુ વર્ષો પછી સિરીપાન્યોએ સંપૂર્ણ રીતે મઠનો માર્ગ અપનાવ્યો છે અને તેઓ થાઈલેન્ડમાં દતાઓ દમ મઠના મઠાધિપતિ છે.

સિરીપાન્યોની યાત્રાએ માત્ર તેની સમૃદ્ધ પૃષ્ઠભૂમિને કારણે જ નહીં, પરંતુ તેણે જીવવાનું પસંદ કર્યું તે સાદગી અને સમર્પણને કારણે પણ ઘણાં લોકોને આકર્ષિત કર્યા છે. આઠ જેટલી ભાષાઓમાં અસ્ખલિત, તેમની નમ્રતા અને ગહન આધ્યાત્મિક ઉપદેશો માટે તેમની પ્રશંસા કરવામાં આવે છે. થરવાડા બૌદ્ધ પરંપરાને અનુસરીને તેઓ તેમના ઉપદેશોમાં માઈન્ડફુલનેસ, આંતરિક શાંતિ અને સરળતા પર ભાર મૂકે છે, તેમના અનુયાયીઓ સાથે ઊંડો પડઘો પાડે છે.

જ્યારે સિરીપાન્યો શાંત, તપસ્વી જીવન જીવે છે, ત્યારે તેની વાર્તા વિશ્વભરના લોકોને પ્રેરણા આપતી રહે છે. તે માત્ર ભૌતિક સંપત્તિનો અસ્વીકાર જ નથી પરંતુ આધ્યાત્મિક પરિપૂર્ણતા માટે તેની અડગ પ્રતિબદ્ધતા છે. તેઓ બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોના જીવંત ઉદાહરણ તરીકે સેવા આપે છે જેને તેના પિતા પણ મૂલ્ય આપે છે, દરેકને બાહ્ય સંપત્તિ કરતાં આંતરિક શાંતિના મહત્ત્વની યાદ અપાવે છે. તેમનું જીવન વ્યક્તિગત પસંદગીની શક્તિ અને ઉચ્ચ ઉદ્દેશ્યની શોધનું પ્રમાણપત્ર છે.

# અખિલ ભારતીય ક્રમાંક ૭ સાથે IIT-JEEમાં ટોપ કરનાર ભારતીય મહિલા IIT બોમ્બેથી CSEનો અભ્યાસ કરી રહી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

સફળતા ઘણીવાર આશાવાદ અને આત્મવિશ્વાસથી શરૂ થાય છે. રાજકોટની એક નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર દ્વિજા ધર્મેશકુમાર પટેલે JEE એડવાન્સ ૨૦૨૪માં અખિલ ભારતીય ક્રમાંક ૭ મેળવીને એક પ્રેરણાદાયી ઉદાહરણ સ્થાપિત કર્યું છે. ૩૬૦માંથી પ્રભાવશાળી ૩૩૨ માર્ક્સ મેળવીને તે IIT બોમ્બે ઝોનમાં મહિલા ટોપર તરીકે ઉભરી આવી છે. અવિરત મહેનત અને નિશ્ચય દ્વારા તેના સ્વપ્નને પરિપૂર્ણ કરી રહી છે.

હિન્દુસ્તાન ટાઈમ્સ સાથેના તાજેતરના ઈન્ટરવ્યુમાં દ્વિજાએ પોતાનો આનંદ વ્યક્ત કરતા કહ્યું, હું ખૂબ જ ખુશ છું. મને મહિલા ટોપર બનવાની આશા નહોતી. આ મારી મહેનત અને વર્ગમાં મારા શિક્ષકો દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શનનું પરિણામ છે. તેની સફર દર્શાવે છે કે કેવી રીતે સમર્પણ અને યોગ્ય સમર્થન અસાધારણ પરિણામો તરફ દોરી શકે છે.

દ્વિજની સફળતાની વાર્તા તેના ઉછેર



અને કૌટુંબિક મૂલ્યોમાં ઊંડે સુધી છે. તેની માતા ગૃહિણી છે, જ્યારે તેના પિતા ધર્મેશ પટેલ ગણિતના શિક્ષક છે, જેમણે આ વિષય પ્રત્યેના તેના પ્રેમને પોષવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. દ્વિજાએ તેનું શાળાકીય શિક્ષણ રાજકોટમાં પૂર્ણ કર્યું, જ્યાં તેણે તેના ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ ૯૯.૧% ગુણ મેળવ્યા, તેને ટોપ લિસ્ટમાં સ્થાન મળ્યું. નાનપણથી જ દ્વિજાએ શીખવાની તીવ્ર ઉત્કટતા દર્શાવી હતી. કોડિંગ સાથેની તેણીની સફર ધોરણ ૯ અને ૧૦માં શરૂ થઈ હતી. ગણિત જે ઘણી વખત લોકોને અઘરૂં લાગે છે, તે તેનો પ્રિય વિષય બની ગયો. તેની લિંક્ડઈન પ્રોફાઈલ મુજબ, દ્વિજા હાલમાં IIT બોમ્બેમાં કોમ્પ્યુટર સાયન્સમાં બી.ટેક કરી રહી છે. આ એક એવી સિદ્ધિ છે જે તેના પિતાનું સ્વપ્ન સાકાર કરે છે અને ઉજ્જવળ ભવિષ્યનો પાયો નાખે છે. JEE એડવાન્સ્ડની તૈયારી માટે પુષ્કળ પ્રયત્નો અને શિસ્તની જરૂર છે. દ્વિજાએ શેર કર્યું કે તે તેની તૈયારી દરમિયાન દરરોજ ૮થી ૧૦ કલાક તેના અભ્યાસ માટે ફાળવી હતી. તેની સફળતા પડકારોનો સામનો કરતી વખતે પણ ધ્યાન કેન્દ્રિત અને પ્રતિબદ્ધ રહેવાની તેની ક્ષમતા દર્શાવે છે.

દ્વિજા ધર્મેશકુમાર પટેલની વાર્તા આત્મવિશ્વાસ, દઢતા અને અસરકારક માર્ગદર્શનની શક્તિનો પુરાવો છે. તે અસંખ્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણા તરીકે સેવા આપે છે જેઓ તેમની શૈક્ષણિક સફરમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા ઈચ્છે છે.

સુરતના મધ્યે ખાડી વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનો બાયોડાયવર્સિટી પાર્ક પૂર્ણ થવાને આરે

# સિંગાપોરને ભૂલી જાઓ તેવું એશિયાનું સૌથી મોટું અર્બન ફોરેસ્ટ ટૂંકાગાળામાં તૈયાર થશે

### પર્યાવરણ જાળવી સાથે પ્રદૂષણ દૂર કરવા તથા ખાડીની દુર્ગંધ દૂર કરવાના મુખ્ય હેતુ સાથેનો પાર્ક બનશે મુખ્ય આકર્ષણ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨

સુરત શહેર જે રીતે હરણફાળ ગતિએ આગળ વધી રહ્યું છે જેને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકા દ્વારા સાઉથ એશિયાનું સૌથી મોટું અર્બન ફોરેસ્ટ ખાડી નજીક બનાવવામાં આવ્યું છે. ખાડી નજીક બાયોડાઈવર્સિટી પાર્કના નિર્માણથી શહેરને એક હરિયાળી અને પર્યાવરણપ્રિય ભેટ આપવાનો પ્રયાસ કર્યોછે. આ પાર્કને ખાસ કરીને એવા વૃક્ષો સાથે વિકસાવવામાં આવ્યું છે. જેની સુગંધ ચારેબાજુ ફેલાય અને નાગરિકોને પ્રકૃતિનો અનોખો અનુભવ આપી શકે. કોઈને ખબર પણ નહી પડશે કે સાઉથ એશિયાનું સૌથી મોટું અર્બન ફોરેસ્ટ ખાડી નજીક છે. બે મહિનામાં સુરતની અંદર સાઉથ એશિયાનું સૌથી મોટું અર્બન ફોરેસ્ટ લોકો માટે ખુલ્લું મુકાશે. સુરત શહેરમાં 'વાઈલ્ડ વેલી બાયોડાયવર્સિટી પાર્ક' પ્રોજેક્ટ જૈવવિવિધતા અને પર્યાવરણ જાળવવા માટે મોખરાનું પગલું છે. ખાડીની બંને બાજુ પર પડી રહેલી જમીનને કાયાકલ્પ કરીને સુરત મહાપાલિકાએ શહેરના ' ગ્રીન લંગ્સ' તરીકે ઓળખાતા વાઈલ્ડ વેલી બાયોડાયવર્સિટી પાર્ક પ્રોજેક્ટના વિકાસની શરૂઆત કરી હતી, જે પૂર્ણ થવાના આરે છે. આ પ્રોજેક્ટ શહેરમાં પર્યાવરણ જાળવવા, પ્રદૂષણ રોકવા અને સમજૂતીપૂર્વક ઈકોસિસ્ટમને વિસ્તૃત કરવા માટેની મહત્વકાંક્ષી યોજના છે. ચોમાસા દરમિયાન ખાડીઓમાં વરસાદી પાણી સંગ્રહ થાય છે. જેનાથી પાણીનો પુનઃઉપયોગ બાગકામ માટે થશે. ફાયટોરેમિડેશન ટેકનીક દ્વારા ખાડીનું પ્રદૂષણ ઓછું કરવામાં મદદરૂપ થશે. ખાડીની દુર્ગંધ દૂર કરવી અને ખાડીના જળ પ્રદૂષણમાં ઘટાડો કરવો પ્રોજેક્ટના મુખ્ય હેતુઓમાં સામેલ છે. પાર્કમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવશે, જેનો ઉપયોગ તળાવો ભરવા અને અન્ય ઉપયોગી હેતુઓ માટે થશે. પ્રોજેક્ટના મુખ્ય હેતુઓમાં આ પાર્કના વિકાસથી જળ પ્રદૂષણ અટકાવવું, જમીનમાં પાણીનું ફરી વળે ભરાવો ઘટાડવો, અને નાગરિકો માટે સ્વચ્છ તેમજ શાંતિપૂર્ણ વાતાવરણ રચવાનું લક્ષ્ય છે. ખાડીની આજુબાજુ ૮૭.૫૦ હેક્ટર વિસ્તારમાં લગભગ ૬ લાખ વૃક્ષોનું વાવેતર કરાયો, જેમાં ૮૫ વિવિધ પ્રજાતિઓના વૃક્ષો અને છોડનો સમાવેશ થાય છે તો બીજી તરફ ૧૨ કિમી લાંબી વોકિંગ ટ્રેક, ૯ કિમી લાંબી સાયકલિંગ ટ્રેક, બાળકો માટે ખાસ રમવાનો પ્લે એરીયા, ઓપન એર મનોરંજનની જગ્યા, બર્ડ વૉચિંગ ટાવર, ડિસ્કવરી સેન્ટર વગેરે સુવિધાઓનો સમાવેશ કરાયો છે. રૂા.૧૦૮ કરોડના ખર્ચે તૈયાર થનાર આ પ્રોજેક્ટ થકી આ વિસ્તારના નામશેષ થતી ઝાડ અને છોડ માટે કુદરતી નિવાસસ્થાન ઉભું થશે. જે મધમાખી, પતંગિયા અને અન્ય જીવજંતુઓ માટે લાભકારી સાબિત થશે તેમજ ફાયટોરેમિડેશન ટેકનીક દ્વારા ખાડીનું પ્રદૂષણ ઓછું કરવામાં મદદરૂપ થાશે. ડિસ્કવરી સેન્ટર અને ઈન્ટરપ્રિટેશન સેન્ટર દ્વારા નાગરિકોને સ્થાનિક વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ વિશે જ્ઞાન મળશે.વિદ્યાર્થીઓ માટે સંશોધન તકો ઊભી થશે.વિદ્યાર્થીઓ માટે બાયોડાયવર્સિટી અંગે સંશોધન અને અભ્યાસની તકો ઉપલબ્ધ થશે. બાયોડાઈવર્સિટી પાર્કના મુખ્ય નજરાણા સમાન સુરતના અસલ જૂના વૃક્ષો પણ છે. જે હવે લુપ્ત થઈ ગયા છે તેવા વૃક્ષોને તજજ્ઞો પાસેથી યાદી લઈને તૈયાર કરવામાં આવશે. આ બાયો ડાયવર્સિટી પાર્ક અંગે સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર શાલીની અગ્રવાલે જણાવ્યું હતું કે, ભારત સરકાર અને ગુજરાત સરકાર યુરોપિયન યુનિયન અને એએસડીની ટીમ સાથે મળીને આ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. એટલે આ પાર્ક આંતરરાષ્ટ્રીય કક્ષાનો છે. આખો પાર્ક શહેરના મધ્યમાં બનાવવામાં આવ્યો છે. શહેરની ખાડીઓ, જ્યાં ડ્રેનેજનું ડમ્પિંગ થાય છે અને જે સ્થળ ગંદકીવાળું હોય છે. તેને સાફ કરી, ખાડીના બંને બાજુ આ બાયો ડાયવર્સિટી પાર્ક તૈયાર કરવામાં આવ્યું છે. પ્રકૃતિના તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને આ પાર્ક ડિઝાઈન કરવામાં આવ્યો છે.

પ્રાથમિક તપાસમાં છેલ્લા ત્રણ માસથી શાળા બંધ હોવાની વિગતો

# રાજ્યમાં આખે આખી બોગસ શાળા, અંતે DEO દ્વારા તપાસ : નોટિસ પાઠવાઈ

### ગામ લોકો છેલ્લા ૧૦ વર્ષથી શાળા બંધ હોવાનું કહી રહ્યા છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

રાજ્યમાં નકલી કલીના દોર વચ્ચે આખે આખી બોગસ શાળા બહાર આવવાના મામલમાં હવે જિલ્લા શિક્ષણધિકારી દ્વારા તપાસ કરતા શાળા ત્રણ મહિનાથી બંધ હોવાનું જણાવાયું છે. ધોરાજી તાલુકાના છાડવાવદરમાં કાગળ પર ધમધમતી ગ્રાન્ટેડ શાળા મામલે ગામ લોકોની ફરિયાદ બાદ રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીની ટીમે તપાસ કરતા શાળામાં છેલ્લા ત્રણ મહિનાથી કોઈ વિદ્યાર્થી આવ્યો જ ન હોવાનું અને શાળા બંધ હોવાનું સામે આવ્યું છે. જો કે, ગામલોકો કહી રહ્યા છે કે, અમે તો અહીં છેલ્લા ૧૦ વર્ષથી કોઈ વિદ્યાર્થીને અભ્યાસ માટે આવતા જોયા નથી. અમારે અમારા બાળકોને પણ ધોરાજી કે ઉપલેટા અભ્યાસ માટે મોકલવા પડે છે. કાગળ પર કાર્યરત આ શાળામાં એક આચાર્ય અને એક ક્લાર્ક પગાર પણ મેળવતા હોવાનું સામે આવ્યું છે. સરકારી અને ગ્રાન્ટેડ શાળામાં વર્ષ દરમિયાન અનેક સરકારી કાર્યક્રમો થતા હોય છે. ત્યારે આ શાળા વિદ્યાર્થીઓ વગર માત્ર કાગળ પર જ ચાલતી હતી તો પછી તે બાબત કોઈ અધિકારીના ધ્યાન પર કેમ ન આવી તે પણ તપાસનો વિષય છે. જો કે, હવે ભોપાળુ છતું થતા DEOએ નોટિસ ફટકારી ખુલાસો પૂછ્યો છે. ભોલગામડા ગામની વચ્ચે આવેલી જે. જે. કાલરીયા હાઈસ્કૂલ સરકારી ચોપડે ધો.૯ અને ૧૦ની કાગળ પર ચાલતી હતી. ગ્રામજનોએ ફરિયાદ કરતા ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ દ્વારા તપાસ કરવામા આવી છે. જેમાં પ્રાથમિક દૃષ્ટિએ આ શાળા છેલ્લા ૩ માસથી બંધ હોવાનું એજયુકેશન ઈન્સ્પેક્ટર સહિતનાની તપાસમાં સામે આવ્યું છે. ધોરાજી તાલુકા પંચાયત માજી ચેરમેન શીતલબેન ચૌહાણે જણાવ્યું હતું કે, આ સ્કૂલ ૧૦ વર્ષથી વધુ સમયથી બંધ છે અને અહીં ગ્રાન્ટેડ સ્કૂલ બંધ હોવાથી અમારા બાળકોને ધોરાજી સુધી અભ્યાસ માટે મોકલવા પડે છે. છાડવાવદર ગામની વિદ્યાર્થિની જાગૃતિએ કહ્યું હતું કે, આ સ્કૂલ છેલ્લા ૧૦ વર્ષથી બંધ હાલતમાં છે. મારે અહીં એડમિશન લેવું હતું પરંતુ આ સ્કૂલ બંધ હોવાથી મારે ધોરાજીમાં શાળામાં એડમિશન લેવું પડ્યું હતું. જે.જે.કાલરીયા હાઈસ્કૂલ કાગળ પર ચાલતી હોવાના આક્ષેપ બાદ તપાસમાં સામે આવ્યું છે કે, અહીં એક આચાર્ય અને ક્લાર્ક ફરજ બજાવે છે જેના પગારની ચૂકવણી સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. ગ્રામજનોએ કહ્યું હતું કે, શાળામાં આચાર્ય અને શિક્ષકો સહિતનો સ્ટાફ પણ ફરજ બજાવી રહ્યા છે પરંતુ આ શાળામાં કદી તાળા ખુલતા નથી એવો ગામજનોનો સ્પષ્ટ આક્ષેપ છે અને આ હાઈસ્કૂલ વિશે માહિતી અધિકાર હેઠળ શાળાની આરટીઆઈ પણ જાગૃત નાગરિક દ્વારા ત્રણ વર્ષ પૂર્વે કરવામાં આવી હોવાની બાબતો સામે આવી રહી છે. આ શાળામાં માત્ર નામના જ વિદ્યાર્થીઓ આવતા હોવાનો અને શાળા ગ્રાન્ટ અને શિષ્યવૃતિનો પણ લાભ લેતા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. આ અંગે રાજકોટ DEO દીક્ષીત પટેલે કહ્યું કે, ધોરાજીમાં ડમી શાળાની ફરિયાદ આવતાની સાથે જ એજ્યુકેશન ઈન્સ્પેક્ટર સહિતના અધિકારીને તપાસ અર્થે મોકલવામાં આવ્યા હતા. જ્યાં તપાસમાં જાણવા મળ્યા મુજબ આ શાળા ૩ માસથી ખુલી જ ન હોવાનું લાગી રહ્યું છે. આ શાળા પર ગત વર્ષે પણ ફરિયાદ કરવામાં આવી હતી અને ત્યારે પણ તાત્કાલીન સમયના અધિકારી દ્વારા પણ તપાસ કરવામાં આવી હતી. બીજી તરફ જે. જે. કાલરીયા સ્કૂલના ટ્રસ્ટી વલ્લભ કાલરીયાએ બચાવ કર્યો હતો કે, શાળા ચાલુ જ છે પરંતુ શિયાળાની સીઝન હોવાથી વિદ્યાર્થીઓ અમુક વખત શાળાએ આવતા નથી. એક ધોરણમાં ૨૮ અને અન્ય ધોરણમાં ૩૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આચાર્યનું નામ કોમલબેન વિરોજા છે અને અન્ય ક્લાર્ક છે.

# બોર્ડના વિદ્યાર્થીઓ હવે યુટ્યુબના માધ્યમથી પરીક્ષાની તૈયારી કરશે

### અમદાવાદ ગ્રામ્ય DEO દ્વારા પરીક્ષા પર્વની ગુરૂચાવી નામનો નવતર પ્રયોગ શરૂ કરાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા બોર્ડના પરીક્ષાર્થીઓ માટે 'પરીક્ષા પર્વની ગુરૂચાવી' કાર્યક્રમ શરૂ કરાયો છે. જેમાં વિવિધ વિષયોના તજજ્ઞો દ્વારા રોજેરોજ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ કાર્યક્રમમાં રોજેરોજ ૧૫ મિનીટનો વિડીયો યુટ્યુબ ચેનલ પર પ્રસારિત કરવામાં આવશે, જેમાં બોર્ડની પરીક્ષાની બ્લ્યુ પ્રિન્ટના આધારે અગત્યના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ-૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને દૈનિક ૧૫ મિનીટના વિડીયો જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ ગ્રામ્યની યુટ્યુબ ચેનલ પર પ્રસારિત કરવામાં આવશે. તેમાં જે તે ધોરણના મુખ્ય વિષયના વિડીયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા નિયત કરવામાં આવેલી બ્લ્યુ પ્રિન્ટને ધ્યાનમાં રાખીને પરીક્ષાની દૃષ્ટીએ અગત્યના મુદ્દાઓની ચર્ચા દ્વારા અમદાવાદ-ગ્રામ્યના નિષ્ણાત શિક્ષકોની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષા પર્વની ગુરૂચાવી આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, માર્ચ-૨૦૨૪ની બોર્ડની પરીક્ષા દરમિયાન પણ અમદાવાદ-ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કૃપાબહેન જહાના માર્ગદર્શન હેઠળ ધોરણ-૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના મુખ્ય વિષયોની પરીક્ષાના આગલા દિવસે 'અમૂલ્ય એક કલાક : તજજ્ઞની ટીપ્સ સાથે' કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને વિડીયો આપવામાં આવ્યો હતો, જેનો ૫૦ હજારથી વધુ વ્યૂઅર્સ દ્વારા લાભ લેવામાં આવ્યો છે તેમજ વિદ્યાર્થીઓને તેમની પરિણામ સુધારણામાં ખૂબ જ ઉપયોગી સાબિત થયો હતો.

# શહેરમાં ૧૨,૦૦૦થી વધુ વાહનો ચેક કરી ૧૨૫૭ લોકોને દંડ કરાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

અમદાવાદ શહેર પોલીસ દ્વારા મોડી રાત્રે કોમ્બિંગ અને વાહન ચેકિંગની કામગીરી કરવામાં આવે છે. ત્યારે પાલડી પોલીસ દ્વારા વાહન ચેકિંગ દરમિયાન મોંઘી દાટ કાર કબજે કરવામાં આવી છે. નંબર પ્લેટ ન હોવાના કારણે એક કરોડ રૂપિયાની પોર્શે કાર જમા લીધી હતી. કારચાલક જ્યારે રાત્રે ગાડી લઈને નીકળ્યો ત્યારે પોલીસ વાહન ચેકિંગ કરી રહી હતી અને આગળના ભાગે નંબર પ્લેટ જોવા ન મળતા તેને રોક્યો હતો અને તેના કારણે તેની ગાડી પોલીસે જમા લઈ લીધી હતી.

અમદાવાદ શહેર પોલીસ દ્વારા અલગ અલગ સ્થળોએ પોઈન્ટો ઉપર સિનિયર અધિકારીઓ તેમજ કુલ-૪૯ પોલીસ સ્ટેશનના આશરે

## નંબર પ્લેટ વિનાની પોર્શે કાર કબજે

૩૦૦૦ પોલીસ અધિકારી તથા કર્મચારીઓ દ્વારા કોમ્બિંગ કરી કુલ ૧૨૪૮૭ વાહન ચેકિંગ કરી ૧૨૫૮ મેમાં આપ્યા હતા. મિલ્કત સબંધી ગુનેગારો એમ.સી.આર., હિસ્ટ્રીશીટરો કુલ ૨૫૭ લોકોને ચેક કરવામાં આવ્યા હતા. દારુ-જુગાર અંગેના ૯૨ કેસો કરવામાં આવ્યા હતા.

વાહન ચેકિંગની કામગીરી દરમિયાન કસુરદાર વાહન ચાલકો પાસેથી સ્થળ દંડ વસુલ કરવામાં આવ્યો હતો. ૧૬૫ ફોર વ્હિલર વાહનોની બ્લેક ફીલ્મ ઉતારવામાં આવી હતી. ખામી યુકત નંબર પ્લેટ વાળી ટુ વ્હિલર તથા ફોર વ્હીલર વાહનો કુલ ૩૩૫ ડીટેઈન કરવામાં આવ્યા હતા.

# શિયાળો શરૂ થતાની સાથે અમદાવાદ શહેરમાં રોગચાળાનું પ્રમાણ વધ્યું

### વાયરલ ઈન્ફેક્શનના કેસો સાથે પાણીજન્ય રોગચાળામાં ઊછાળો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

અમદાવાદ શહેરમાં મચ્છર અને પાણીજન્ય રોગો વધી રહ્યા છે ત્યારે લોકોને સાવધાન રહેવાની જરૂર છે નહીં તો મોટાપાયે રોગચાળો વકરી શકે છે. શહેરમાં કેટલાક લોકો રોગચાળાનો શિકાર બન્યા છે. શિયાળાની શરૂઆતમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો વધ્યો છે.

અમદાવાદ શહેરમાં ગત માસ દરમિયાન ડેન્ગ્યુના ૧૬૮ કેસ ,ચિકનગુનિયાના ૩૧ કેસ, સાદા મલેરીયાના ૧૨૩ કેસ જ્યારે ઝેરી મલેરિયાના ૪૫ કેસ નોંધાયા છે.

ઝાડા ઉલ્ટીના ૩૧૪ તો કમળાના ૩૨૭ કેસ અને ટાઈફોઈડના ૩૨૪ કેસ નોંધાયા છે. જ્યારે નવેમ્બર મહિનામાં પાણીના ૪૮ સેમ્પલ ફેલ થયા છે. AMCના આરોગ્ય અધિકારી ડો.ભાવિન સોલંકીએ જણાવ્યું કે, નવેમ્બર મહિનામાં ૫૪ હજાર જેટલા ક્લોરિન ટેસ્ટ કરવામાં આવ્યા છે જ્યારે ૬ હજાર જેટલા પાણીના સેમ્પલ લેવામાં આવેલા છે. જેમાં ૪૨ જગ્યાએ પાણીના સેમ્પલ અનફિટ આવેલા છે જ્યાં જરૂરી કામગીરી હાથ ધરવામાં આવેલી છે. ઝાડા-ઉલ્ટીના ૩૧૪ કેસ નોંધાયા છે.

નોંધનીય છે કે, શહેરમાં શિયાળો શરૂ થતાની સાથે વાયરલ ઈન્ફેક્શનના કેસો સાથે પાણીજન્ય રોગચાળો પણ વધ્યો છે. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. પ્રદૂષિત પાણી અને બહારના ખાણીપીણીના કારણે લોકો વધારે બીમાર પડી રહ્યા છે. નવેમ્બર મહિનામાં શહેરમાં ઝાડા ઉલટી, કમળો અને ટાઈફોઈડના કેસ વધ્યા છે.

શહેરમાં હજી પણ પીવાનું અશુદ્ધ પાણી મળતું હોવાના કારણે ઝાડા ઉલટી, કમળા, કોલેરા અને ટાઈફોઈડના કેસો વધ્યા છે.

જમાઅતે ઈસ્લામી હિંદ અહમદાબાદના કાર્યક્રમમાં આહ્વાન

# સિનિયર સિટીઝન પોતાના જ્ઞાનનો મુસ્લિમ સમુદાયના ઉત્કર્ષ માટે ઉપયોગ કરે

### મુસ્લિમોની ધાર્મિક જવાબદારી છે કે તેઓ તેમના વાણી વર્તન દ્વારા ઈસ્લામનો સાચો પરિચય કરાવે : JIH અહમદાબાદ પ્રમુખ




અમદાવાદ,તા.૨

જમાઅતે ઈસ્લામી હિંદ અહમદાબાદ દ્વારા સિનિયર સિટિઝન માટે સુફફા હોલ, કરિશ્મા કોમ્પ્લેક્ષ, ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિનિયર સિટિઝન ગ્રુપ જુહાપુરા અને પાલડીના સભ્યો સારી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનો હેતુ સિનિયર સિટિઝન તેમના જ્ઞાન, કૌશલ્ય, અનુભવ અને સમયનો મુસ્લિમ સમુદાયના ઉત્કર્ષ માટે ઉપયોગ કરે તે માટે તેઓને તૈયાર કરવાનો હતો. જમાઅતે ઈસ્લામી હિંદ અહમદાબાદના પ્રમુખ ઈકબાલ એહમદ મિરઝાએ જમાઅતનો વિસ્તૃત પરિચય આપતા જણાવ્યું કે જમાઅતે ઈસ્લામી હિંદ રાષ્ટ્રીય કક્ષાનું ધાર્મિક સામાજિક સંગઠન છે. મુસ્લિમોની ધાર્મિક જવાબદારી છે કે તેઓ તેમના વાણી વર્તન દ્વારા ઈસ્લામનો સાચો પરિચય કરાવે અને દેશમાં પ્રેમ ભાઈચારાનું વાતાવરણ પ્રસ્થાપિત કરવા સહયોગ કરે. જમાઅત મુસ્લિમોને આહ્વાન કરે છે કે તેઓ કુર્આન, હદીસ અને સિરતે પાક (સ.અ.વ.) સમજીને વાંચે અને તે મુજબ પોતાનું વ્યક્તિગત અને સામૂહિક જીવન વ્યતીત કરે અને દેશની પ્રગતિમાં દરેક ક્ષેત્રમા ફાળો આપે. કુર્આનના આદેશ ધરતીના લોકો ઉપર રહેમ કરો અલ્લાહ તમારી ઉપર રહેમ કરશે, ને યથાર્થ ઠેરવતા કુદરત કે માનવ સર્જિત આફત સમયે અને સામાન્ય દિવસોમાં માનવ માત્રની દરેક પ્રકારની સેવા નિઃસ્વાર્થ ભાવે કરો. મુસ્લિમ સમુદાયના જાન-માલ ઈજ્જત, આબરૂની સુરક્ષા અને શિક્ષણ તેમજ આર્થિક પ્રગતિ માટે પ્રયત્નશીલ રહો. મુસ્લિમ યુવાનો સિવિલ સર્વિસ જેવા વિવિધ ક્ષેત્રોમાં પોતાનું ભવિષ્ય બનાવી દેશ અને સમુદાયની સેવા કરે. મદ્રસાઓ આધુનિક શિક્ષણ અપનાવે દીન અને દુનિયા એમ બંને શિક્ષણની વ્યવસ્થા કરે. તેઓએ જમાઅત સાથે સંલગ્ન અન્ય વિભાગો અને સંસ્થાઓના પરિચય આપ્યા હતા ઈકબાલ મિરઝાએ કહ્યું કે, ઈસ્લામી સાહિત્ય પ્રકાશન દ્વારા શ્રેષ્ઠ પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. ઈસ્લામી રિલીફ કમિટી ગુજરાત રજિસ્ટર્ડ એનજીઓ છે જે દરેક આફતમાં માનવની સેવાનું કાર્ય કરે છે. નાગરિક વિકાસ કેન્દ્ર દ્વારા રાજય અને કેન્દ્ર સરકારની સહાય યોજનાઓ સ્થાનિક કેન્દ્રો દ્વારા જનસામાન્ય સુધી પહોંચાડવાનું નિઃશુલ્ક કાર્ય નિયમિત પણે ચાલી રહ્યું છે. એપીસીઆર એસોસિએશન ફોર પ્રોટેકશન ઓફ સિવિલ રાઈટ દ્વારા નાગરિકોને તેમના અધિકાર વિશે માહિતગાર કરવામાં આવે છે. ઝકાત સેન્ટર દ્વારા ઈસ્લામના આદેશ અને માર્ગદર્શન મુજબ ઝકાતને તેના ખરા હકદાર સુધી પહોંચાડવામાં આવે છે. મેડિકલ ગાઈડન્સ સેન્ટર દ્વારા દર્દીઓને મેડિકલ બાબતે દરેક પ્રકારની માહિતી આપવામાં આવે છે. ધાર્મિક સૌહાર્દ મંચ દ્વારા બધા જ ધર્મના મહાનુભાવોનું સંકલન કરી સામાજિક દૂષણોને નાબુદ કરવામાં મહત્વનો ભાગ ભજવવામાં આવી રહ્યો છે. સિનિયર સિટિઝન જુહાપુરાના પ્રમુખ યુસુફ રાધનપુરાએ સિનિયર સિટિઝનના કાર્યોની વિગતવાર માહિતી આપતા કહ્યું કે આપણે આપણા સમય અને કૌશલ્યનો સમાજ માટે સદુપયોગ કરવાની જરૂર છે. સિનિયર સિટિઝન પાલડીના પ્રમુખ સિરાજુદ્દીન સૈયદે જણાવ્યું કે મોબાઈલને કારણે માનવ સ્પર્શ અને લાગણી ઓછા થઈ ગયા છે. તંદુરસ્તી જાળવી રાખીને સમાજ પ્રત્યેની જવાબદારી અદા કરવી જોઈએ. ડો. યાકુબ મેમને જણાવ્યું કે સિનિયર સિટિઝન પાસે જ્ઞાન, અનુભવ, કૌશલ્ય, પૈસા અને સમય બધું જ છે તેનો સમાજના ઉત્કર્ષ માટે ઉપયોગ કરવો જોઈએ. ડો. ઝુબેર કુરેશીએ જણાવ્યું કે આપણા શ્રીમંત લોકોના બાળકો ડોકટર બને છે અને ગરીબોના બાળકો મદ્રસામાં જાય છે. આપણે ખુબ પ્રયત્નો કરીએ છીએ પણ વિખરાઈ જઈએ છીએ. અર્જુનને માછલીની માત્ર આંખ દેખાઈ હતી તે રીતે કોઈ એક ક્ષેત્રમાં કામ કરવાની જરૂર છે. અંતમાં કાર્યક્રમના અધ્યક્ષ ડો. અબ્દુલ કાદર સાચોરાએ જણાવ્યું હતું કે જમાઅતે ઈસ્લામી હિંદનું કાર્ય વાસ્તવમાં મુસ્લિમ સમુદાયનું જ કાર્ય છે તેથી સૌ લોકોએ હળીમળીને સહિયારા પ્રયત્નો કરવાની તાતી જરૂર છે જે માટે કુર્આન આપણું માર્ગદર્શન છે. કાર્યક્રમનું સુંદર સંચાલન કલીમ અન્સારીએ કર્યું હતું.

સુરત સિવિલ હોસ્પિટલમાં

# દિવ્યાંગ દર્દી ઢસડાતા-ઢસડાતા કિડની બિલ્ડીંગ સુધી પહોંચ્યાનો વીડિયો વાયરલ

(સંવાદદાતા દ્વારા)સુરત, તા.૨

સુરત સિવિલ હોસ્પિટલની બેદરકારીઓ અવારનવાર સામે આવતી રહેતી હોય છે. ત્યારે સુરત સિવિલ હોસ્પિટલમાં એક વૃદ્ધ દર્દી ઢસડાતા ઢસડાતા કિડની બિલ્ડીંગ સુધી પહોંચ્યો હોવાનો એક વીડિયો સામે આવ્યો છે. આ બાબતે લોકોનું ધ્યાન જતા દર્દીને ડોક્ટર સુધી પહોંચાડવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, દિવ્યાંગ માટે સુરત સિવિલ હોસ્પિટલ દિવ્યાંગ જ બની ગઈ હોય તેવો ઘાટ સર્જાયો હતો. એક વૃદ્ધ દિવ્યાંગ દર્દી કે જેઓ ચાલી નથી શકતા તે કોઈ બીમારીના પગલે સારવાર અર્થે સુરત સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. જોકે, તે કિડની બિલ્ડીંગ તરફ જઈ રહ્યા હતા, ત્યારે કોઈપણ પ્રકારની સુરત સિવિલ હોસ્પિટલમાં મદદ મળી ન હતી. પોસ્ટમોર્ટમ રૂમની સામેથી આ વૃદ્ધ દર્દી ઢસડાતા ઢસડાતા જઈ રહ્યા હતા જેને ત્યાં હાજર લોકોએ પોતાના કેમેરામાં કેદ કરી લીધા હતા. આ દર્દી અંગે અન્ય લોકોને પણ જાણ થતાં તાત્કાલિક તેમની ડોક્ટર સુધી પહોંચાડવામાં આવ્યા હતા. સુરત સિવિલ હોસ્પિટલમાં દિવ્યાંગ દર્દીઓને કોઈ સુવિધા ન આપવામાં આવતી હોય તેવા શીર્ષક સાથે સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, દર્દીઓને સુવિધા અને સારવાર આપવાને લઈને અવારનવાર સુરત સિવિલ હોસ્પિટલ વિવાદમાં આવતી રહે છે. ત્યારે આ વીડિયો વાયરલ થતાં સુરત સિવિલ હોસ્પિટલની વધુ એક બેદરકારી સામે આવી છે.

# ઐતિહાસિક એલિસબ્રિજનું રિનોવેશન શરૂ : હેરિટેજ વેલ્યૂ જાળવી રખાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

આઝાદી પૂર્વે અંગ્રેજોએ સાબરમતી નદી ઉપર બનાવેલાં ઐતિહાસિક ગણાતાં એલિસબ્રિજનાં રિનોવેશનની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અને તેની હેરિટેજ વેલ્યુ જળવાઈ રહે તે પ્રકારે તેનુ નવીનીકરણ કરવામાં આવશે તેમ સ્ટે.કમિટી ચેરમેને જણાવ્યું હતું. સ્ટે.કમિટી ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, એલિસબ્રિજ નવીનીકરણની કામગીરી પશ્ચિમ છેડાથી શરૂ કરી દેવામાં આવી છે. એલિસબ્રિજનાં રિનોવેશનમાં ઉચ્ચ ગુણવત્તા જાળવવામાં આવશે અને તેની હેરિટેજ વેલ્યુ સાથે કોઈ પ્રકારનાં ચેડા કરવામાં આવશે નહિ. તેથી એલિસબ્રિજનાં નવીનીકરણ પૂરૂ થયાં બાદ તેમાં કોઈ મોટા ફેરફાર દેખાશે નહિ. પરંતુ એલિસબ્રિજ ઉપરનાં રોડની જગ્યાએ આર્કિટેક્ટનાં સલાહ-સૂચન મુજબ ડેકોરેટીવ પ્લાન્ટેશન તથા બેઠક વ્યવસ્થા, લાઈટીંગ અને અન્ય સજાવટ કરવામાં આવશે. ત્યારબાદ એલિસબ્રિજ મુલાકાતીઓ માટે ખુલ્લો મુકવામાં આવશે અને અમદાવાદીઓ સહિત દેશવિદેશનાં પ્રવાસીઓ પણ અટલબ્રિજની જેમ એલિસબ્રિજ ઉપર લટાર મારવા મજબૂર બને તેવી કામગીરી કરવામાં આવશે.

# સગીરાનું સતત બે વાર અપહરણ કરી દુષ્કર્મ આચરનારને ૨૦ વર્ષની સજા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

અમદાવાદ શહેરમાં રહેતી ૧૫ વર્ષિય સગીરાને વડોદરાનો ૨૨ વર્ષિય યુવક ધવલજી ઉર્ફે ભયલુ ઠાકોર સાથે છેલ્લા કેટલાક સમયથી પ્રેમમાં હતો. આ પ્રેમસંબંધને કારણે આરોપી ધવલે ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ સગીરાનું અમદાવાદથી અપહરણ કરી વડોદરા લઈ ગયો હતો. બાદમાં સગીરા પર બળાત્કાર ગુજાર્યાના આરોપસર સગીરાની માતાએ ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં ધવલ ઠાકોર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ગોમતીપુર પોલીસે તપાસ કરતાં તેને ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ આરોપીને ઝડપી લઈ જેલમાં મોકલી આપ્યો હતો. જોકે આ કેસમાં આરોપીને જામીન પર કોર્ટે મુક્ત કર્યો હતો. મુક્ત થયા બાદ તે ફરી તે સગીરાના સંપર્કમાં આવ્યો હતો અને ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ ફરી સગીરાનું અપહરણ કરી લઈ ગયો હતો. આ મામલે સગીરાની માતાએ નવેસરથી બીજી ફરિયાદ આરોપી ધવલજી ઠાકોર સામે નોંધાવી હતી. પોલીસે ફરી ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ ધવલજી ઠાકોરની ધરપકડ કરી જેલમાં મોકલી આપ્યો હતો. બંને કેસમાં ધવલજી ઠાકોરને મદદ રાજેશ ઠાકોરે કરતા પોલીસે બંને કેસમાં તેની પણ ધરપકડ કરી હતી. આ મામલે પોલીસે ચાર્જશીટ કરતા બંને કેસો ચાલવા પર આવ્યા હતા. જેમાં સરકારી વકીલે પુરતા સાક્ષી તપાસી તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરતા કોર્ટને જણાવ્યું હતું કે, આરોપી સામે ગુનો પુરવાર થાય છે, આરોપીને ફરિયાદી સહિતના સાક્ષીઓએ ઓળખી બતાવ્યા છે, આરોપી જામીન મળ્યા બાદ ફરી સગીરાનું અપહરણ કરી લઈ ગયો હતો અને બળાત્કાર ગુજાર્યો હતો, આખોય કેસ નિઃશંકપણે પુરવાર થાય છે ત્યારે આરોપીને દાખલા રૂપ સજા કરવી જોઈએ. ઉલ્લેખનીય છે કે સરકારી વકીલે કરેલી રજૂઆત બાદ કોર્ટે ધવલજીને ૨૦૨૦ના કેસમાં ૨૦ વર્ષ કેદની સજા ફટકારી છે. જ્યારે ૨૦૧૯ના કેસમાં નિર્દોષ છોડી દીધો. જ્યારે આરોપીને મદદરૂપ થનારા મિત્ર રાજેશને બંને કેસમાં નિર્દોષ છોડી મુકવા સ્પેશિયલ પોક્સો કોર્ટે આદેશ કર્યો છે. સતત બે વાર સગીરાનું અપહરણ કરીને તેની સાથે દુષ્કર્મ આચરવાના ગુનામાં કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારી છે.

# જામનગરમાં PGVCLના અધિકારીએ કોન્ટ્રાક્ટરની પત્ની પર દુષ્કર્મ આચર્યું

### બાકી નીકળતા નાણાં મામલે પાંચ વાર આચર્યું દુષ્કર્મ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

ગુજરાતમાં દુષ્કર્મની ઘટનાઓ હવે સામાન્ય બાબત બની ગઈ હોય એમ દરરોજ દુષ્કર્મના સમાચારો સામે આવી રહ્યાં છે. જામનગરમાં ગયા મહિને સામુહિક દુષ્કર્મની ઘટના ઘટી હતી, હવે ફરી જામનગરમાં દુષ્કર્મની ઘટના બની છે, જેમાં PGVCLના અધિકારીએ કોન્ટ્રાક્ટરની પત્ની પર દુષ્કર્મ આચર્યું છે.

જામનગરમાં PGVCLના અધિકારી હિતેન્દ્રસિંહ દીલિપસિંહ રાણાએ ૨૦૨૧થી ૨૦૨૪ દરમિયાન કોન્ટ્રાક્ટરની પત્ની પર ૫ વાર દુષ્કર્મ આચર્યું છે. હિતેન્દ્રસિંહ રાણા ૨૦૨૧થી ૨૦૨૪ દરમિયાન જામનગર વીજસર્કલ કચેરીમાં ફરજ બજાવતા હતાં, હાલ રાજકોટ વીજતંત્રમાં ઈન્ડસ્ટ્રીયલ રિલેશન ઓફિસર તરીકે ફરજ બજાવે છે. પીડિતાનો પતિ કોન્ટ્રાક્ટર જે તે સમયે જેલમાં ગયો હતો, એ દરમિયાન બાકી નીકળતા નાણા અંગે હિતેન્દ્રસિંહ રાણા અને કોન્ટ્રાક્ટરની પત્ની એકબીજાના સંપર્કમાં આવ્યાં હતા, જે બાદ ૨૦૨૧થી ૨૦૨૪ દરમિયાન PGVCLના અધિકારી હિતેન્દ્રસિંહ રાણાએ ૫ વાર દુષ્કર્મ આચર્યું હોવાની પોલીસ ફરિયાદ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પોલીસ દ્વારા ફરિયાદના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.

# ગાઝા બીજા વિશ્વયુદ્ધ પછી 'સૌથી તીવ્ર' નાગરિક બોમ્બમારાનો સામનો કરી રહ્યું છે : UNRWA

(એજન્સી) તા.૨

યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી ફોર પેલેસ્ટાઈન રેફ્યુજીસ ઈન ધ નીયર ઈસ્ટ (યુએનઆરડબ્લ્યુએ) એ જણાવ્યું કે ગાઝાએ ગયા વર્ષે બીજા વિશ્વયુદ્ધ પછી સૌથી તીવ્ર નાગરિક બોમ્બમારો સહન કર્યો હતો. અહેવાલમાં જણાવાયું છે કે પેલસ્ટીની શરણાર્થીઓની દુર્દશા વિશ્વની 'સૌથી લાંબી વણઉકેલાયેલી શરણાર્થી કટોકટી' છે. તે જણાવે છે કે જ્યાં સુધી ન્યાયી અને કાયમી ઉકેલ ન મળે ત્યાં સુધી પેલસ્ટીની શરણાર્થીઓને સહાય અને રક્ષણ આપવા માટે UNRWAની સ્થાપના કરવામાં આવી હતી. યુએન એજન્સીએ પેલસ્ટીની લોકો સાથે એકતાના આંતરરાષ્ટ્રીય દિવસને ચિહ્નિત કરવા માટે નિવેદન બહાર પાડ્યું છે, જે દર વર્ષે ૨૯ નવેમ્બરે મનાવવામાં આવે છે. ઓક્ટોબર ૭, ૨૦૨૩ના રોજ દક્ષિણ ઈઝરાયેલી સરહદ દ્વારા હમાસના ઘૂસણખોરીના જવાબમાં ઈઝરાયેલે ગાઝા પટ્ટીમાં હમાસ સામે મોટા પાયે આક્રમણ



શરૂ કર્યું, જે દરમિયાન લગભગ ૧,૨૦૦ લોકો મૃત્યુ પામ્યા અને લગભગ ૨૫૦ લોકોને બંધક બનાવ્યા. ગાઝા પટ્ટીમાં ચાલી રહેલા ઈઝરાયેલી હુમલામાં મૃત્યુ પામેલા પેલસ્ટીનીઓની સંખ્યા વધીને ૪૪,૩૬૩ થઈ ગઈ છે, ગાઝા સ્થિત આરોગ્ય અધિકારીઓએ શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું હતું.

# ઉમ્મ અલ-હિરાનનો ઈઝરાયેલે કર્યો વિનાશ પેલેસ્ટીની ગામ નકશામાંથી જ ભૂંસી નાખ્યું

(એજન્સી) તા.૨

ઈઝરાયેલ અને પેલેસ્ટીન વચ્ચે દાયકાઓથી સંઘર્ષની સ્થિતિ જોવા મળી રહી છે. કબજો કરનારા ઈઝરાયલે પેલેસ્ટીનના અનેક વિસ્તારોને પચાવી પાડ્યા છે જે વાત જગજાહેર છે અને તે ધીમે ધીમે ઉધઈની જેમ પેલેસ્ટીનના બાકીના વિસ્તારોને પચાવી પાડવા તરફ અગ્રેસર છે અને તેની વસાહતવાદની નીતિને આગળ વધારતું જઈ રહ્યું છે. આ દરમિયાન એક ચોંકાવનારા સમાચાર એ આવ્યા છે કે લગભગ બે દાયકાના સંઘર્ષ પછી, અહીં આવેલું ઉમ્મ અલ હિરાન નામનું ગામ પણ નાશ પામી ગયું છે. ગયા અઠવાડિયે, ઉમ્મ અલ-હિરાનના લોકોને તેમના ઘરોમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા, પરંતુ મોટાભાગના લોકો વિરોધ કર્યા વિના જ આગળ વધી ગયા હતા. દક્ષિણ ઈઝરાયેલના નેગેવ (નકાબ) રણમાં પેલેસ્ટીની ગામના રહેવાસીઓએ તેમના પોતાના મકાનો જાતે તોડી પાડ્યા હતા. તેઓએ આ કામ એટલા માટે જાતે જ કર્યું કે જેથી તેઓ પોતાની ઘરવખરી બતાવી શકે અને ઘરમાં પાળેલા પ્રાણીઓ પણ બચાવી શકે. ૨૦૧૭માં સ્થિતિ તદ્દન અલગ હતી. ત્યારપછી ડિમોલિશનના અગાઉના રાઉન્ડમાં પોલીસ દ્વારા ૪૭ વર્ષીય સ્કૂલ ટીચર, યાકૂબ અબુ અલ-કિયાનના જીવલેણ ગોળીબારમાં પરિણમ્યું હતું. આ ઘટનાએ મીડિયામાં ખળભળાટ



મચાવી દીધો હતો. આ વખતે ત્યાં થોડું કવરેજ કરાયું હતું, અને સ્થાનિકો પાસે વિરોધ કરવાનો કોઈ વિકલ્પ રહ્યો નહોતો. હિંસક હકાલપટ્ટી અથવા દંડના ડરથી, તેઓએ તેમના ઘરો છોડી દીધા, ભલે ઘણા કિસ્સાઓમાં તેમની પાસે બીજે ક્યાંય જવાનું વિકલ્પ ન હતું. તેમની જગ્યાએ હવે યહૂદી વસાહતીઓને વસાવાશે. ગામના રહેવાસીઓ માટે કામ કરતા વકીલના જણાવ્યાં અનુસાર, સપ્ટેમ્બરમાં ઈઝરાયેલ સરકારના બેદુઈન સત્તા સાથે 'એક સમજૂતી સુધી પહોંચવાના ઉદ્દેશ્ય સાથે' લાંબી બેઠક યોજવામાં આવી હતી. આ મીટિંગ બાદ ઓથોરિટીએ જવાબ આપવાનું બંધ કરી દીધું હતું. નેગેવમાં વાદી અલ-ખલીલ સહિત ત્રણ ગામોને પહેલાથી જ ખાલી કરીને તોડી પાડવામાં આવ્યા છે અને રાસ જરાબાહ ગામ પણ જોખમમાં છે. રાજ્યના અધિકારીઓ માટે રહેવાસીઓ દ્વારા તેમના ઘરોને ખાલી કરાવવા અને વિનાશ કરવા પૂરતા ન હતા. તેણે પોતાની મસ્જિદ જાળવી રાખી હતી અને તેથી, સેંકડો વિશેષ પોલીસ, હેલિકોપ્ટર સાથે, ગુરૂવારે સવારે ગામમાં પ્રવેશ્યા. જ્યારે રહેવાસીઓ ત્યાંથી નીકળી ગયા હતા ત્યારે ત્યાં કોઈ ઘર ઊભું ન હતું. જ્યારે પોલીસે ગામની મસ્જિદનો નાશ કર્યો ત્યારે ૨૦થી ઓછા કાર્યકરો, પત્રકારો અને પૂર્વ રહેવાસીઓ ત્યાર હાજર હતા. પછી રહેવાસીઓ તેને તોડી પાડવામાં નિષ્ફળ ગયા હતા, તેથી ડિમોલિશનના ખર્ચ માટે દંડ વસૂલતી નોટિસ પોસ્ટ કરવામાં આવી હતી.

# પેલેસ્ટીને ઉત્તરી ગાઝા રહેવાસીઓને વિસ્થાપિત કરવાની ઈઝરાયેલી યોજનાઓ પર અમેરિકાના મૌનની ટીકા કરી

(એજન્સી) તા.૨

પેલેસ્ટીન શનિવારે ગાઝા પટ્ટીમાં ચાલી રહેલા ઈઝરાયેલી નરસંહાર, નાગરિકોની ભૂખમરો અને ઉત્તર ગાઝામાં લોકોને તેમના ઘરો અને જમીનો છોડીને ભાગી જવાની ફરજ પાડવાના હેતુથી બફર ઝોનની રચના અંગે યુએસના મૌનની ટીકા કરી હતી. પેલેસ્ટીની પ્રેસિડેન્ટના પ્રવક્તા નબિલ અબુ રૂદૈનેહે પેલેસ્ટીની ન્યૂઝ એજન્સી વફા દ્વારા અહેવાલમાં એક નિવેદનમાં જણાવ્યું કે, 'ઈઝરાયેલી નીતિ અને તેની નાણાકીય અને લશ્કરી સહાયની જોગવાઈ અંગે યુએસ વહીવટીતંત્રનું મૌન ઈઝરાયેલના કબજાને આ ગુનાઓ ચાલુ રાખવા દે છે.' અને કબજો કરનાર રાજ્યને આંતરરાષ્ટ્રીય ઈચ્છાની અવગણના કરવાની મંજૂરી આપી છે.' તેમણે યુ.એસ.ને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવા અને યુદ્ધ રોકવા માટે ઈઝરાયેલને દબાણ કરવા માટે ગંભીર અને અસરકારક વલણ અપનાવવા માંગ કરી છે. અબુ રૂદૈનેહે ભારપૂર્વક જણાવ્યું કે 'આ પ્રદેશ હવે ઈઝરાયેલની આક્રમક નીતિઓને સહન કરી શકશે નહીં, કારણ કે આ નીતિઓ તણાવ અને અસ્થિરતામાં વધારો કરે છે.' રાષ્ટ્રપતિના પ્રવક્તાએ યુએન



સિક્યુરિટી કાઉન્સિલને પણ વિનંતી કરી કે 'પેલેસ્ટીની મુદ્દાને લગતા તેના ઠરાવો અમલમાં મૂકવો, જેમાંથી નવીનતમ ઠરાવ નંબર (૨૭૩૫) છે, જે યુદ્ધવિરામ માટે બોલાવે છે, સમગ્ર ગાઝા પટ્ટીને સહાયની શરૂઆત કરે છે, સંપૂર્ણ ઈઝરાયેલ ઉપાડ 'અને પેલેસ્ટીન રાજ્યને ગાઝા પટ્ટીમાં તેની જવાબદારીઓને સંપૂર્ણ રીતે પૂર્ણ કરવા સક્ષમ બનાવવા માટે માંગ કરે છે.' ઈઝરાયેલે ગયા વર્ષે ઓક્ટોબરથી ગાઝા પટ્ટી પર નરસંહાર યુદ્ધ ચલાવ્યું હતું, જેમાં લગભગ ૪૪,૪૦૦ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો હતા અને ૧૦૫,૧૦૦થી વધુ ઘાયલ થયા હતા. ગાઝામાં નરસંહારના બીજા વર્ષે વધતી જતી આંતરરાષ્ટ્રીય ટીકાને દોરવામાં આવી છે, અધિકારીઓ અને સંગઠનોએ હુમલાને અને સહાય પુરવઠાને અવરોધિત કરવાને વસ્તીનો નાશ કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ ગણાવ્યો છે.

# ઈઝરાયેલ ઉત્તર ગાઝામાં યુદ્ધ અપરાધો કરી રહ્યું છે : ઈઝરાયેલના પૂર્વ સંરક્ષણ મંત્રી

(એજન્સી) તા.૨

ઈઝરાયેલના પૂર્વ સંરક્ષણ મંત્રી મોશે યાલોને રવિવારે ઉત્તરી ગાઝા પટ્ટીમાં સૈન્ય પર યુદ્ધ અપરાધો કરવાનો અને આ ગુનાઓને લોકોથી છુપાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે 'હું ઉત્તર ગાઝામાં કાર્યરત કમાન્ડરો વતી બોલું છું. ત્યાં યુદ્ધ અપરાધો કરવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે 'આઈડીએફ (સૈન્ય) સૈનિકો તેમના જીવનને જોખમમાં મૂકે છે અને આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ કોર્ટમાં કેસ ચલાવવામાં આવશે. મારે ત્યાં (ઉત્તરી ગાઝામાં) શું થઈ રહ્યું છે અને તેઓ આપણાથી શું છુપાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જ્યાં તેઓ યુદ્ધ ગુનાઓ કરી રહ્યા છે તે વિશે એલાર્મ વધારવું પડશે.' શનિવારે પૂર્વ સંરક્ષણ મંત્રીએ ઈઝરાયેલ પર ઉત્તર ગાઝામાં 'વંશીય સફાઈ' કરવાનો આરોપ મૂક્યો હતો અને વડાપ્રધાન બેન્જામિન



નેતાન્યાહુ પર દેશને 'બરબાદ' કરવાનો આરોપ મૂક્યો હતો. 'ઉત્તરી ગાઝામાં વંશીય સફાઈ વિશે મેં જે કહ્યું તેની જવાબદારી હું લઉં છું. તેમણે ગાઝાની વસ્તીને વિસ્થાપિત કરવાના દૂરના દક્ષીણપંથી નાણા મંત્રી બેઝલેલ સ્મોટ્રિચના કોલની પણ ટીકા કરી હતી. તેમણે જણાવ્યું કે સ્મોટ્રિચને ગાઝાની વસ્તી અડધાથી ઘટાડવાની તક પર ગર્વ છે. 'તમે આને શું કહેશો ? તેમને ૨૦ લાખ ગઝાનની હત્યા કરવામાં કોઈ નૈતિક સમસ્યા નથી. આપણે એક સમયે લોકશાહી રાજ્ય હતા.' ગયા મહિને, સ્મોટ્રિચે ગાઝાને પુનઃ કબજે કરવાની માંગ કરી હતી અને આ વિસ્તારમાંથી પેલેસ્ટીનીઓના 'સ્વૈચ્છિક સ્થળાંતર'ને પ્રોત્સાહિત કરીને તેની વસ્તી અડધાથી ઘટાડવાનું સૂચન કર્યું હતું. ઘણા ઈઝરાયેલી મંત્રીઓએ ગાઝા પર તેલ અવીવના ઘાતક આક્રમણ વચ્ચે સ્વૈચ્છિક સ્થળાંતરને પ્રોત્સાહિત કરીને ગાઝા પર ફરીથી કબજો કરવા અને પેલેસ્ટીની વસ્તી ઘટાડવા માટે માંગ કરી છે. ઓકટોબર ૫ થી, ઈઝરાયેલે ઉત્તરી ગાઝામાં મોટા પાયે ગ્રાઉન્ડ ઑપરેશન શરૂ કર્યું છે, અહેવાલ મુજબ પેલેસ્ટીની પ્રતિકાર સમૂહ હમાસને ફરી એકઠા થતા અટકાવવા. જો કે, પેલેસ્ટીનનો આરોપ છે કે ઈઝરાયેલ આ વિસ્તાર પર કબજો કરવા માંગે છે અને તેના રહેવાસીઓને બળજબરીથી વિસ્થાપિત કરવા માંગે છે.

# યુક્રેનમાં લશ્કરી રીતે બંધાયેલા હોવાને કારણે રશિયા અસદ શાસનને સીરિયાના બળવાખોર આક્રમણનો સામનો કરવામાં મદદ કરી શક્યું નથી : સૂત્રો

(એજન્સી) તા.૨

મોસ્કોના લશ્કરી દળો યુક્રેનમાં અટવાયેલા હોવાથી સીરિયન બળવાખોરોના હુમલાનો સામનો કરવા માટે તુર્કી સીરિયન શાસનને મદદ કરવામાં વધુને વધુ અસમર્થ બની રહ્યું છે, તુર્કીના સુરક્ષા સૂત્રોએ જણાવ્યું છે. આ અઠવાડિયાની શરૂઆતમાં, આતંકવાદી સમૂહ હયાત તહરિર અલ-શામ (એચટીએસ)ની આગેવાની હેઠળના સીરિયન વિપક્ષી લડાકુઓએ બશર અલ-અસદ શાસન માટે લડતા દળો સામે એક મોટું આક્રમણ શરૂ કર્યું અને ગઈકાલે એલેપ્પોના મોટા શહેર પર ઝડપથી આગળ વધ્યુ. ચાર વર્ષમાં બળવાખોરો દ્વારા તે પ્રથમ પ્રત્યક્ષ અને મોટા પાયે અભિયાન હતું - તે સમયગાળો જ્યારે તેઓ ઉત્તરપશ્ચિમ રાજ્ય અને અલેપ્પો રાજ્યના ઉત્તરીય ભાગો સુધી મર્યાદિત હતા. આ પ્રગતિઓએ અસદના મુખ્ય સાથી એવા રશિયાનું પણ ધ્યાન આકર્ષિત કર્યું છે, જેણે છેલ્લા એક દાયકામાં અસદ શાસનને તેના મોટા ભાગના વિસ્તારને ફરીથી કબજે કરવા માટે નોંધપાત્ર લશ્કરી સહાય પૂરી પાડી છે. જોકે, સૈન્ય રીતે ફરી હસ્તક્ષેપ કરવાને બદલે મોસ્કોએ આ જવાબદારી દમાસ્કસને સોંપી દીધી છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે શુક્રવારે જણાવ્યું કે રશિયન સરકાર બળવાખોર હુમલાને સીરિયન સાર્વભૌમત્વનું ઉલ્લંઘન માને છે અને તે અપેક્ષા રાખે છે કે સીરિયન સેના શક્ય તેટલી વહેલી તકે વ્યવસ્થા પુનઃસ્થાપિત કરે. તે એક નિવેદન હતું જેને ઘણા લોકો અસરકારક રીતે શાસનને તેના



પોતાના ઉપકરણો પર છોડી દેવા તરીકે જોતા હતા. આવા વલણનું મુખ્ય કારણ એ હકીકત છે કે રશિયન દળો મોટાભાગે યુક્રેનમાં બંધાયેલા છે, જેમાં મોટાભાગના રશિયન આર્મી અને એરફોર્સ કાં તો યુદ્ધગ્રસ્ત પૂર્વ યુરોપીયન દેશમાં તૈનાત છે અથવા ફેબ્રુઆરી ૨૦૨૨થી ચાલુ આક્રમણમાં છે. સમાપ્ત થઈ ગયું છે. મિડલ ઈસ્ટ આઈના જણાવ્યાં અનુસાર, તુર્કીના અનામી સુરક્ષા સૂત્રોએ ખાતરી કરી છે કે રશિયા સીરિયન બળવાખોરોના આક્રમણનો જવાબ આપવામાં ધીમો છે, કારણ કે તેણે તેની મોટાભાગની હવાઈ સંપત્તિ યુક્રેનમાં ખસેડી છે.

# લેબેનોનમાં બે લોકોનાં મોત, અનેક ઘાયલ, ઈઝરાયેલે યુદ્ધવિરામનો ભંગ કરવાનું ચાલુ રાખ્યું

(એજન્સી) તા.૨

દક્ષિણ લેબેનોનના એક નગર પર શનિવારે ઈઝરાયેલના ડ્રોન હુમલામાં બે લોકો મૃત્યુ પામ્યા અને અન્ય બે ઘાયલ થયા. ૨૭ નવેમ્બરે હિઝબુલ્લાહ અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધવિરામ અમલમાં આવ્યા બાદ આ પ્રથમ હત્યા છે. રાજ્ય સમાચાર એજન્સી NNA અનુસાર, હુમલામાં રૂબ થલાથિન શહેરને નિશાન બનાવવામાં આવ્યું હતું, જ્યારે અન્ય સરહદી નગરોમાંથી પણ ગોળીબારના અહેવાલો હતા. અગાઉ, આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે મજદલ જૌન ગામમાં એક કારને નિશાન બનાવતા ઈઝરાયેલના હુમલામાં સાત વર્ષના બાળક સહિત ત્રણ લોકો ઘાયલ થયા હતા. મંત્રાલયે જણાવ્યું કે, દક્ષિણ લેબેનીઝ શહેર સિડોન નજીક અલ-બિસરિયા પર ઈઝરાયેલી હુમલામાં અન્ય એક વ્યક્તિ ઘાયલ થયો હતો. NNA એ પણ અહેવાલ આપ્યો છે કે શનિવારની મોડી રાત્રે બૈરૂત અને તેના દક્ષિણ ઉપનગરો પર ઈઝરાયેલી ડ્રોન 'નીચી ઊંચાઈ' પર ઉડાન ભરી હતી, જે યુદ્ધવિરામ પછીની પ્રથમ ઘટના છે. યુદ્ધવિરામ બુધવારે અમલમાં આવ્યો હતો, પરંતુ લેબેનોને મધ્યસ્થી પક્ષો - વોશિંગ્ટન અને પેરિસ - સમક્ષ ચિંતા વ્યક્ત કરી



છે કે ઈઝરાયેલ કરારનું ઉલ્લંઘન કરી રહ્યું છે. સીમા પાર ગોળીબાર અને બે મહિનાની ભીષણ લડાઈના એક વર્ષથી વધુ સમયનો અંત લાવવાનો ઉદ્દેશ્ય ધરાવતા યુદ્ધવિરામ કરાર બુધવારે અમલમાં આવ્યો હતો. સમજૂતીની શરતો અનુસાર, લેબેનીઝ દળો અને યુએન પીસકીપર્સ ૬૦ દિવસના સમયગાળા માટે દક્ષિણ લેબેનોનમાં તૈનાત રહેશે કારણ કે ઈઝરાયેલી દળો ત્યાંથી ખસી જશે.

# વેસ્ટ બેંકમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૪ પેલેસ્ટીનીનાં મોત

(એજન્સી) તા.૨

એક સ્થાનિક અધિકારીએ જણાવ્યું કે, રવિવારે વેસ્ટ બેંકના શહેર જેનિનમાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં ચાર પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે. જેનિનના ગવર્નર કામેલ અબુ અલ-રાબે જણાવ્યું કે શહેરની દક્ષિણે આવેલા સાર ગામમાં એક વાહનને નિશાન બનાવતા હુમલામાં ચારેય લોકો મૃત્યુ પામ્યા છે. તેમણે જણાવ્યું કે ચાર યુવાનોના મૃતદેહ ઈઝરાયેલી દળો દ્વારા કબજે કરવામાં આવ્યા હતા અને તેમની ઓળખ વિશે કોઈ વિગતો આપી ન હતી. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે હુમલાને કારણે ગામમાંથી ધુમાડાના ગોટેગોટા ઉડતા હતા. ઈઝરાયેલના સૈન્ય પ્રવક્તાએ આ વાતની પુષ્ટિ કરતા કહ્યું કે વિમાને જેનિન વિસ્તારમાં "સશસ્ત્ર આતંકવાદીઓ" પર હુમલો કર્યો. ઈઝરાયેલના આર્મી રેડિયોએ અહેવાલ આપ્યો છે કે હવાઈ હુમલામાં ચાર પેલેસ્ટીની લડાકુઓને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેઓ છેલ્લા કેટલાક સમયથી સુરક્ષા દળો દ્વારા દેખરેખ હેઠળ હતા. ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના ક્રૂર યુદ્ધને કારણે વેસ્ટ બેંકમાં તણાવ વધારે છે, જેમાં ગયા વર્ષે ઓકટોબરમાં હમાસના હુમલા બાદ ૪૪,૪૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો હતા. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર કબજાવાળા પ્રદેશોમાં ઈઝરાયલી દળો દ્વારા અત્યાર સુધીમાં ૮૦૧થી વધુ પેલેસ્ટીની



મૃત્યુ પામ્યા છે અને લગભગ ૬,૬૦૦ અન્ય ઘાયલ થયા છે. જુલાઈમાં ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસે પેલેસ્ટીની જમીન પર ઈઝરાયેલના દાયકાઓથી ચાલતા કબજાને "ગેરકાયદેસર" જાહેર કરીને અને વેસ્ટ બેંક અને પૂર્વ જેરૂસલેમમાં આવેલી તમામ વસાહતોને ખાલી કરાવવાની માગણી કરતો સીમાચિહ્નરૂપ સલાહકાર અભિપ્રાય જારી કર્યો હતો.

# પેલેસ્ટીનીઓએ મસ્જિદોમાંથી લાઉડસ્પીકર ઉતારી લેવાના ઈઝરાયેલના નિર્ણયને વખોડ્યો

(એજન્સી) તા.૨

મીડિયા અનુસાર, પેલેસ્ટીનીઓએ ઈઝરાયેલની અંદરના આરબ શહેરોની મસ્જિદોમાંથી લાઉડસ્પીકર જપ્ત કરવાના કટ્ટરવાદી ઈઝરાયેલી રાષ્ટ્રીય સુરક્ષા પ્રધાન ઈટામર બેન-ગવીરના નિર્ણયની નિંદા કરી છે. કટ્ટરવાદી પ્રધાને મસ્જિદના લાઉડસ્પીકર્સ જપ્ત કરવા વિશે બડાઈ કરી, દાવો કર્યો કે તે 'ખલેલ પહોંચાડતા' હતા. એક નિવેદનમાં, પેલેસ્ટીનીઓની ટોચની નિર્ણય લેતી સંસ્થા પેલેસ્ટીની નેશનલ કાઉન્સિલે આ નિર્ણયને મસ્જિદો વિરૂદ્ધ 'ગુના' તરીકે ગણાવ્યો. તેણે કહ્યું, આ 'પવિત્ર સ્થળો અને ધાર્મિક પ્રથાઓ કે જેની આંતરરાષ્ટ્રીય અને માનવતાવાદી કાયદાઓ દ્વારા બાંયધરી આપવામાં આવે છે તેના પરનો હુમલો છે અને જાતિવાદને ઉશ્કેરવાનો સ્પષ્ટ પ્રયાસ છે,'. 'આ પ્રથાઓ જમીનના સાચા માલિકો સામે ગુંડાગીરીના કૃત્યનું પ્રતિનિધિત્વ કરે છે, જેમને કબજો જમાવનારી સરકાર તેમના ઘરો અને જમીનોમાંથી બળજબરીથી વિસ્થાપિત કર્યા પછી લઘુમતી ગણે છે અને તેમની સાથે લઘુમતી તરીકે વર્તે છે.' પેલેસ્ટીની પ્રતિકાર જૂથ હમાસે બેન-ગવીરના નિર્ણયને 'ગંભીર અપરાધ અને ઈબાદતની સ્વતંત્રતા પર હુમલો' તરીકે નિંદા કરી. હમાસે પેલેસ્ટીનીઓને 'આ ગુનાહિત નિર્ણયને નકારવા અને સત્તાવાળાઓને પવિત્ર સ્થળો અને ધાર્મિક પ્રથાઓ સાથે ચેડા કરતા અટકાવવા પગલાં લેવા' હાકલ કરી. તેણે આરબ લીગ, ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન અને



આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને પણ વિનંતી કરી કે 'આ ગુનાની નિંદા કરો, આપણા લોકો સામેના ઉલ્લંઘનને રોકવા માટે પગલાં લો અને કબજા નેતાઓને પવિત્ર સ્થળો અને પેલેસ્ટીની લોકો સામેના તેમના ગુનાઓ માટે જવાબદાર ઠેરવો.' બેન-ગવીરે ગાઝા પર ઈઝરાયેલના નરસંહારના યુદ્ધની વચ્ચે પેલેસ્ટીનીઓ સામે તેમના ઉશ્કેરણીજનક રેટરિકને વધુ તીવ્ર બનાવ્યું છે, જ્યાં ૭ ઓકટોબર, ૨૦૨૩થી ૪૪,૪૦૦થી વધુ લોકો, જેમાં મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો હતા, માર્યા ગયા છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# ભ્રામક દાવાઓ કરતી ખાનગી કોચિંગ સંસ્થાઓ પર લગામ

દેશભરમાં બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલાં અને ઠેર-ઠેર પથરાયેલી ખાનગી કોચિંગ સંસ્થાઓમાં ભણાવાના આકર્ષણનું મુખ્ય કારણ એ છે કે આવી લગભગ તમામ જગ્યાઓ વિશે કરવામાં આવતા પ્રચારમાં એ વાત પર ભાર મૂકવામાં આવે છે કે ત્યાં ભણ્યા પછી દરેકને સારી નોકરી મળશે. પરંતુ વાસ્તવિકતા શું છે તે બધા જાણે છે. મોટાભાગની કોચિંગ સંસ્થાઓ ત્યાં ભણતા ૧૦૦% વિદ્યાર્થીઓને નોકરી આપવાનું વચન આપે છે અને આ રીતે એક પ્રકારની જાળ બિછાવીને છેતરપિંડી સાથે તે બાળકોને તેમાં ફસાવે છે. જ્યારે દરેક વ્યક્તિ જાણે છે કે કોચિંગ સંસ્થાઓમાંથી દર વર્ષે કેટલા વિદ્યાર્થીઓ બહાર આવે છે અને નોકરી માટે કેટલી બેઠકો છે ? મર્યાદિત સરકારી નોકરીઓના યુગમાં દરેકને તકો પૂરી પાડવાનો દાવો કરવો એ વાસ્તવમાં ભ્રમ ફેલાવવા જેવું છે. આ અંગે ઘણા સમયથી સવાલો ઊઠી રહ્યા છે. હવે કેન્દ્ર સરકારે ઘણા સ્તરો પર કોચિંગ સંસ્થાઓ દ્વારા ભ્રામક પ્રચારને રોકવા માટે હાલમાં નવી માર્ગદર્શિકા જારી કરી છે, જેના હેઠળ હવે '૧૦૦ ટકા સિલેકશન' અથવા '૧૦૦ ટકા નોકરીની ગેરંટી' જેવા દાવા કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે . વાસ્તવમાં, છેલ્લા કેટલાયે સમયથી એવી પરંપરા બની ગઈ છે કે કોચિંગ સંસ્થાઓ તેમના પ્રચાર દરમિયાન તેઓ જે દાવા કરે છે તે અંગે કોઈપણ પ્રકારની પારદર્શિતાનું પાલન કરતી નથી. મર્યાદિત તકોના યુગમાં તેઓ કયા આધારે ૧૦૦% ગેરંટીનો દાવો કરે છે અને તેઓ તે કેવી રીતે પૂરી પાડશે તે અંગે તેઓ કોઈપણ ખુલાસા કરતા નથી. પોપાબાઈનું રાજ હોય એમ તેમને શિક્ષણના ફોર્મેટ, શિક્ષકોની વિગતો અને તેમની લાયકાત, સંસાધનો વગેરે અંગે તેમની આંતરિક રચનામાં પારદર્શિતા જાળવવી જરૂરી લાગતી નથી. છતાં લોકોને પોતાની સંસ્થા તરફ ખેંચવા માટે બહાર પાડવામાં આવતી જાહેરાતોમાં અતિશયોક્તિપૂર્ણ અને ખોટા દાવા કરવામાં કોઈ કમી રાખવામા આવતી નથી. કારણ કે કોઈ પૂછવાવાળું જ નથી હોતું.

હવે નવા નિયમો અનુસાર, આવી સંસ્થાઓએ ફી, તેમની સેવાઓ, તેમની ગુણવત્તા, શિક્ષકોની લાયકાત અને તેમની વિશ્વસનીયતા વગેરે વિશે સ્પષ્ટપણે માહિતી જાહેર કરવી પડશે. આ નવી માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરનાર કોચિંગ સંસ્થાઓ પર ૧૦થી ૫૦ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે અને તેમનું લાઈસન્સ પણ રદ થઈ શકે છે.

નાના શહેરોથી લઈને મોટા શહેરો સુધીના ઘણા વિદ્યાર્થીઓ કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં ભણવા આવે છે તો તેની પાછળનું એક મોટું કારણ આ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવતા મોટા મોટા દાવાઓ છે. ઘણી વખત મહત્ત્વની નોકરીમાં સફળતા મેળવનાર ઉમેદવારને ઘણી સંસ્થાઓ દ્વારા એવું કહેવામાં આવે છે કે તેણે ત્યાં અભ્યાસ કર્યો છે તેવું કહે. આ દાવાઓના પ્રભાવ હેઠળ અને મોટી ફી ચૂકવ્યા પછી, ત્યાં પ્રવેશ લેનારા તમામ વિદ્યાર્થીઓને અમુક સ્પર્ધાત્મક પરીક્ષામાં સિલેકશનની ખાતરી આપવામાં આવે છે અને તેમને ૧૦૦% સરકારી નોકરીની ખાતરી આપવામાં આવે છે. જ્યારે દેશભરની કોચિંગ સંસ્થાઓમાં દર વર્ષે કેટલા વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે છે અને સરકારી નોકરીઓની ઉપલબ્ધતા શું છે તે વાત જાહેર કરવામાં આવતી નથી.

શહેરના બાપુનગર વિસ્તારમાં આવેલી કાકડીયા હોસ્પિટલમાં દર્દીને સ્ટેન્ટ મૂક્યા બાદ તેનું મૃત્યુ નિપજતા પરિવારજનોએ હોસ્પિટલમાં હોબાળો કર્યો હતો. મૃતકના પરિવારજનોએ ન્યાય નહીં મળે ત્યાં સુધી નહીં સ્વીકારવાની ચીમકી ઉચ્ચારી હતી. ત્યારે મોડી રાત્રે પોલીસ અને હોસ્પિટલ મેનેજમેન્ટ તંત્ર દ્વારા સંપૂર્ણપણે ન્યાયિક તપાસ કરવાની અને મૃતકનું પેનલ પોસ્ટમોર્ટમ કરવાની ખાતરી આપવામાં આવતા પરિવારજનો દ્વારા મૃતદેહને સ્વીકારવામાં આવ્યો હતો. પેનલ પોસ્ટમોર્ટમ માટે લાશને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. શહેર કોટડા પોલીસે અકસ્માત મોત નોંધી અને આ સમગ્ર મામલે હવે તપાસ શરૂ કરી છે. કાકડીયા હોસ્પિટલ તરફથી સત્તાવાર રીતે પ્રેસનોટ જાહેર કરી અને માહિતી આપવામાં આવી હતી કે, રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે હૃદયના અને ડાબા ખભાના દુખાવાની ફરિયાદ સાથે એક દર્દી કાકડીયા હોસ્પિટલમાં સારવાર માટે આવ્યા હતા. તેમની મેડિકલ તપાસ અને કાર્ડીઓગ્રામ કરતા તેમને હૃદયનો ભારે હુમલો (Inferior wall ST Elevation MI) હોવાથી તેમનું નિદાન કરવામાં આવ્યું હતું. તાત્કાલિક સારવાર તરીકે તેમને Anti-Platelet Loading Dose, Heparin ઈન્જેક્શન આપ્યા પછી રોગની ગંભીરતાના કારણે તાત્કાલિક એન્જીઓગ્રાફી માટે સમજાવ્યા હતા. દર્દીના સગાની સંમતિ પછી PMJAY ઓફિસમાંથી ઈમરજન્સી એપ્રુવલ સરકારની ગાઈડલાઈન પ્રમાણે લેવામાં આવ્યું હતું. જેનું VTPN NO. 138342 છે. આ વર્તમાન AMERICAN HEART ASSOCIATION (AHA) 11 PMJAYની ગાઈડલાઈન મુજબ તાત્કાલિક સારવાર માટે તેમને કેથલેબમાં એન્જીઓગ્રાફીમાં લીધેલાં હતા. એન્જીઓગ્રાફીમાં હૃદયની મુખ્ય નળીમાં - LEFT CIRCUMFLEX ARTERYમાં ૧૦૦ ટકા બ્લોકેજ જોવા મળ્યું હતું. દર્દીના હાજર સગાને એન્જીઓગ્રાફીનો વીડિયો બતાવી અને સ્ટેન્ટ મુકવાની ઈમરજન્સીમાં જરૂર છે. ઓપેરશનના ફાયદા અને જોખમ વિષે સમજવામાં આવ્યા બાદ દર્દીના સગાએ ૧૦ મિનિટ જેટલા સમય પછી લેખિતમાં સંમતિ આપ્યા બાદ તેમની એન્જીયોપ્લાસ્ટી સફળતાપૂર્વક કરવામાં આવી હતી. તે બાદ દર્દીને સ્વસ્થ અવસ્થામાં ICUમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા અને તેમના સગા સબંધી સાથે સભાન પૂર્વક વાતચીત પણ કરી હતી. આશરે ૩૦ મિનિટ બાદ દર્દીને (૬૫ ટકા ધબકારાની તકલીફો થતા (ACLS)ની ગાઈડ લાઈન મુજબ ૪૦થી ૫૦ મિનિટ સુધી અનુભવી ડૉક્ટરની ટીમ દ્વારા RESUSCITATION (CPR) કરવામાં આવ્યું હતું. આ બધી સારવારની વિગતવાર માહિતી દર્દીના હાજર સગાને સમયે સમયે સમજવામાં આવી હતી. હોસ્પિટલ અને સ્ટાફના અથાગ પ્રયાસ પછી પણ દર્દીનું દુ:ખદ અવસાન થવાથી સમગ્ર હોસ્પિટલ અને ડોક્ટર્સની ટીમ દિલગીર છે.

### પેનલ પીએમની ખાતરી બાદ પરિવારે મૃતદેહ સ્વીકાર્યો




# અમદાવાદમાં ગુનાખોરી અટકાવવા પોલીસ કમિશનરે ૧૪ PIની કરી આંતરિક બદલી

### તમામ PIને તાત્કાલિક અસરથી ઓર્ડર મુજબ હાજર થવા આદેશ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨
અમદાવાદ શહેરમાં છેલ્લાં કેટલાય સમયથી સતત અસામાજિક તત્વોનો ત્રાસ તથા હત્યા, મારામારી, રાયોટીંગ, અકસ્માત જેવા અનેક બનાવો સામે બન્યા છે. તેવામાં શહેર પોલીસ કમિશનર દ્વારા શહેરમાં ક્રાઈમ કંટ્રોલમાં લાવવા માટે ૧૪ જેટલા પીઆઈની આંતરિક બદલી કરી છે. શહેર પોલીસ કમિશનર જી.એસ મલિકે અગાઉ અમદાવાદ શહેરનાં કાગડાપીઠ પીઆઈ એસ.એ પટેલ અને એલિસબ્રિજ પીઆઈ બી.ડી ઝીલરિયાને ફરજમાં બેદરકારી દાખવવા બદલ સસ્પેન્ડ કર્યા હતા. તેવામાં હવે પૂર્વ અને પશ્ચિમ અમદાવાદનાં અલગ અલગ પોલીસ સ્ટેશન તેમજ એજન્સીઓમાં ફરજ બજાવતા ૧૪ પીઆઈની આંતરિક બદલીઓ કરવામાં આવી છે.




અમદાવાદ શહેર પોલીસ કમિશનરે વટવા પીઆઈ કે.એ ગઢવીની EOWમાં, એ ડિવિઝન ટ્રાફિક પીઆઈની વટવામાં, ગોમતીપુર સેકેન્ડ પીઆઈ જે.પી ચૌધરીનીએ ડિવિઝન ટ્રાફિકમાં, સાયબર પીઆઈ કે.એમ ભુવાની એલીસબ્રિજમાં, રખિયાલ સેકેન્ડ પીઆઈ બી.પી સાવલિયાની રામોલમાં, એસ.જી ૨ ટ્રાફિક પીઆઈ એસ.એ ગોહિલની કાગડાપીઠમાં, એસ.જી ૧ ટ્રાફિક પીઆઈ એ.એસ પટેલની બોડકદેવમાં બદલી કરી છે.

સાથે જ પોલીસ કમિશનરે બોડકદેવ પીઆઈ આર.વી વીંછીની એસ.જી ૧ ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં, અમરાઈવાડી પીઆઈ ડી.વી હડાતની કંટ્રોલરૂમમાં, સાયબર પીઆઈ પી.એચ મકવાણાની અમરાઈવાડીમાં, કંટ્રોલ પીઆઈ એન.બી બારોટની સાયબર ક્રાઈમમાં, એસઓજી પીઆઈ યુ.એચ વસાવાની એસ.જી ૨ ટ્રાફિકમાં, ખાડિયા પીઆઈ કે.પી ચાવડાની AHTUમાં અને AHTU પીઆઈ એસ.જે ભાટિયાની ખાડિયામાં બદલી કરી છે. પોલીસ કમિશનર દ્વારા તમામ પીઆઈને તાત્કાલિક અસરથી ઓર્ડર મુજબ હાજર થવા આદેશ કરવામાં આવ્યો છે.

અમદાવાદ શહેર પોલીસમાં થોડાક દિવસ પહેલા અમદાવાદમાં નોકરી કરતા પોલીસના વહીવટદારોની બદલી જિલ્લામાં કરવામાં આવી હતી જેને લઈ અમુક પીઆઈ ઉપર છાંટા પણ ઉડયા હતા ત્યારે અમદાવાદ પોલીસે અચાનક ૧૪ પીઆઈઓની બદલી કરી નાખી છે. અમદાવાદ શહેરમાં વધતી જતી ક્રાઈમની ઘટનાઓને લઈ શહેર પોલીસ કમિશનરે બદલી કરી હોય તેવી ચર્ચાએ જોર પકડયું છે. હજી પણ ઘણા પોલીસ સ્ટેશનમાં એવા પીઆઈ છે કે જેમની બદલી લાંબા સમયથી થઈ નથી, એક વર્ષ કરતા ઉપરના પોલીસ સ્ટેશનમાં સમય કાઢયો તેમ છત્તા તેવા પીઆઈઓની હજી બદલી થતી નથી.

### ''માય-રેશન એપ'' દ્વારા મોબાઈલથી ઘેર બેઠા e-KYC થઈ શકે છે

# રાજ્યના ૨.૭૫ કરોડ લોકોનું e-KYC પૂર્ણ; ૧૦૦૦ નવી આધારકિટ એક્ટિવ કરાશે

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨
સરકારી અનાજ સહિત વિવિધ સરકારી સ્કીમોનો લાભ મેળવવા માટે રેશનકાર્ડને આધારકાર્ડ સાથે લિંક કરવા માટે સરકાર દ્વારા ચોક્કસ સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. તેવામાં રાજ્યમાં ઊઠેલી ફરિયાદો વચ્ચે નાગરિકો સરળતા અને ઝડપથી e-KYC કરી શકે તે માટે પુરવઠા વિભાગની ટીમોને વધુ કાર્યરત કરાઈ છે. સાથે જ અધિકારીઓ દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું હોવાનું જણાવતા. અન્ન-નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાના મતે રાજ્યમાં કુલ ૨.૭૫ કરોડ લોકોના e-KYC કરવામાં આવ્યા છે. કુંવરજી બાવળીયાએ જણાવ્યું છે કે, રાજ્યમાં ૧.૩૮ કરોડ નાગરિકોએ ઘરે બેઠા માય-રેશન એપ થકી, જ્યારે ગ્રામ પંચાયત સ્તરે VCE દ્વારા ૧.૦૭ કરોડ નાગરિકોનું e-KYC કરવામાં આવ્યું છે. આમ, માય-રેશન એપ, ગ્રામ પંચાયત, જનસેવા કેન્દ્રો, પોસ્ટ ઓફિસ, બેંક, આંગણવાડી વગેરેના માધ્યમથી અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૨.૭૫ કરોડથી વધુ નાગરિકોનું e-KYC સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યુ છે. આ સાથે હાલમાં રાજ્યમાં જનસેવા કેન્દ્રો હસ્તક ૫૪૬, ગ્રામ પંચાયતોમાં ૫૦૬, શિક્ષણ વિભાગ પાસે ૨૨૬, આંગણવાડીમાં ૩૧૧ તેમજ પોસ્ટ-બેંક હસ્તક ૨,૭૮૭ થઈને કુલ ૪,૩૭૬ જેટલી આધારકીટ કાર્યરત છે. એ જ રીતે e-KYCમાં નાગરિકોને વધુ સરળતા રહે તે માટે નવી ૧,૦૦૦ આધારકીટ એક્ટિવ કરવાનું આયોજન કરાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પુરવઠા વિભાગ હેઠળ e-KYC થાય છે, પરંતુ તેનો સંપૂર્ણ આધાર UID એટલે કે આધારકાર્ડ પર છે. આધાકાર્ડના નામ-અટકમાં સુધારો ન થાય ત્યાં સુધી e-KYC થતું નથી. આધારકાર્ડનું કામ GAD પ્લાનિંગ તરફથી થાય છે. આધારકાર્ડની કીટની સંખ્યા વધારવા અને કીટના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે ગાંધીનગર ખાતે કંટ્રોલરૂમ પણ કાર્યરત છે. આ ઉપરાંત જિલ્લા કલેક્ટરોને પોસ્ટ અને બેંક સાથે સંકલન કરીને આધારકીટ કાર્યરત રાખવા અને સતત મોનીટરીંગ કરવાની આયોજન વિભાગ તરફથી સૂચના આપવામાં આવી છે. તેમ પણ મંત્રીએ જણાવ્યું છે.

### e-KYC મુદ્દે પુરવઠા વિભાગની ટીમો વધુ કાર્યરત કરાઈ

### પવનની દિશા બદલાતા ઠંડીનું જોર ઓછું થવાની આગાહી

# આગામી ત્રણ દિવસ ગુજરાતીઓને ઠંડીથી રાહત મળે તેવી શકયતા

### રાજ્યભરમાં આગામી ત્રણ દિવસ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૨
ગુજરાતમાં ફૂલ ગુલાબી ઠંડીનો માહોલ જામ્યો છે, ત્યારે આ ઠંડી વચ્ચે એક વિરામ આવ્યો હોય તેવી હવામાન વિભાગ આગાહી વ્યક્ત કરવામાં કરી છે. જેમાં આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યભરના લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સુધીનો વધારો થઈ શકે છે એટલે કે બરોબર શિયાળો જામ્યો ત્યાં તાપમાનમાં વધારો થતાં ઠંડીનું જોર ઘરે તેવી સંભાવના છે. ગત નવેમ્બર માસમાં પણ તાપમાનમાં વધારો ઘટાડો સતત રહેતા ગુજરાતીઓને હાડ થીજવતી ઠંડીનો અનુભવ આ વર્ષે હજુ સુધી થયો નથી. ત્યાં ડિસેમ્બર મહિનાની શરૂઆતના દિવસોમાં જ લઘુત્તમ તાપમાનમાં વધારો થતાં ઠંડીનું જોર ઘરશે તેવી હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. ગુજરાત પર શિયાળાની ઋતુ દરમિયાન ઉત્તર અથવા તો ઉત્તરપૂર્વીય દિશા તરફથી પવનો આવતા જેથી ઉત્તર ભારતમાં હિમાલયની ઠંડી ગુજરાત તરફ આવે છે, પરંતુ હાલમાં ગુજરાત પર આવતા પવનની દિશા ઉત્તર પૂર્વ અને પૂર્વ દિશા તરફથી છે. જેથી આગામી ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સુધી વધારો થતા ઠંડીનું પ્રમાણ ઘટે તેવી શક્યતા છે. હાલમાં વાતાવરણના ઉપરી વિસ્તારમાં ભેજવાળા પવનો આવતા હોવાથી આગામી પાંચ દિવસ ગુજરાત રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેવાની સાથે ઠંડીનું પ્રમાણ પણ યથાવત રહેશે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં નોંધાયું હતું. જ્યાં નલિયામાં ૧૨ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત અમદાવાદમાં પણ છેલ્લા ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાન ૧૬.૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે આજે પણ અમદાવાદ શહેરનું લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. આ ઉપરાંત વડોદરામાં ૧૪.૬ ડિગ્રી, રાજકોટમાં ૧૩.૪ ડિગ્રી અને સુરતમાં ૨૧.૯ ડિગ્રી લઘુ તાપમાન નોંધાયું હતું.

### ધ્રાંગધ્રાના કંકાવાટી ગામે

# પિતાએ સંતાનોને મોબાઈલ જોવાની ના પાડતા લાગી આવતા પત્નીએ ઝેર ગટગટાવ્યું

### માતાએ આત્મહત્યા કરતા ત્રણ સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી

સુરેન્દ્રનગર, તા.૨
સુરેન્દ્રનગર જિલ્લામાં આત્મહત્યાનું પ્રમાણ સતત વધતું જઈ રહ્યું છે ત્યારે જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના કંકાવટી ગામની મહિલાએ ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી છે. મળતી વિગત અનુસાર સુરેન્દ્રનગર જિલ્લાના કંકાવટી ગામે ખેડૂત અને તેનો પરિવાર વસવાટ કરી રહ્યો છે અને તેમને પોતાના પરિવારમાં ત્રણ સંતાનો છે જેમાં બે દીકરી અને એક નાનો પુત્ર છે ત્યારે આ ત્રણેય સંતાનો મોબાઈલ જોઈ રહ્યા હતા તે દરમિયાન પિતાએ મોબાઈલ જોવાની ના પાડતા રસોડામાં રહેલી માતાએ વરિયાળીમાં છાંટવાની દવા પી લઈ આત્મહત્યા કરી જીવન ટૂંકવી નાખ્યું છે સામાન્ય બાબતે આત્મહત્યા કરતા પરિવાર શોક મગ્ન બની જવા પામ્યો છે મૃતદેહને પીએમ માટે સુરેન્દ્રનગરની ગાંધી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

ઘટનાની જાણ થતા પીએસઆઇ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. મૃતક મૂળ ગોધરા તાલુકાના હોવાનું સામે આવ્યું છે પરંતુ તેમના પરિવારજનો દ્વારા હાલમાં પેનલ પીએમ કરાવવાની માંગ કરવામાં આવતા ગાંધી હોસ્પિટલમાં તેમનું પેનલ પીએમ કરવામાં આવ્યું છે.

# મમતા બેનરજીએ બાંગ્લાદેશ સંકટ મુદ્દે UNના હસ્તક્ષેપની માંગ કરી

## મમતા બેનરજીએ યુએનના હસ્તક્ષેપને પગલે બાંગ્લાદેશમાં શાંતિ રક્ષા દળોની વિચારણા કરવા માટે કેન્દ્ર સરકાર માટે પ્રસ્તાવ પણ રજૂ કર્યો હતો

(એજન્સી) કોલકાતા, તા.૨

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પાડોશી દેશ બાંગ્લાદેશમાં ચાલી રહેલા સંકટમાં સંયુક્ત રાષ્ટ્ર (યુએન)ના હસ્તક્ષેપની માંગ કરી હતી. તેણીએ યુએનના હસ્તક્ષેપને પગલે બાંગ્લાદેશમાં શાંતિ રક્ષા દળોની વિચારણા કરવા માટે કેન્દ્ર સરકાર માટે પ્રસ્તાવ પણ રજૂ કર્યો હતો. તેણીએ કહ્યું કે, આ મારી દરખાસ્તો છે. વડાપ્રધાને આ બાબતે નિવેદન આપવું જોઈએ અને યુએનના હસ્તક્ષેપની માંગ કરવી જોઈએ. મુખ્યમંત્રીએ રાજ્ય વિધાનસભાના ફ્લોર પર આ બે દરખાસ્તોનો ઉલ્લેખ કર્યા પછી તેણીએ દરખાસ્તોના કારણો પણ સમજાવ્યા હતા. હું ગેરકાયદેસર ઘૂસણખોરી વિશે બોલવા ઈચ્છતી નથી. આ સંપૂર્ણ રીતે કેન્દ્ર સરકારનો મામલો છે અને અમે આ મામલે કેન્દ્રના નિર્ણયોને હંમેશા સ્વીકારીએ છીએ. પરંતુ, કેન્દ્ર સરકાર છેલ્લા દસ દિવસથી બાંગ્લાદેશ મુદ્દે મૌન છે. સત્તાધારી પાર્ટી ભારતમાં સરહદો સીલ કરવાની અને ખોરાકનો પુરવઠો રોકવાની માંગ કરી રહી છે. જો કેન્દ્ર સરકાર ઈચ્છે તો અમે તે કરી શકીએ છીએ. તેમણે કહ્યું કે તેમની સરકાર અને પક્ષ બાંગ્લાદેશ પર કેન્દ્ર સરકાર દ્વારા જે પણ સ્ટેન્ડ લેવામાં આવશે તેનું સમર્થન કરશે. રવિવારે સાંજે ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્શિયસનેસ (ઈસ્કોન)ના એક વરિષ્ઠ અધિકારીએ દાવો કર્યો હતો કે યુએન સહિત



આંતરરાષ્ટ્રીય શાંતિ સંસ્થાઓ બાંગ્લાદેશમાં હિન્દુઓ, ખાસ કરીને ઈસ્કોનના સાધુઓ પરના હુમલાઓ અને અત્યાચારો પ્રત્યે ઉદાસીન છે તેના એક દિવસ પછી સદનના ફ્લોર પર તેમના નિવેદનો કરવામાં આવ્યા આવ્યા હતા. મુખ્ય પ્રધાને એમ પણ કહ્યું હતું કે જો કેન્દ્ર સરકાર તેને મંજૂરી આપે તો તેમને બાંગ્લાદેશથી આવતા લોકોને આશ્રય આપવામાં કોઈ સમસ્યા નહીં હોય. તેમણે બાંગ્લાદેશમાં ભારતીય ત્રિરંગાના અપમાનની ઘટનાની પણ ટીકા કરી હતી. તેણીએ એમ પણ કહ્યું કે જો કેન્દ્રને તે જરૂરી લાગે તો એક ભારતીય પ્રતિનિધિને બાંગ્લાદેશમાં ચર્ચા માટે મોકલી શકાય છે.

# EVMના દેશમાં સોલાપુરના ગ્રામજનો બેલેટ પેપરથી મતદાન કેમ કરી રહ્યા છે ?

(એજન્સી) તા.૨

ઈવીએમના દેશમાં બેલેટ પેપરથી મતદાન! એક ગામના ગ્રામ્ય મતદારો! ગ્રામજનો પોલિંગ એજન્ટ છે! પ્રિસાઈડિંગ ઓફિસર અને ચૂંટણી અધિકારીઓ ખુદ ગ્રામજનો છે! ચૂંટણી પંચને ઈવીએમના પરિણામો પસંદ ન આવતાં ગ્રામજનોએ પોતાના સ્તરે બેલેટ પેપર દ્વારા મતદાનની વ્યવસ્થા કરી હતી. મહારાષ્ટ્રના સોલાપુરના એક ગામમાં મોટી સંખ્યામાં લોકોએ બેલેટ પેપર દ્વારા મતદાન કરવાનો નિર્ણય લીધો છે. તેમણે મહારાષ્ટ્ર ચૂંટણીમાં ઈવીએમ વોટિંગ પર માત્ર અવિશ્વાસ વ્યક્ત કર્યો છે. અવિશ્વાસ એટલો છે કે ગ્રામજનોએ વહીવટીતંત્રને બેલેટ પેપર દ્વારા મતદાન કરવા જણાવ્યું હતું, પરંતુ વહીવટીતંત્રે ના પાડી દેતાં ગ્રામજનોએ સ્વખર્ચે બેલેટ પેપર દ્વારા મતદાન કરવાની વ્યવસ્થા કરી હતી. જો કે વહીવટીતંત્ર આ મતદાનને માન્યતા નહીં આપે, ગ્રામીણોનું કહેવું છે કે તેઓ સાબિત કરવા માંગે છે કે ઈવીએમ તેઓ જે મતદાન કરે છે તે સચોટ રીતે દર્શાવતા નથી. મામલો સોલાપુરના મારકડવાડીનો છે. ગ્રામજનોએ નક્કી કર્યું છે કે ૩ ડિસેમ્બરે સવારે ૭ થી ૪ વાગ્યા સુધી બેલેટ પેપર દ્વારા મતદાન થશે. આ પછી તરત જ મતોની ગણતરી કરવામાં આવશે અને પરિણામ જાહેર કરવામાં આવશે. કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પાર્ટીઓ આના પર નજર રાખી રહી છે. કોંગ્રેસના પ્રવક્તા અતુલ લોંધે પાટીલે કહ્યું



છે કે, 'માર્કડવાડી (સોલાપુર) ગામના લોકોએ પોતાના ખર્ચે બેલેટ પેપર પર મતદાન કરવાનો નિર્ણય લીધો છે. આ ગામમાં ભાજપના રામ સાતપુતેને લીડ મળી છે, જે ગ્રામજનોને સ્વીકાર્ય નથી. મતદાન બેલેટ દ્વારા કરવામાં આવશે. દૂધનું દૂધ અને પાણીનું પાણી થશે. તો સવાલ એ છે કે કોંગ્રેસ કે ગ્રામજનો 'દૂધનું દૂધ અને પાણીનું પાણી'થી શું સાબિત કરવા માગે છે ? વાસ્તવમાં, રાજ્યમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો પછી EVM મશીનોને લઈને થઈ રહેલા આરોપો વચ્ચે, સોલાપુર જિલ્લાના માલશિરસ તાલુકાના મરકડવાડી ગામમાં EVM પરિણામો પર અવિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ વર્ષે માલશિરસ વિધાનસભા ક્ષેત્રમાં શરદ પવારના ઉત્તમ જાનકર અને ભાજપના ઉમેદવાર રામ સાતપુતે વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી. જેમાં ઉત્તમ જાનકરનો વિજય થયો હતો. પરંતુ મારકડવાડી ગામમાં સાતપુતેને વધુ મત મળ્યા હતા. સાતપુતેને ૧૦૦૩ મત મળ્યા, જ્યારે જાનકરને ગામમાંથી માત્ર ૮૪૩ મત મળ્યા. જેને લઈને ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. એક અહેવાલ અનુસાર, જાનકરના સમર્થકો દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ વર્ષની વિધાનસભા ચૂંટણીમાં સાતપુતેને જાનકર કરતા વધુ વોટ મળ્યા, જે પહેલા ક્યારેય નથી થયા. અગાઉ ૨૦૦૯, ૨૦૧૪ અને ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં, જાનકરે ગામમાં વધુ મત મેળવ્યા હતા અને તેમને ગામમાં ૮૦ ટકાથી વધુ મતો મળ્યા હતા. લોકસભા વખતે પણ ગામમાં ૮૦ ટકા મત ભાજપની વિરૂદ્ધ હતા. પરંતુ ગ્રામજનો દાવો કરે છે કે આ વર્ષની ચૂંટણીમાં કંઈક ખોટું થયું છે, Agroon.iskal.com અહેવાલ આપે છે. તેમનું કહેવું છે કે બરાબર શું ખોટું થયું તે જોવા માટે બેલેટ પેપર પર પરીક્ષણ મતદાન કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અહેવાલ મુજબ, તહસીલદાર પાસેથી પરવાનગી માંગવામાં આવી હતી. હવે એવું કહેવાય છે કે ગામ આખો ખર્ચ ઉઠાવવા અને સરકારી કર્મચારીઓને બેલેટ પેપર પર ટ્રાયલ વોટિંગ કરાવવા તૈયાર છે. પરંતુ અહેવાલો અનુસાર એવું કહેવામાં આવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. આ કારણોસર ગામના જાનકરના સમર્થકોએ સ્વખર્ચે બેલેટ પેપરથી મતદાન કરવાનું નક્કી કર્યું છે.

# કાશ્મીરી પંડિત મહિલાઓ બિન-સ્થાયી લોકો સાથે લગ્ન કરે તો તેની સ્થળાંતર સ્થિતિમાં કોઈ ફેરફાર થશે નહીં : જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટ

(એજન્સી) તા.૨

જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખની હાઈકોર્ટે અવલોકન કર્યું છે કે કાશ્મીરી પંડિત મહિલાઓ બિન-સ્થાયી લોકો સાથે લગ્ન કરે તો પણ તેમની સ્થળાંતર સ્થિતિમાં કોઈ ફેરફાર થશે નહીં. કોર્ટે પીએમ રોજગાર પેકેજ હેઠળ પસંદ કરાયેલી બે મહિલાઓની તરફેણમાં સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ (CAT)ના આદેશને સમર્થન આપ્યું છે.

ડિસેમ્બર ૧ ૨૦૧૭માં કાશ્મીરી સ્થળાંતર કરનારાઓ માટેના પીએમ પેકેજ હેઠળ ડિઝાસ્ટર મેનેજમેન્ટ રાહત, પુનર્વસન અને પુનઃ નિર્માણ વિભાગમાં કાયદાકીય સહાયકના પદ માટે તેમની કામચલાઉ પસંદગી પછી એ આધાર પર જપ્ત કર્યું કે તેઓએ બિન-સ્થાયી વ્યક્તિઓ સાથે લગ્ન કર્યા પછી તેમનો સ્થળાંતર દરજ્જો ગુમાવ્યો છે અને ૨૦૧૮માં આ બે મહિલાઓ—સીમા કૌલ અને વિશાલની કૌલ-હાઈકોર્ટમાં ગઈ હતી.

ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે, આ કોર્ટ સમક્ષ એક જાહેર મહત્ત્વનો પ્રશ્ન ઊભો થાય છે કે શું કોઈ મહિલા જેને તેણી અને તેના પરિવાર દ્વારા સહન કરવામાં આવેલી વેદનાને કારણે સ્થળાંતરનો દરજ્જો



આપવામાં આવ્યો છે, જેના કારણે તેઓને કાશ્મીર ખીણમાં પોતાનું ઘર અને ઘર છોડવાની ફરજ પડી હતી અને તે માત્ર એ હકીકતને કારણે જ ઉક્ત દરજ્જો ગુમાવશે કે તેણીએ બિન-સ્થાયી વ્યક્તિ સાથે લગ્ન કર્યા છે ? આ ઉત્તરદાતાઓ મહિલાઓ છે અને તેમનો કોઈ દોષ ન હોવા છતાં કાશ્મીર ખીણમાં તેમના મૂળ રહેઠાણનું સ્થાન છોડવું પડ્યું હતું, તેઓ માત્ર સ્થળાંતર તરીકે કાશ્મીર ખીણમાં નોકરી મેળવવા માટે અપરિણીત રહે તેવી અપેક્ષા રાખી શકાય નહીં. કોર્ટે કહ્યું કે આવી પરિસ્થિતિમાં એવું માનવું કે સ્ત્રી સ્થળાંતર તરીકેનો પોતાનો દરજ્જો ગુમાવશે કારણ કે તેણીએ, લગ્નની કુદરતી ઈચ્છાને લીધે, હાલના સંજોગોને કારણે બિન-સ્થાયી વ્યક્તિ સાથે લગ્ન કરવા પડ્યા હતા, તે ન્યાયની વિભાવનાની વિરૂદ્ધ આને ભેદભાવપૂર્ણ છે.

કોઈ પુરૂષ સ્થળાંતરિત થાય છે અને તેણે બિન-સ્થાયી વ્યક્તિ સાથે લગ્ન કર્યા છે. આવી સ્થિતિ માનવ જાતિમાં પ્રવર્તતી પિતૃસત્તાના કારણે જ સર્જાઈ છે. જો કે, રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ હેઠળ રોજગાર સંબંધિત બાબતોમાં આવા ભેદભાવ કરી શકાતો નથી. કોર્ટે ૧૬ મેના CAT આદેશ સામે કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ અરજીને ફગાવી દીધી હતી. ૨૦૦૮માં જાહેર કરાયેલ પીએમ રોજગાર પેકેજ હેઠળ તેમની પસંદગી પછી લગભગ ૪,૦૦૦ કાશ્મીરી સ્થળાંતરિત પંડિતો કાશ્મીરમાં વિવિધ વિભાગોમાં કામ કરી રહ્યા છે, જેમાં બે મુખ્ય ઘટકો છે-એક સમુદાયના યુવાનો માટે ૬,૦૦૦ નોકરીઓની જોગવાઈથી સંબંધિત છે અને બીજો ૬,૦૦૦ આવાસની જોગવાઈથી સંબંધિત છે. ટ્રિબ્યુનલના આદેશને વાજબી અને યોગ્ય ગણાવતા, કોર્ટે કહ્યું કે આ સૂચનામાં તથ્યો/વૈવાહિક સ્થિતિની અયોગ્ય જાહેરાતને કારણે ઉમેદવારી રદ કરવાની જોગવાઈ નથી. તેથી, આ દલીલ પણ નકારી કાઢવામાં આવે છે.

# નવી દિલ્હીમાં પેલેસ્ટીન સાથે એકતા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

(એજન્સી) તા.૨

ભારતીય મુસ્લિમ સંગઠનોની એક અગ્રણી છત્ર સંસ્થા, ઓલ ઈન્ડિયા મુસ્લિમ મજલિસ-એ-મુશાવરત (AIMMM)એ ગાઝામાં વધતા જતા સંકટ વચ્ચે પેલેસ્ટીન સાથે એકતા વ્યક્ત કરવા માટે શનિવારે નવી દિલ્હીમાં એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. રાજેન્દ્રભવન ખાતે આયોજિત આ કાર્યક્રમમાં રાજકારણ, માનવાધિકાર હિમાયત અને એકેડેમિયાના વક્તાઓનું વૈવિધ્યસભર પેનલ દર્શાવવામાં આવ્યું હતું, જેઓ પેલેસ્ટીની ઉદ્દેશ્યના સમર્થનમાં એક થયા હતા.




અગ્રણી સહભાગીઓમાં નેપાળના ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન ઉપેન્દ્ર યાદવ, માનવાધિકાર કાર્યકર્તા હર્ષ મંડેર, શિક્ષણવિદો પ્રો. અચિનવિનાયક અને પ્રો. સંદીપ પાંડે, ખેડૂત નેતા ડૉ. સુનિલમ, ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના પ્રવક્તા ડૉ. એસક્યુઆર ઈલ્યાસ અને દિલ્હીના ભૂતપૂર્વ આયોગના અધ્યક્ષ ડૉ. ઝફરૂલ-ઈસ્લામ ખાનનો સમાવેશ થાય છે.

AIMMMના પ્રમુખ ડૉ. ઝફરૂલ-ઈસ્લામ ખાને પેલેસ્ટીન સાથે ભારતના સંબંધો પર ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય સાથે આ ઈવેન્ટની શરૂઆત કરી. તેમણે ૧૨મી સદીમાં ભારતીય સૂફી સંત બાબા ફરીદની જેરૂસલેમની મુલાકાત, જેરૂસલેમમાં દફનાવવામાં આવેલા રાષ્ટ્રવાદી નેતા મોહમ્મદ અલી જૌહર દ્વારા દર્શાવવામાં આવેલી પેલેસ્ટીન માટેની ચિંતા અને પેલેસ્ટીનના ઉદ્દેશ્ય માટે મહાત્મા ગાંધીના મક્કમ સમર્થન પર વાત કરી હતી અને કહ્યું હતું કે ગાંધીજીએ જાહેરાત કરી હતી કે, "પેલેસ્ટીન એ જ અર્થમાં આરબોનું છે જે રીતે ઈંગ્લેન્ડ અંગ્રેજોનું છે અથવા ફ્રાન્સ ફ્રેન્ચનું છે."

ડૉ. ખાને ઈઝરાયેલ-પેલેસ્ટીન સંઘર્ષના મૂળ વિશે વાત કરી હતી જેની શરૂઆત ૧૯૪૭ની યુએન વિભાજન યોજનાથી થઈ હતી જેમાં બ્રિટિશ-શાસિત પેલેસ્ટીનને યહૂદી અને આરબ રાજ્યોમાં વિભાજીત કરવાનો પ્રસ્તાવ હતો. કેવી રીતે આરબ નેતાઓ દ્વારા આ યોજનાનો અસ્વીકાર ૧૯૪૮માં ઈઝરાયેલની રચના તરફ દોરી ગયો અને ત્યારબાદ પેલેસ્ટીનીઓનું વિસ્થાપન થયું. ૧૯૯૩ના ઓસ્લો સમજૂતીની ચર્ચા કરતા, તેમણે સમજાવ્યું કે ઈઝરાયેલના જમણેરી વિરોધ દ્વારા પેલેસ્ટીની સ્વ-નિર્ણય માટેની આશાઓ નબળી પડી હતી, જેના પરિણામે PM યિત્ઝાક રાબિનની હત્યા થઈ હતી. ગાઝામાં ચાલી રહેલી હિંસાની નિંદા કરતા, ડૉ. ખાને ૫૦,૦૦૦થી વધુ મૃત્યુઆંક, જેમાં મુખ્યત્વે સ્ત્રીઓ અને બાળકો છે, અને ૨૦૦,૦૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે તેની વાત કરી. તેમણે પેલેસ્ટીન માટે ભારતના ઐતિહાસિક સમર્થન પર ભાર મૂક્યો અને આ નરસંહાર અભિયાન દરમિયાન એકતાની પુનઃપુષ્ટિ કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

પ્રો. અચિન વિનાયકે ઈઝરાયેલને જાતિવાદ, અને નરસંહારના સિદ્ધાંતો સાથે વસાહતી, રંગભેદી રાજ્ય તરીકે દર્શાવ્યું હતું. પરંપરાગત દ્વિ-રાજ્ય ઉકેલની ટીકા કરતા, તેમણે પેલેસ્ટિનિયનો સહિત તમામ રહેવાસીઓ માટે ન્યાય અને સમાનતા સાથે એક-રાજ્ય ઉકેલની હિમાયત કરી હતી. ડૉ. SQR ઈલ્યાસે આ હિંસાની નિંદા કરી અને તેમણે આ અત્યાચારો માટે પશ્ચિમી રાષ્ટ્રો, ખાસ કરીને યુએસ અને યુરોપની ભૂમિકા પર પણ સવાલ ઉઠાવ્યા હતા. સામાજિક કાર્યકર સંદીપ પાંડે, જેમણે યુ.એસ.ની નીતિઓના વિરોધમાં તેમનો રેમન મેગ્સેસે પુરસ્કાર પરત કર્યો હતો, તેમણે આ નરસંહાર માટે ઈઝરાયેલના યુએન સભ્યપદ રદ કરવાની હાકલ કરી હતી. ખેડૂત નેતા ડૉ. સુનિલમે પેલેસ્ટીનીઓના ન્યાય માટેના તેમના સંઘર્ષને સમર્થન આપ્યું હતું. પ્રસિદ્ધ અધિકાર કાર્યકર્તા હર્ષ મંદરે હિંસામાં પશ્ચિમી સત્તાઓની સંડોવણી અને તેમના પસંદગીયુક્ત પગલાઓની ટીકા કરી હતી. આ કાર્યક્રમની અધ્યક્ષતા કરતા નેપાળના ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન ઉપેન્દ્ર યાદવે ઈઝરાયેલની ક્રિયાઓને નાઝી અત્યાચારો સાથે તુલના કરતાં આધુનિક નરસંહાર તરીકે વખોડી કાઢી હતી. તેમણે આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંસ્થાઓની નિષ્ક્રિયતાની ટીકા કરી અને તેમની માન્યતાને સમર્થન આપ્યું કે પેલેસ્ટીન પ્રતિકાર આખરે વિજય મેળવશે.

ગાઝામાં હિંસા અને વંશીય અત્યાચારનો અંત લાવવાના એકીકૃત આહ્વાન સાથે આ કાર્યક્રમનું સમાપન થયું હતું. વક્તાઓએ પેલેસ્ટીની લોકો માટે ન્યાય, સમાનતા અને સ્વ-નિર્ધારણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા માટે તેમના સંઘર્ષમાં વૈશ્વિક એકતા માટે વિનંતી કરી હતી.

# કુવૈત એરપોર્ટ પર લગભગ ૨૦ કલાકથી ફસાયેલા ભારતીય મુસાફરો માન્ચેસ્ટર જવા રવાના થયા

(એજન્સી) તા.૨

માન્ચેસ્ટર જતી ગલ્ફ એર ફલાઈટમાં કેટલાક ભારતીય મુસાફરો લગભગ ૨૦ કલાક સુધી કુવૈત એરપોર્ટ પર ફસાયા પછી સોમવારે સવારે તેમના ગંતવ્ય માટે રવાના થયા હતા. બહેરીનથી માન્ચેસ્ટર જતી ગલ્ફ એરની ફલાઈટ ટેક્નિકલ ખામીને કારણે કુવૈત તરફ વાળવામાં આવી હતી. 'ગલ્ફ એર GF૫' એ ૧ ડિસેમ્બરે સ્થાનિક સમય અનુસાર સવારે ૨:૦૫ વાગ્યે બહેરીનથી ઉડાન ભરી હતી, પરંતુ પ્લેનમાં કોઈ ખામીને કારણે તેને સવારે ૪:૦૧ વાગ્યે કુવૈતમાં લેન્ડ કરવું પડ્યું હતું. સોશિયલ મીડિયા પરની પોસ્ટ્સ અનુસાર, ઘણા મુસાફરોએ ફરિયાદ કરી હતી કે તેઓ કલાકો સુધી એરપોર્ટ પર અટવાયા હતા, જેના પગલે કુવૈતમાં ભારતીય દૂતાવાસે ગલ્ફ એરના અધિકારીઓ સાથે આ મામલો ઉઠાવ્યો હતો. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ્સની શ્રેણીમાં, દૂતાવાસે કહ્યું કે તેની ટીમ મુસાફરોની મદદ કરવા અને એરલાઈન સાથે સંકલન કરવા એરપોર્ટ પર પહોંચી ગઈ છે. મુસાફરોને એરપોર્ટ પરના બે આરામગૃહોમાં રાખવામાં આવ્યા હતા. એમ્બેસીના જણાવ્યા અનુસાર રેસ્ટ હાઉસમાં મુસાફરો માટે ભોજન અને પાણીની વ્યવસ્થા કરવામાં આવી




છે. દૂતાવાસે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'આજે સવારે ૪.૩૪ કલાકે ગલ્ફ એરની ફલાઈટ માન્ચેસ્ટર માટે ઉડાન ભરી હતી. દૂતાવાસની ટીમ રવિવારે ફલાઈટના પ્રસ્થાન સુધી ત્યાં હાજર હતી.' મદદ વિના છોડી દેવામાં આવ્યા હતા.

# ભારતીય નૌકાદળના વડા કહે છે, પાકિસ્તાન લશ્કરી તાકાત વધારવા ચીનની મદદ મેળવી રહ્યું છે, સમાજ કલ્યાણને બદલે શસ્ત્રો એકઠા કરવાનું પસંદ કર્યું

(એજન્સી) તા.૨

ભારતીય નૌકાદળના વડા એડમિરલ દિનેશ ત્રિપાઠીએ ચીન અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા દરિયાઈ લિંક વિશે મોટી વાત કહી છે. તેમણે કહ્યું છે કે ચીન પાકિસ્તાનની નૌકાદળના વિસ્તરણમાં સક્રિયપણે મદદ કરી રહ્યું છે. ચીન પાકિસ્તાનને નવી સબમરીન સપ્લાય કરી રહ્યું છે અને યુદ્ધ જહાજોના નિર્માણમાં મદદ કરી રહ્યું છે. નૌકાદળના વડાએ સોમવારે વાર્ષિક નૌકાદળ દિવસના અવસર પર પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ મુદ્દા પર ચર્ચા કરી હતી. નેવી ચીફે કહ્યું કે પાકિસ્તાન નેવીના ઘણા યુદ્ધજહાજ અને સબમરીન ચીનની મદદથી બનાવવામાં આવી રહી છે. એડમિરલ ત્રિપાઠીએ કહ્યું, 'પાકિસ્તાન નેવીના ઘણા યુદ્ધજહાજ અને સબમરીન ચીનની મદદથી બનાવવામાં આવી રહી છે, જે દર્શાવે છે કે ચીન પાકિસ્તાન નેવીને મજબૂત કરવામાં રસ ધરાવે છે.' નેવી ચીફે પાકિસ્તાન દ્વારા આઠ નવી સબમરીન વિશે વાત કરી જે ક્ષેત્રીય સુરક્ષાના સમીકરણોને બદલી શકે છે. જો કે, નેવી ચીફે આશ્વાસન આપ્યું છે કે ભારત આ અંગે સંપૂર્ણ રીતે વાકેફ છે અને તેણે તેની સંરક્ષણ વ્યૂહરચનાઓને પરિસ્થિતિને અનુરૂપ બનાવી લીધી છે. એડમિરલે કહ્યું, 'અમે અમારા પડોશીઓ તરફથી આવતા તમામ જોખમોનો સામનો કરવાની તૈયારી કરી રહ્યા છીએ.' એડમિરલ ત્રિપાઠીએ પાકિસ્તાન નેવીના ઝડપી વિસ્તરણ અંગે પણ ચર્ચા કરી હતી. તેમણે કહ્યું કે પાકિસ્તાન નૌકાદળનું લક્ષ્ય તેના કાફલાને ૫૦ જહાજો સુધી વધારવાનું છે. તેમણે આ આક્રમક યોજના પર ચિંતા વ્યક્ત કરી છે. નૌકાદળના



વડાએ કહ્યું, 'અમે પાકિસ્તાનની નૌકાદળના અભૂતપૂર્વ વિસ્તરણથી વાકેફ છીએ જેનું લક્ષ્ય ૫૦ જહાજની નૌકાદળ બનવાનું છે. તેઓ તેમના લોકોના વિકાસને બદલે શસ્ત્રોને પ્રાથમિકતા આપી રહ્યા છે,' નેવી ચીફે કહ્યું. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન એડમિરલ ત્રિપાઠીએ ભારતની પરમાણુ સબમરીન ક્ષમતા વિશે પણ માહિતી આપી હતી. તેમણે ભારતના કાફલામાં બીજી પરમાણુ સંચાલિત સબમરીન INS અરિઘાટમાંથી મિસાઈલના સફળ પરીક્ષણની પુષ્ટિ કરી. તેમણે ભારતની પ્રથમ પરમાણુ સંચાલિત બેલેસ્ટિક મિસાઈલ સબમરીન INS અરિહંતની તૈયારીઓ અંગે પણ ચર્ચા કરી હતી. દક્ષિણ ચીન સાગરમાં વધી રહેલા તણાવ અંગે એડમિરલ ત્રિપાઠીએ કહ્યું કે, ભારત આ ક્ષેત્રમાં વધી રહેલા તણાવથી ચિંતિત છે.

# ભાંગી ગયેલા અંગો, લોહીમાં લથપથ શરીર : હરિયાણાના નૂહમાં ત્રણ વર્ષની માસૂમ બાળકી પર બળાત્કાર અને હત્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

હરિયાણાના નૂહ જિલ્લામાં સાડા ત્રણ વર્ષની બાળકીનું અપહરણ કર્યા બાદ કથિત રીતે બળાત્કાર કરવામાં આવ્યો હતો અને તેની હત્યા કરવામાં આવી હતી. પોલીસે આ ગુનામાં તે જ ગામના એક યુવકની ધરપકડ કરી છે. બાળકીના પરિવારજનોએ નોંધાવેલી પોલીસ ફરિયાદ મુજબ તે ઘરે રમી રહી હતી ત્યારે ગામનો એક યુવક સાંજે ૪ વાગ્યાની આસપાસ તેને પોતાની સાથે લઈ ગયો હતો. મોડે સુધી બાળકી પરત ન આવતાં તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ બાળકીની લોહીથી લથપથ લાશ મળી આવી હતી. પરિવારની ફરિયાદમાં આરોપ છે કે છોકરી પર બળાત્કાર થયો હતો, તેના હાથ-પગ ભાંગી નાંખવામાં આવ્યા હતા અને તેનું શરીર લોહીથી લથપથ હતું. પિનાંગવા સ્ટેશનથી પોલીસે ઘટનાસ્થળે જઈને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. એક વરિષ્ઠ




પોલીસ અધિકારીએ પુષ્ટિ કરી કે પ્રારંભિક તારણો દર્શાવે છે કે બાળકી પર બળાત્કાર કરવામાં આવ્યા બાદ તેની હત્યા કરવામાં આવી હતી. આરોપીને પકડવા માટે પોલીસની ચાર ટીમો બનાવવામાં આવી હતી. પિનાંગવા સ્ટેશન હાઉસ ઓફિસર (SHO) સુભાષ ચંદે મરોરા ગામ નજીક આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાની પુષ્ટિ કરી છે. ચાંદે કહ્યું, 'અમે તેની પૂછપરછ કરી રહ્યા છીએ,'

(જાતીય શોષણ સંબંધિત કેસો અંગે સુપ્રીમ કોર્ટના નિર્દેશો મુજબ પીડિતાની ગોપનીયતાના રક્ષણ માટે તેની ઓળખ જાહેર કરવામાં આવી નથી)

વડાપ્રધાનના 'પઢાઈ ભી, પોષણ ભી' ધ્યેય અંતર્ગત રાજ્ય સરકારે નવી યોજના શરૂ કરવા લીધો નિર્ણય

# રાજ્યની ૩૨ હજાર પ્રાથમિક શાળાઓના અંદાજે ૪૧ લાખ જેટલા વિદ્યાર્થીઓને પૌષ્ટિક અલ્પાહાર અપાશે

## બાલવાટિકાથી ધો.૮ના બાળકોને મળશે લાભ : યોજના હેઠળ માનદ વેતનમાં પણ કરાયો વધારો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓના બાલવાટિકાથી ધો.૮ સુધીના વિદ્યાર્થીઓને પીએમ પોષણ યોજનામાં આપવામાં આવતા બપોરના ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' દ્વારા આપવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન મોદીએ આપેલા 'પઢાઈ ભી, પોષણ ભી'ના ધ્યેયને સાકાર કરવા સુપોષિત ગુજરાત મિશન અંતર્ગત આ 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' નામાભિધાન સાથે શરૂ થનારી આ નવી યોજના હેઠળ રાજ્યની ૩૨,૨૭૭ શાળાના અંદાજે ૪૧ લાખ વિદ્યાર્થીઓને શાળામાં શિક્ષણ કાર્ય શરૂ થાય તે પહેલાં પ્રાર્થના સમયે પૌષ્ટિક અલ્પાહાર પીરસવામાં



(પ્રતિકાત્મક તસવીર)

આવશે. રાજ્યના આદિજાતિ વિસ્તારના બાવન તાલુકા તથા બિન આદિજાતિ વિસ્તારના ૨૯ વિકાસશીલ તાલુકાની સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક શાળામાં બપોરના ભોજન ઉપરાંત દૂધ સંજીવની યોજના અન્વયે ૨૦૦ મિલિગ્રામ ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે. આવા ૮૧ તાલુકાઓની ૧૨,૫૨૨ શાળાઓમાં નોંધાયેલા ૧૫.૦૫ લાખ વિદ્યાર્થીઓને પીએમ પોષણના બપોરના ભોજન પછીની નાની રિસેસમાં આ પૌષ્ટિક અલ્પાહાર અપાશે. રાજ્યની પોષણલક્ષી યોજનાઓ વધુ સુદ્દઢ કરીને તેનો વ્યાપ વિસ્તારવા આ પૌષ્ટિક અલ્પાહાર યોજના શરૂ કરવામાં આવશે. રાજ્યમાં પીએમ પોષણ યોજના હેઠળ વિદ્યાર્થીઓને અપાતા કેલરી-પ્રોટિનયુક્ત ગુણવત્તાસભર બપોરના ભોજન ઉપરાંત આ નવી યોજનામાં સપ્તાહ દરમિયાન ખાંડેલા સીંગદાણા સહિતની સુખડી, ચણા ચાટ, મિક્સ કઠોળ તથા શ્રી અન્ન (મીલેટ)માંથી બનાવેલી ખાદ્ય સામગ્રી અલ્પાહાર સ્વરૂપે અપાશે. આ હેતુસર મટિરિયલ કોસ્ટ માટે રૂા.૪૯૩ કરોડ તથા પૌષ્ટિક અલ્પાહાર તૈયાર કરવાની વધારાની કામગીરી માટે માનદ વેતન ધારકોને ૫૦ ટકા માનદ વેતન વધારા માટે રૂા.૧૨૪ કરોડ મળીને 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' માટે સમગ્રતયા વાર્ષિક રૂા.૬૧૭ કરોડનો વધારાનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. યોજના અંતર્ગત યોજનાના માનદ વેતનધારક સંચાલકને હવે રૂા.૪૫૦૦નું માસિક માનદ વેતન, ૨૬ કે તેથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓના કૂક કમ હેલ્પરને માસિક રૂા.૩૭૫૦ તથા નાની શાળાઓ માટે વધારાના સ્ટાફ-હેલ્પરને માસિક રૂા.૧૫૦૦ માનદ વેતન આપવામાં આવશે. આ યોજનાના અમલથી સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના શિક્ષણ સહ પોષણ, આરોગ્ય અને શારીરિક સૌષ્ઠવના માપદંડો પર મોટી હકારાત્મક અસરો પડશે.

# જાણીતા ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષીને ચેક રિટર્નના બે કેસમાં કોર્ટે ફટકારેલી એક વર્ષની સજા હાઈકોર્ટે મોકૂફ રાખી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

જાણીતા ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષીને ચેક રિટર્નના બે કેસમાં નીચલી કોર્ટે ફટકારેલી એક-એક વર્ષની કેદની સજાને ગુજરાત હાઈકોર્ટે આજે વચગાળાની રાહતરૂપે મોકૂફ રાખી હતી અને વચગાળાના જામીન આપ્યા હતા. આ ઉપરાંત, સંતોષીના વોરંટ સામે પણ મનાઈ હુકમ જારી કર્યો હતો.

નીચલી કોર્ટો દ્વારા કરવામાં આવેલા આદેશો સામે કરવામાં આવેલી બે અપિલોની પ્રાથમિક સુનાવણી બાદ જસ્ટિસ એમ.આર.મેંગડેએ રાજકુમાર સંતોષીને રૂા.૧૬.૫ લાખ એક સપ્તાહમાં હાઈકોર્ટ રજિસ્ટ્રીમાં જમા કરાવવાની શરતે આ રાહત આપી હતી. આ કેસની વધુ સુનાવણી આગામી તા. ૧૩ ફેબ્રુઆરીનાં રોજ હાથ ધરવામાં આવશે. રાજકોટના



વેપારી અનિલ જેઠાણીને આપેલા ચેક રિટર્નના કેસમાં એવા આક્ષેપ કરાયા હતા કે, તેમણે ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષીને ૨૦૧૦માં રૂા.૧૭.૫ લાખ અને રૂા.૫ લાખ આપ્યા હતા અને વ્યાજ સાથે કુલ રૂા.૬૦ લાખ આપવાની સંતોષી દ્વારા બાંહેધરી આપવામાં આવી હતી. તેની સામે સંતોષી દ્વારે ચેક આપવામાં આવ્યા હતા. તે વર્ષ ૨૦૧૪માં બેંકમાં જમાં કરાવતા ફંડ નહિ હોવાથી પરત આવ્યા હતા. ત્યારબાદ જેઠાણી દ્વારા નેગોશીએબલ ઈન્સ્ટુરમેન્ટ એકટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. તમામ પક્ષકારોની સુનાવણી બાદ આ કેસમાં સ્થાનિક મેટ્રોપોલીટન કોર્ટે ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષીને એક વર્ષની સજા અને રૂા.૨૨.૫૦ લાખનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. જેની સામે નિર્માતા રાજકુમાર સંતોષીએ રાજકોટ સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જો કે, સેસન્સ કોર્ટે સજાનો હુકમ યથાવત્ રાખી તેમની અપીલ ફગાવી હતી અને વોરંટ જારી કર્યું હતું. આથી હાઈકોર્ટમાં અપીલો દાખલ કરાઈ હતી. રાજકુમાર સંતોષી તરફથી હાઈકોર્ટનું ધ્યાન દોરાયું કે, તેમણે આ કેસમાં રૂા. ૭ લાખ સેશન્સ કોર્ટમાં જમા કરાવ્યા છે અને બાકી રહેતી રકમ રૂા.૧૬.૫ લાખનો ડિમાન્ડ ડ્રાફ્ટ તૈયાર છે અને તેઓ તે જમા કરાવવા તૈયાર છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ એમ.આર.મેંગડેએ જણાવ્યું હતું કે, અરજદાર ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષી બાકી રહેતી રકમ રૂા.૧૬.૫ લાખ જમા કરાવવા તૈયાર છે ત્યારે તેમને વચગાળાની રાહત આપવી યોગ્ય જણાય છે. હાઈકોર્ટે અરજદાર ફિલ્મ નિર્માતાને રૂા.૧૬.૫ લાખ એક સપ્તાહમાં હાઈકોર્ટ રજિસ્ટ્રીમાં જમા કરાવવાની શરતે તેમની સજાને મોકૂફ રાખતી વચગાળાની રાહત આપી હતી. સાથે સાથે વોરંટ સામે પણ સ્ટે જારી કર્યો હતો.

રાજ્યભરમાં ચર્ચા જગાવનાર ચર્ચાસ્પદ ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં થયા વધુ ખુલાસા

# PMJAYનો લાભ લેવા માટે હોસ્પિટલ દ્વારા ખોટા રિપોર્ટ બતાવી મંજૂરી મેળવાતી હતી !

## દરેક એપ્રુવલ ઈમરજન્સીમાં મોકલાતી; વારંવાર આવી હરકત છતાં કોઈ તપાસ ન કરાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

રાજ્યભરમાં જગાવનાર ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં વધુ એકવાર ખુલાસો સામે આવ્યો છે. ખ્યાતિ કાંડમાં PMJAYનો લાભ લેવા દરેક એપ્રુવલ ઈમરજન્સીમાં મોકલાતી અને ખોટા રિપોર્ટ બતાવી PMJAYમાંથી મંજૂરી મેળવતા હોવાની વિગતો બહાર આવી રહી છે. આ અંગેની પ્રાપ્ત માહિતી મુજબ, મોતની સર્જરી કરતી ખ્યાતિ હોસ્પિટલ મુદ્દે હવે વધુ ખુલાસો સામે આવતાં તેમાં ખ્યાતિ હોસ્પિટલ PMJAYનો લાભ લેવા માટે દરેક એપ્રુવલ ઈમરજન્સીમાં મોકલતા હોવાનું જણવા મળેલ છે. PMJAY યોજના હેઠળ ૨૦૨૨થી અત્યાર સુધી ખ્યાતિ હોસ્પિટલમાં ૩૫૦૦થી વધુ ઓપરેશન થયા હોવાનો ખુલાસો થયો છે. PMJAY દ્વારા ૧૬ કરોડથી વધુ રકમ ખ્યાતિ હોસ્પિટલને ચૂકવવામા આવી છે. ખોટા મેડિકલ રિપોર્ટના આધારે PMJAYમાંથી મંજૂરી મેળવતા હોવાનું પણ સામે આવ્યું છે. ખ્યાતિ હોસ્પિટલ વારંવાર ઈમરજન્સીમા મંજૂરી મેળવતા હોવા છતાં આરોગ્ય વિભાગે તપાસ કેમ ન કરી ? તેવા અનેક પ્રશ્નો ઊભા થવા પામેલ છે. જોકે દર્દીઓના ઓપરેશન થયા બાદ પણ આરોગ્ય વિભાગ પાસે હોસ્પિટલમાં રહેલા દર્દીઓની સારવાર અંગે તપાસ કરવાની સત્તા હોવા છતાં નિદ્રાધીન કેમ રહી? તેવા દર્દીઓના પરિવારજનો સવાલ ઉઠાવી રહ્યા છે. PMJAYમાં ૮ કલાકમાં ૧૦૦થી વધુ દર્દીની ફાઈલને મંજૂરી આપવામા આવે છે. ડોક્ટરો માત્ર મંજૂરી આપે છે, પરંતુ તપાસ કેમ નહી કરી તેનો કોઈ જવાબ હાલ મળી રહ્યો નથી. વારંવાર મંજૂરી મેળવતા હોવા છતાં તંત્ર નિદ્રાધીન રહ્યું હોય તેવુ લાગી રહ્યું છે. સરકારી તંત્રની પણ પોલ ખોલતા આ બનાવમાં હોસ્પિટલો દ્વારા થતી આ પ્રકારની કામગીરી મુદ્દે કોઈ તપાસ સહિતની કામગીરી જ થતી ન હોવાનું અને બારોબાર રકમ ચૂકવી દેવાતી હોવાની વિગતો સૂત્રો પાસેથી પ્રાપ્ત થવા પામી છે. જો કે આ મુદ્દે ચાલતી સઘન પોલીસ તપાસમાં વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા જોવાઈ રહી છે.

પાટણનો ચર્ચાસ્પદ મામલો : બાળકીના મૃતદેહને દાદર ગામ નજીક દાટી દીધો હતો

# હોસ્પિટલની આરોપી નર્સે બાળકીના મૃતદેહને અન્ય જગ્યાએ દાટી દીધેલ હોવાની આશંકા

## નકલી ડોકટર સુરેશ ઠાકોર અને નર્સના વધુ ચાર દિવસના રિમાન્ડ મંજૂર

(સંવાદદાતા દ્વારા)

પાટણ,તા.૨

પાટણ, બનાસકાંઠા અને કચ્છની ટોળકી દ્વારા નવજાત બાળકોના વેચાણના ગોરખધંધામાં એક બાળક અને એક બાળકી મળી બે નવજાતના ભેદ ઉકેલવામાં પાટણ એસ.ઓ.જી. પોલીસને અંશતઃ સફળતા મળી છે. બાળ તસ્કરીમાં સંડોવાયેલ પાંચ આરોપીઓ હાલ પોલીસ રિમાન્ડ ઉપર છે ત્યારે વધુ આરોપીઓની ધરપકડ અને ચોંકાવનારા ઘટસ્ફોટોની શકયતાઓ સેવાઈ રહી છે. આજે મુખ્ય સૂત્રધાર મનાતા કોરડા ગામના નકલી ડોકટર સુરેશ ઠાકોર અને રાધનપુરની હોસ્પિટલની નર્સ શિલ્પા ઠાકોરના રિમાન્ડ પુર્ણ થતા વધુ રિમાન્ડની માગણી સાથે પાટણના ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં રજુ કરી પાંચ દિવસના રિમાન્ડની માગણી કરતા કોર્ટે વધુ ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પાટણના નિઃસંતાન દંપતીને દત્તકના નામે રૂા.૧.૨૦ લાખમાં નવજાત બાળકનો સોદો કરી છેતરપિંડી આચરવાના કેસમાં ઝડપાયેલ કોરડા ગામના નકલી ડો. સુરેશ ઠાકોર અને શિલ્પા ઠાકોરના આજે રિમાન્ડ પુર્ણ થતા વધુ રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરાયા હતા અને પોલીસે અલગ અલગ મુદ્દાઓ રજૂ કરી પાંચ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. જેમાં આ બંનેએ પાટણના નિરવ મોદીને બાળકના જન્મનું પ્રમાણપત્ર આપ્યું હતું તે પ્રમાણપત્રની ફિઝિકલ કોપી રાધનપુરની સાંઈકૃપા હોસ્પિટલની હતી પરંતુ હોસ્પિટલના ડોકટરની તેમાં સહી નથી છતાં રાધનપુર નગરપાલિકામાંથી જન્મનું પ્રમાણપત્ર ઈસ્યુ થયું છે. નગરપાલિકામાંથી જન્મનું આ પ્રમાણપત્ર કોના મારફતે કેવી રીતે સામેવાળી વ્યકિતને કેટલો આર્થિક લાભ આપીને મેળવ્યું છે. તે તપાસનો વિષય છે. બાળ તસ્કરીમાં અન્ય એક બાળકીનું મોત થયું છે. આ બાળકીને આ બંને આરોપીઓ સમીના દાદર ગામ નજીક બનાસ નદીના પટમાં દાટી આવ્યા હતા. પરંતુ ગઈકાલે એફએસએલ પેનલ ડોકટર, મામલતદાર સહિતની ટીમ દ્વારા બાળકીને શોધવાની કોશિશ કરી હતી. પરંતુ દાટેલ જગ્યાએથી માત્ર મીઠુ જ મળ્યું હતું. બાળકીને દાટયાના બે દિવસ બાદ શિલ્પા ઠાકોરે સ્થળે ગઈ હતી તેવું તેણે તપાસ દરમ્યાન કબુલ્યું હતું જેથી આ બાળકીને ત્યાંથી કાઢી અન્ય જગ્યાએ દાટવામાં આવી છે તેની તેમજ કચ્છના આડેસરના નકલી ડોકટર નરેશ દેસાઈ પાસેથી આ બાળકીને પાટણની નિષ્ઠા હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવી હતી અને એક દિવસ રાખી રાધનપુર લઈ જવામાં આવી હતી જ્યાં રસ્તામાં તેનું મોત થયું હતું તેમજ આ બાળકી પાટણમાં કોને આપવાની હતી અને કેટલા રૂપિયામાં વેચવાની હતી...!! તે દિશામાં તપાસ કરવાની બાકી છે તેવી સરકારી વકીલે દલીલો કરી પાંચ દિવસના રિમાન્ડની માગણી કરતા કોર્ટે કોરડાના નકલી ડોકટર સુરેશ ઠાકોર અને રાધનપુરની નર્સ શિલ્પા ઠાકોરના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે બાળક તસ્કરીના આ ગોરખધંધામાં સંડોવાયેલ અન્ય ત્રણ આરોપીઓ બનાસકાંઠા જિલ્લાના થરાનો રૂપસિંહ ઠાકોર, કચ્છના આડેસરમાં હોસ્પિટલ ચલાવતો નકલી ડોકટર નરેશ દેસાઈ અને રાધનપુરનો ધીરેન્દ્ર ઠાકોર પણ હાલ પોલીસ રિમાન્ડ ઉપર છે.

### બાળ તસ્કરીના રેકેટ મામલે આરોગ્ય તંત્ર ઊંઘતું ઝડપાયું

પાટણ જિલ્લાના કોરડા અને કચ્છ જિલ્લાના આડેસર ખાતે હોસ્પિટલો ચલાવતા ઝડપાયેલા નકલી ડોક્ટર સુરેશ ઠાકોર અને નરેશ દેસાઈના બાળ તસ્કરીના રેકેટમાં આરોગ્ય તંત્ર ઊંઘતું ઝડપાયું છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાં ચાલતી આવી હોસ્પિટલોની તપાસ કરવી જોઈએ. પાટણના નિઃસંતાન દંપતિ સાથે થયેલ છેતરપિંડીના કારણે ફરિયાદ નોંધાતા આ સમગ્ર પ્રકરણ બહાર આવ્યું છે. પરંતુ આવા નકલી ડોક્ટરો દ્વારા હોસ્પિટલો ઊભી કરી આવા ગોરખધંધાઓ ચલાવવામાં આવતા હોવાની આ બંને નકલી ડોક્ટરોએ પ્રતિતિ કરાવી હોવાનું લોકો કહી રહ્યા છે ત્યારે અરોગ્ય વિભાગ કડક હાથે કામ લઈ આવા દૂષણને ડામે તેવો જનમત પ્રવર્તી રહ્યો છે.

### નકલી ડોક્ટરને અપાયેલ નવજાત બાળકીના માતા-પિતા કોણ ?

પાટણના નિઃસંતાન દંપતીને રૂા.૧.૨૦ લાખમાં વેચવામાં આવેલું બાળક બનાસકાંઠાના થરાના રૂપસિંહ ઠાકોરે આપતા અને હાલ આ બાળક પાલનપુરના શિશુ બાળગૃહમાં હોવાનો ભેદ ખૂલ્યા બાદ ડીએનએ ટેસ્ટ બાદ માતા-પિતાની ઓળખ સ્પષ્ટ થશે પરંતુ કચ્છના આડેસર ખાતે ક્લિનિક ધરાવતા નકલી ડોક્ટર નરેશ દેસાઈ દ્વારા વેચાણ અર્થે નકલી ડોક્ટર સુરેશ ઠાકોર અને શિલ્પા ઠાકોરને અપાયેલ આ મૃત નવજાત બાળકીના માતા-પિતા કોણ ? કે પછી કોઈએ પોતાનું પાપ છૂપાવવા આડેસરની આ હોસ્પિટલમાં પ્રસૂતિ કરાવી બાળકીથી છૂટકારો મેળવ્યો હતો. જો આ સત્ય હોય તો આવી નિષ્ઠુર માતાને શોધી તેની સામે પણ કાર્યવાહી કરવી જોઈએ ? તેમજ આ ટોળકી દ્વારા અન્ય નવજાત બાળકોની સોદાબાજી કરવામાં આવી છે કે નહીં ? તે દિશામાં ઝડપી અને કડક કાર્યવાહી કરી બાળ તસ્કરીના રેકેટનો પર્દાફાશ કરવો જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

રાજ્યમાં આખરે શંકરસિંહ બાપુએ ત્રીજીવાર નવા પક્ષની કરી જાહેરાત

# ભાજપ-કોંગ્રેસના વિકલ્પ તરીકે પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટીની રચના : દાંતાના રાજવી બન્યા પ્રમુખ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની આગેવાનીમાં શરૂ કરવામાં આવેલી પ્રજા શકિત ડેમોક્રેટિક પાર્ટીના નવા પ્રમુખ તરીકે બનાસકાંઠાના દાંતા સ્ટેટના રાજવી રિદ્ધિરાજસિંહ પરમારની આજે જાહેરાત કરવામાં આવી છે. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, હું પાર્ટીમાં જોડાયેલો રહીશ. નવા પ્રમુખની જાહેરાત કરવામાં આવી છે અને ૨૨ ડિસેમ્બરના રોજ અડાલજ ખાતે મોટુ સંમેલન અને પાર્ટી કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવશે. ગુજરાત રાજ્યમાં કાયદો વ્યવસ્થાથી લઈને કથળેલી પરિસ્થિતિ અને કોંગ્રેસની સુષુપ્તાને લઈને જ્યારે શંકરસિંહને પ્રશ્ન કરવામાં આવ્યો હતો ત્યારે તેમણે કોઇ જવાબ ન આવી આપણે પછી મળીશું તેમ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, શંકરસિંહ વાઘેલાએ પોતાની ૬૦ વર્ષની રાજકીય સફરમાં ત્રીજીવાર પાર્ટી બનાવી છે. જેમાં ૧૯૯૬માં રાષ્ટ્રીય જનતા પાર્ટી, ૨૦૧૭માં જનવિકલ્પ મોરચો અને હવે પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીની સ્થાપના કરી છે. પ્રજા શકિત ડેમોક્રેટિક પાર્ટીના નવા પ્રમુખ તરીકે સંસ્થાપક પ્રમુખ ડો. રાજેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, હું કોંગ્રેસમાંથી વર્ષ ૧૯૮૮માં વડોદરા શહેરના પૂર્વ મેયર રહી ચૂક્યો છું. શંકરસિંહ વાઘેલા મુખ્યમંત્રી હતાં ત્યારે હું વુડાનો ચેરમેન હતો. બાપુ લોકશાહીમાં પ્રજા મુખ્ય ભાગ ભજવે છે. કોંગ્રેસનાં ધારાસભ્યો જે પાર્ટી છોડી પ્રજાને પૂછ્યા વિના પાર્ટીને બદલી દે છે, જેમાં સામાજિક અને રાજકીય પ્રશ્નો આવે છે ગુજરાતના પ્રાણ પ્રશ્નોને વાચા આપવા માટે

### ખેડૂતો અને યુવાનોના પ્રશ્નો મુદ્દે પાર્ટી બનાવી; પક્ષ સાથે જોડાયેલો રહીશ : શંકરસિંહ

પ્રજા શક્તિ પાર્ટીની જાહેરાત કરી છે. ખેડૂતો તરફ સરકારનું કોઈ જ ધ્યાન નથી. ખેડૂતો અને યુવાઓ માટે આ પાર્ટી ઊભી થઈ રહી છે. SC-ST વિદ્યાર્થીઓના પ્રશ્નો માટે પ્રજા શક્તિ પાર્ટી કામ કરશે. પ્રજા શકિત ડેમોક્રેટિક પાર્ટી પ્રજાના પ્રશ્નોમાં રસ લઈ અને ૨૨-૧૧-૨૦૨૪ના રોજ બાપુના બંગલે રાજ્યના વડીલો કેટલાક સંસ્થાઓને બોલાવી મીટીંગ કરી હતી. અગાઉ બાપુ રાધનપુરમાં ચૂંટણી લડતાં હતા ત્યારે પ્રજા એ જ હાઈકમાન્ડ છે એવો નારો હતો. બાદમાં તેઓ મોટા મર્જીનથી ચૂંટણી જીત્યા હતા. પ્રજાના ખર્ચે મોટાં હોર્ડિંગ લગાવી અને સરકાર જે દર્શાવે છે. પ્રજાનું ધ્યાન બીજી તરફ દોરાય છે. બાપુના સમર્થનથી આ પાર્ટી ઊભી કરવામાં આવી છે. પ્રજા શકિત ડેમોક્રેટિક પાર્ટીના નવા પ્રમુખ તરીકે દાંતા સ્ટેટના રાજવી રિદ્ધિરાજસિંહ પરમારને નિયુક્ત કરવામાં આવ્યા છે. નવનિયુક્ત પ્રમુખ રિદ્ધિરાજસિંહ પરમારે જણાવ્યું હતું કે, આજે પાર્ટીના નવા અધ્યક્ષ તરીકે મારી નિમણૂક કરવામાં આવી છે. શંકરસિંહ બાપુ અને પાર્ટીના વડીલોના માર્ગદર્શન હેઠળ હવે કામગીરી કરીશું. આગામી તમામ હોદ્દેદારોની નિમણૂકથી લઈને કાર્યક્રમો અંગે ૨૨ ડિસેમ્બરના રોજ પાર્ટીના કાર્યાલયના ઉદ્ઘાટનના દિવસે જાહેરાત કરવામાં આવશે.

# શિક્ષણ બોર્ડની પરીક્ષા માટે અત્યાર સુધી ૧૩.૭૫ લાખ ફોર્મ ભરાયા

## હજુ ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલુ હોવાથી આગામી દિવસોમાં આંકડો વધવાની શક્યતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા માટે હાલમાં ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલી રહી છે. જેમાં અત્યાર સુધી ૧૩.૭૫ લાખ જેટલા વિદ્યાર્થીઓના ફોર્મ ભરાઈ ચુક્યા હોવાની વિગતો સામે આવી છે. જોકે, હજુ ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલી રહી હોવાથી આંકડો વધશે. ગતવર્ષે ૧૫.૩૯ લાખ જેટલા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં નોંધાયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટે હાલમાં ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલી રહી છે. જેમાં રેગ્યુલર ફી સાથે ફોર્મ સ્વીકારવાની મુદત પુર્ણ થયા બાદ લેઈટ ફી સાથે ત્રણ તબક્કામાં ફોર્મ સ્વીકારવાનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલુ છે ત્યારે અત્યાર સુધીમાં બોર્ડની પરીક્ષા માટે ૧૩.૭૫ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાઈ ચુક્યા હોવાનું સામે આવ્યું છે. ધોરણ-૧૦ માટેના ફોર્મ ૨૨ ડિસેમ્બર સુધી સ્વીકારવામાં આવનાર છે, જયારે ધોરણ-૧૨ સાયન્સના ફોર્મ પણ ૨૨ ડિસેમ્બર સુધી સ્વીકારાશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૨૪ ડિસેમ્બર સુધી સ્વીકારવામાં આવશે. બોર્ડની પરીક્ષા માટે અત્યાર સુધી કુલ ૧૩૭૫૬૨૫ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા છે. જેમાં ધોરણ-૧૦ની પરીક્ષા માટે ૮૬૫૩૯૬ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા છે. જયારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે ૪૦૦૪૯ વિદ્યાર્થીઓના ફોર્મ સ્વીકારવામાં આવ્યા છે. આ ઉપરાંત ધોરણ-૧૨ સાયન્સમાં ૧૦૯૭૮૦ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા છે. માર્ચ-૨૦૨૪ની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૧૫.૩૯ લાખ જેટલા વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા હતા. જેમાં ધોરણ-૧૦ માટે ૯૧૭૬૮૭ ફોર્મ ભરાયા હતા. જયારે ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા માટે ૧૩૧૯૮૭ ફોર્મ ભરાયા હતા. આ ઉપરાંત ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે ૪૮૯૨૭૯ ફોર્મ ભરાયા હતા. આમ, કુલ ૧૫૩૮૯૫૩ જેટલા વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા હતા. જોકે, ગત પરીક્ષાની સરખામણીમાં હજુ આ વખતે ૧૬૩૩૨૮ જેટલા ફોર્મ ઓછા ભરાયા છે, પરંતુ હજુ ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલી રહી હોવાથી આગામી દિવસોમાં વધુ સંખ્યામાં ફોર્મ ભરાયા બાદ આંકડો વધશે.

મૃતદેહને લઈને શ્વાન આંટા મારતો દેખાયો

# મહેસાણામાં નવજાત શિશુને શ્વાન અડધું ખાઈ ગયો !

## કોઈ અજાણી વ્યક્તિએ બાળકને ત્યજી દીધું હતું કે દાટી દીધેલું તે અંગે તપાસ જરૂરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

રાજ્યમાં બાળકો પણ સુરક્ષિત ન હોય તેવી વિવિધ ઘટનાઓ સામે આવી રહી છે. પાટણ જિલ્લાના રાધનપુરમાં બાળક વેચવાના કૌભાંડમાં નકલી ડોક્ટરે દાટી દીધેલી મૃત બાળકીને પોલીસ શોધી રહી છે. એવામાં હવે મહેસાણાના વિજાપુર તાલુકાના સરદારપુરામાં ત્યજી દીધેલ નવજાત શિશુને શ્વાન અડધું ખાઈ ગયાની ઘટના બની છે. આ સમગ્ર ઘટનાથી પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ત્યારે લોકો બાળકનો મૃતદેહ જોઈને રોષે ભરાયા છે. ત્યારે કેટલાક સવાલો ઊભા થઈ રહ્યા છે કે કોણે આ મૃતદેહને ત્યજી દીધું હશે. લોકોએ આ શિશુના મૃતદેહને શ્વાનના મોંઢામાંથી છોડાવ્યો હતો અને સમગ્ર ઘટના મામલે તપાસ કરવાની માંગ કરી હતી. પાટણ જિલ્લાના રાધનપુરમાં બાળક વેચવાના કૌભાંડમાં નકલી ડોક્ટરે દાટી દીધેલી મૃત બાળકીને પોલીસ શોધી રહી છે, એવામાં હવે મહેસાણાના વિજાપુર તાલુકાના સરદારપુરામાં ત્યજી દીધેલા નવજાત શિશુના મૃતદેહને શ્વાન મોંઢામાં લઈને ફરી રહ્યો હતો. વિજાપુર તાલુકાના સરદારપુરા ગામમાં ગેરેજની દુકાન પાસેથી એક શ્વાન તેના મોઢામાં નવજાત શિશુના મૃતદેહને લઈને આંટા મારતો દેખાયો હતો. આસપાસના લોકોને જાણ થતા શ્વાનના મોઢામાંથી શિશુના મૃતદેહને છોડાવ્યો હતો. આ શિશુનો મૃતદેહ એટલી હદે વિકૃત થઈ ગયો હતો કે જોનાર કોઈપણને આંચકો લાગે. શ્વાન આ શિશુના મૃતદેહને અડધો ખાઈ ગયો હતો. આ બાળકને કોઈ નિષ્ઠુર માતાએ ત્યજી દીધું છે કે આ શ્વાન કોઈ મૃત નવજાત શિશુને દાટી દીધું હતું ત્યાંથી ખોદીને લાવ્યો છે એ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS